મહરે મૂનીર.

જેની અંદર

હઝરતે રસુલેખુદા મોહમ્મદ મુસ્તફાસલ્લા ૪૫ મોઅજીઝાછે.

છપાવી પ્રગટ કરનાર

હાજી ગુલામઅલી હાજી ઇસમાઈલ

અધિપતી રાહેનજાત અને નુરેઈમાન

તફસીર, તોહફતુલઝુરરાઅમીન, દુરરેબેગરા વીગેરે ના કર્તા.

અહમદઆબાદ-ઠે૦ પાંચપટી.

કીંમત પાંચ આના પોસ્ટેજ અરબીઆનો આફ્રીકા એક આનો.

તા૦ ૧ લી માહે સફર સન ૧૩૨૩ હી૦

સને ૧૯૦૫ ઇસવી, સંવત ૧૯૬૧ વી૦

ફક્ત ૯૮ નકલ છાપી છે.

ઇસ્ના અશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

નવી કીતાબ ! નવી કીતાબ !!

કસસુલ અંબીયા.

આ કીતાબમાં ઇ૦ હઝરત આદમ અ૦ થી હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ સુધીના જે પેગમ્બરોના અહવાલ હયાતુલ કોલુબમાંછે તે તમામનો ઇન્તેખાબ કરીને અહવાલ આપવા ઉપરાંત તવારીખની બીજી કીતાબોમાંથી બીજા પયગમબરોનો અહવાલ લખીશું કે એ પયગમબરોનાં નામ પણ આપણામાંથી ઘણેભાગે સાંભળ્યા નથી, હા-કોઈ કોઇ અરબી ફારસી પડેલા સાહેબની નજરેથી ગુજર્યા હશે તેમજ કોઇએ સાભળ્યા હશે તે જુદીવાતછે.

અને કેટલાક પયગમબરો ઉપર જે તોહમત મુકાએલા છે અને તેઓની શાનની લાયક નથી એવી બાબતો મશહુર છે તેનો ઉમદા રીતથી રદ પણ ઇ૦ લખવામાં આવશે.

એ કીતાબનાં મોટા ટાઇપ તફસીર જેવા ઇ૦ વાપરીશું તેનું કદ અહસનુલ્કીસા જેવડું પણ પેજ ઇ૦ ૫૦૦ થશે તેની કીંમત રૂ૩ પોસ્ટેજ ૦। આફ્રીકાનો ૦॥

ઇ૦ ૨૫૦ ગ્રાહક થશે તો કીતાબ લખવી અને છાપવી શરૂ કરીશું.

ઝાદુલ આખેરત ભેટ ન લેવી હોય { **હદીકેએ શહાદત.** } તો રૂ૦॥ ઓછા લેવામાં આવશે.

ઉંચા કાગળની એક નકલ લેનારને ઝાદુલ આખેરત અનામ ખરચે ભેટ મોકલીશુ

એ કીતાબના બે ભાગ છે ૪૦ મજલીસછે પહેલા ભાગમાં ૧૪ મજલીસ છે તેમાં પંજેતને પાક અને બાકીના ઇમામો મળી ૧૪ માઅસુમ અ૦ નો તરતીબ-વાર ફઝાએલ વીલાદત શહાદત વી૦ નો અહવાલ છે.

બીજા ભાગમાં ૨૬ મજલીસ છે તેમાં ઇમામે હુસયન અ૦ હઝરતે અબ્બાસ, જનાબે કાસીમ, જનાબે અલી અકબર, જનાબે અલી અસગર, જનાબે મુસલીમઅ૦ તથા તેઓના ફરઝંદો અને જનાબે હુર વી૦ વી૦ ની શહાદતનો અહવાલ છે. કીંમત ઉંચા કાગળ વાળીના રૂ૨॥ પોસ્ટેજ અઢીઆના આફ્રીકા વી૦ વગાના પાંચ આના, અને હલકા કાગળ વાળીનો રૂ૧॥ પોસ્ટેજ ઉપર મુજબ.

ઉરદુ વાંચી જાણનાર માટે.

તસવીરો સાથે નુરેઈમાન.

જેમાં મઝહબી કલ્પીત સવાલ જવાબ— શીઆહ મઝહબ પાળનાર "અલી રઝા" અને સુન્નત જમાતનો મઝહબ પાળનાર "મોહીયુદ્દીન" નામના બે કાલેજમાં સીખતા છોકરાઓનો વાદવીવાદ લખેલ છે, છેવટે મોહીયુદ્દીને અલીરઝાનો મઝહબ કબુલ કર્યોછે એ કીતાબમાં ૩૩૬ મોટાં પેજ કાગળ જાડા અને સફા અને હરફ પણ મોટાછે, તેમાં ઘણે ઠેકાણે એ... ની તેમજ મસજીદ અને બીજા મકાનોની ... મવકે તસવીરો આપેલી છે, કીમત પોસ્ટેજ સુધા રૂ૧॥ આફ્રીકાનો રૂ૧॥= મરજી પડે તે મંગાવે.

નૂરૂલ ઓયૂન.

જેની અંદર યાસીન, અર્રહમીન, તબારકલ્લઝી, મુઝમ્મેલ, ઇન્ના અન્ઝલના, કુલહો વલ્લાહ, અને અલહમ્દ મળી સાત સુરા અરબી તથા પાછળ ગુજરાતી મોટા ટાઈપમાં અને ગુજરાતી તરજુમા સાથે છે, અને દીબાચામાં એ સાતે સુરાનો ટુંક ટુંક સવાબ પણ લખ્યો છે, અને નમુના તરીકે બીસમીલ્લાહની ટુંક તફસીરપણ લખી છે. પોસ્ટેજ સુધા ૦॥= આફ્રીકા રૂ. ૦॥

મેહરે મોનીર.

યાને

પ્રકાશીત કરનાર સુર્ય.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ.

ખુદાએ તઆલાની બેહદ તારીફ અને જનાબે અહલેબૈતે અતહાર અ૦ ઉપર બેશુમાર સલવાતની બાદ ખાકસાર ઉમ્મેદવારે રહેમતે ગફફાર હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ અરજ કરે છે કે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ ના મોઅજીઝાની આનાની એવી કીતાબ લખી મેહરે મોનીર નામ રાખ્યું, પરવરદીગારે આલમ કબુલ કરી બીરાદરોના દીલને નુરાની અને પ્રકાશીત કરે.

મોઅજીઝો ૧—લો.

હઝરતે ઇમામે હસને અસ્કરી અ૦ ની તફસીરમાં મઝકુર છે કે લોકોએ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ને પુછ્યું કે શું હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ નો કોઈ મોઅજીઝો હઝરતે મુસા અ૦ ના મોઅજીઝા જેવો હતો? જેવો કે જે લોકોએ તવરેત કબુલ ન કીધી હતી તેઓના માથાઓ ઉપર હઝરતે મુસા અ૦ પહાડ ઉંચો કર્યો હતો. હઝરતે અલી અ૦ ફરમાવ્યું કે એ ખુદાની કસમ કે જેણે હઝરતે મોહમ્મદ સ૦ ને સત્યતા સાથે પયગમ્બર કીધા છે, કે પરવરદિગારે હઝરતે આદમ અ૦ થી તે આપણા છેલ્લા પયગમ્બર મોહમ્મદ સ૦ સુધી કોઇ પયગમ્બરને એવો મોઅજીઝો આપ્યો નથી કે તેના જેવો અથવા તે કરતાં વધારે સારો હઝરતે મોહમ્મદ સ૦ ને આપ્યો ન હોય. અલબત્તા ખરેખર જે મોઅજીઝા જેવો મોઅજીઝો ચાહો છે તે મોઅજીઝા ઉપરાંત ખુદાએતઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને બેશુમાર અને અનહદ મોઅજીઝા આપેલા છે, અને તે એવી રીતે છે કે જ્યારે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ મક્કામાં દીનેહક જાહેર કીધો ત્યારે અરબના સઘળાં લોકો હઝરતના દુશ્મન બની ગયાં, અને તેઓ દરેક રીતે મકર અને ફરેબથી હઝરતને હલાક કરવા ચાહતા હતા.

અને હું એ શખ્સ છું કે હઝરત ઉપર સર્વથી પહેલે ઇમાન લાવ્યો છું. હઝરતે રસુલે ખુદા સ૦ સોમવારે જાહેર થયા હતા અને હું મંગળવારે તેઓ સાથે નમાઝ પડયો હતો અને એવી રીતે સાત વર્ષ સુધી હું એકલો હઝરતની સાથે નમાઝ પડતો રહયો પછી કેટલાક માણસો ઇસ્લામમાં દાખલ થયાં, ત્યાર બાદ હકતઆલાએ પોતાના દીનને મજબુત કીધું.

બીજા લોકો ઇમાન લાવ્યા તેની એક દીવસ પહેલાં હું હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં હાજર થયો, એટલામાં મુશરીકોનું એક ટોળું હઝરતની ખિદમતમાં આવ્યું અને કહ્યું કે હે! મોહમ્મદ સ૦ તમે ખુદાના રસુલ હોવાનો દાવો કરો છો અને એટલા ઉપર સંતોષ ન માનતા કહો છો કે હું થઇ ગએલા

સઘળા પયગમ્બરોનો સરદાર અને તેઓ કરતાં શ્રેષ્ટ છું તો અમો થઇ ગએલા પયગમ્બરોના મોઅજીઝા જેવા કેટલાક મોઅજીઝા ચાહીયે છીએ માટે બતાવો, ત્યારબાદ તેઓ ચાર ટોળા થઇગયા.

એક ટોળાએ કહ્યું અમો હઝરતે નુહ અ૦ ના મોઅજીઝા જેવો મોઅજીઝો ચાહીયે છીએ, કે તેઓએ પોતાની (બેઇમાન) કોમને બોળી મારી અને પોતે મોઅમેનો સહીત કસ્તી ઉપર રહી નજાત પામ્યા. બીજા ટોળાએ કહ્યું અમારા માટે હઝરતે મુસા અ૦ની આયત જેવી કોઈ આયત (નીશાની) અને મોઅજીઝા જેવો કોઇ મોઅજીઝો જાહેર કરો કે તેઓએ પોતાના અસહાબોના માથાઓ ઉપર પહાડને એટલે સુધી ઉંચો કરી રાખ્યો હતો કે તેઓએ તેઓની તાબેદારી કબુલ કીધી. ત્રીજા ટોળાએ કહ્યું અમોને હઝરતે ઈબરાહીમ અ૦ ના મોઅજીઝા જેવો કોઇ મોઅજીઝો દેખાડો કે તેઓને અગ્નીમાં નાંખ્યા ત્યારે તેઓ માટે અગ્ની ઠંડી થઇ ગઇ. ચોથા ટોળાએ કહ્યું અમોને હઝરતે ઇસા અ૦ના મોઅજીઝા જેવો કોઇ મોઅજીઝો દેખાડો કે તેઓ લોકોને એ ચીઝોની ખબર આપતા હતા કે જેને લોકો ખાતા હતા અને પોતાના ઘરમાં સંગ્રહ કરી રાખતા હતા. હઝરતે રસુલેખુદાસ૦ ફરમાવ્યું હું તમારા માટે એક ડરાવનારો અને મોઅજીઝા દેખાડનારો પયગમ્બર છું અને મ્હારો એક જાહેર મોઅજીઝો કે જે કુરઆન છે તે હું લાવ્યો છું, અને તે કુરઆનના જવાબથી તમો અને સઘળાં અરબ અને તમામ ઉમ્મતો આજીઝ છો તો તમારા માટે બસ એજ કુરઆન ખુદા અને તેના રસુલની હુજ્જત છે, તો મને સઝાવાર નથી કે હું તેની દરગાહમાં આયાતો અને મોઅજીઝાઓનો સવાલ કરવાની હીમ્મત કરૂં, અને મ્હારા ઉપર ખુદાનો હુકમ પહોંચાડ્યાં વિના બીજી કોઈ બાબત વાજીબ અને લાઝીમ નથી, અને હુજ્જત તમામ થવા અને મ્હારી હકીકત (ખરાપણું) જાહેર થવા બાદ અગર હું કોઇ આયત અને મોઅજીઝો તેની દરગાહથી માગું અને તમો ઇમાન ન લાવો તો એ બાબત તમારા ઉપર અઝાબ નાઝીલ થવાનું કારણ થશે.

એટલામાં જનાબે જીબરઇલ અ૦ નાઝિલ થયા અને કહ્યું કે અએ મોહમ્મદસ૦ ખુદાવદે તઆલા આપને સલામ બાદ ફરમાવે છે કે એ લોકો જે મોઅજીઝા અને આયાતો ચાહે છે તેને હું તેઓ માટે ઘણી જલ્દીથી જાહેર કરીશ પણ તે જોવાની બાઅદ તેઓમાંના અમુક શખ્સ શીવાય ઈમાન લાવશે નહીં અને કાફર રહેશે, અને હવે એ ચીજોને કે જે તેઓ ચાહે છે તે વધારે હુજ્જત તમામ કરવા માટે બતાવું છું.

તો જે લોકોએ હઝરતે નુહ અ૦ નો મોઅજીઝો માંગ્યો છે તેઓને કહો કે "અબુ કોબેસ" પર્વત તરફ જાઓ, અને જ્યારે તમો તેની નીચે પહોંચશો ત્યારે હઝરતે નુહ અ૦ની આયતો જાશો, અને જ્યારે હલાક થવાની નજીક પહોંચો ત્યારે હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ અ૦ અને તેઓના હુસન અને હુસયન અ૦ બે ફરઝંદો કે જેઓ પૈદા થનાર છે તેઓનો વાસ્તો આપજો કે તેથી નજાત પામશો.

અને જે લોકોએ હઝરતે ઇબરાહીમ અ૦ નો મોઅજીઝો માંગ્યો છે તેઓને કહો કે મક્કાના મૈદાનમાં જે તરફ ચાહો તે તરફ જાઓ, ત્યાં તમો હઝરતે ઇબરાહીમ અ૦ ની આગ જોશો, પણ જ્યારે તે અગ્ની તમારી ચોતરફ વીંટળાઇ વળે ત્યારે તમો હવા ઉપર એક ઓરતને જોશો કે તેની બન્ને બાજુએ તેનો મકનો લટકતો હશે તો તેનો વાસ્તો આપી નજાત ચાહજો તો બચી જશો.

અને જે લોકોએ હઝરતે મુસા અ૦નો મોઅજીઝો માંગ્યો છે તેઓને કહો કે તમો કઅબાની પાસે જાઓ કે ત્યાં તમોને હઝરતે મુસા અ૦ ની નીશાનીયો દેખાશે અને ત્યાં તમોને હઝરતે હમઝા નજાત આપશે. અને

ચોથું ટોળું કે જેનો સરદાર અબુજેહલ છે તેને કહો કે મ્હારી પાસે બેસો અને એ મોઅજીઝાઓની ખબર સાંભળો અને ત્યાર પછી તમોએ જે કાંઇ માંગ્યુંછે તે તમોને દેખાડીશ.

જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ખુદાનો હુકમ તેઓ આગળ બયાન કીધો ત્યારે અબુજેહલ મુનાફિકે તે ત્રણે ટોળાઓને કહ્યું કે જે જગ્યાએ હઝરતે મોહમ્મદ સ૦ બતાવી ત્યાં જુદા જુદા થઈ જાઓ કે તેનું જુઠ જાહેર થઈ જાય.

પહેલું ટોળું "અબુકોએસ" પર્વતની પાસે ગયું કે તરત જ તેઓના કદમો નીચેથી પાણીના ચશ્મા જોશભર ઉછળવા શરૂ થયાં અને તેઓના માથા ઉપરથી વાંદળાં વિના પાણી વરસવું શરૂ થયુ અને થોડીવારમાં તેઓના મોંહ સુધી પાણી પહોંચી ગયું. આથી આ લોકો પહાડ ઉપર દોડયા, પણ જેમ જેમ પહાડ ઉપર ચઢતા હતા તેમ તેમ પાણી વધતું જતું હતુ. એટલે સુધી કે તેઓ પહાડની ટોચ ઉપર પહોંચ્યા અને ત્યા પણ તેઓના મોંહ સુધી પાણી પહોંચ્યું, અને જેને પોતાના ગરક થવાનું યકીન થયું તેણે જોયું કે હઝરતે અલી અ૦ પણી ઉપર ઉભાં છે અને તેઓની જમણી ડાબી બાજુએ બે છોકરાઓ ઉભા છે, પછી હઝરતે અલી અ૦ તેઓને નિદા આપી કે અએ લોકો મ્હારો હાથ અથવા આ બે છોકરાઓમાંથી કોઇનો પણ હાથ પકડી લીયો કે નજાત પામો, તે વખતે કોઇએ હઝરતે અલી અ૦ નો અને કોઇએ એક સાહેબઝાદાનો એને કોઇએ બીજા સાહેબઝાદાનો હાથ પકડી લીધો, અને પહાડ ઉપરથી નીચે ઉતર્યા, ત્યાર બાદ તે પાણી પણ ઓછું થવા લાગ્યું કેટલુંક જમીન ચુસી ગઈ અને કેટલુંક પાણી પાછું આકાશ ઉપર ચાલ્યુ ગયું. જ્યારે પહાડની નીચે પહોંચ્યા ત્યારે જરાએ પાણી બાકી ન હતું. પછી હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ તે લોકોની સાથે હઝરતે રસુલે ખુદા સ૦ ની ખિદમતમાં આવ્યાં, તે લોકો રડતા હતા અને કહેતા હતા કે અમો ગવાહી આપીયે છીયે કે આપ બેશક સરવે પયગમ્બરોના સરદાર અને સરવે સૃષ્ટી કરતાં ઉત્તમ અને શ્રેષ્ઠ છો, અમોએ હઝરતે નુહ અ૦ ના તોફાન જેવું તોફાન નજરો નજર જોયું, અને અમોને હઝરતે અલી અ૦ અને તેઓના બે ફરઝંદો જે તેઓની સાથે હતા તેઓએ નજાત આપી, અને હવે અમો એ બે સાહેબઝાદાઓને જોતાં નથી. હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું તે બન્ને જણ મ્હારા ભાઇ અલીઅ૦ થી પૈદા થશે તેઓના નામ હુસન અને હુસયન અ૦ છે, અને તે બન્ને બેહિસ્તના જવાનોમાં બેહતર છે પણ તેઓનો બાપ તેઓથી બેહતર છે, અને જાણો અને ખબરદાર થાઓ કે આ દુન્યા એક ઉંડા દરિયા સમાન છે કે જેમાં અસંખ્ય ટોળાઓ ડુબી મર્યા છે અને તેમાંથી નજાત પામવાની કસ્તી આલે મોહમ્મદ સ૦ છે એટલે તે કસ્તી હઝરતે અલી અ૦ અને તેઓના બે ફરઝંદ જનાબે હસન અને હુસયન અ૦ છે કે જેઓને તમો જોઈ ચુકયા છો અને તેઓ પછી મ્હારી અહલેબૈતમાંના ઇમામો છે.

તો જે કોઇ તે કસ્તીમાં સવાર થશે તે નજાત પામશે, અને જે કોઇ તેનાથી મોંહ ફેરવશે તે ડુબી મરશે, અને એવી રીતે આખેરતમાં પણ જહન્નમની આગ અને જહન્નમનું ઉકળતું પાણી દરયાની જેમ છે અને એજ લોકો મ્હારી ઉમ્મત માટે કસ્તી છે એટલે એજ લોકો પોતાના શીઆઓને જહન્નમથી નજાત આપે છે અને બેહિસ્તમાં પહોંચાડે છે. પછી હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું અએ અબુજેહલ આ લોકો જે કાંઇ કહે છે તે તેં સાંભળ્યું ? તેણે કહ્યું હા, પણ હજુ જોઉં છું કે બીજું ટોળું શુ કહે છે !!!

મોઅજીઝો ૨—જો.

એટલામાં બીજું ટોળું રોતું રોતું આવી પહોંચ્યું અને તેણે કહ્યું કે અમો ગવાહી આપીયે છીયે કે આપ પરવરદીગારે આલમના રસુલ અને સઘળી મખલુકાત કરતાં બેહતર છો, અમો અહીંયાથી એક સપાટ મૈદાન તરફ ગયા. અને આપે જે કાંઇ ફરમાવ્યું હતું તેનો ઝીકર અમો કરી રહ્યા હતા એટલામાં એકાએક અમોએ જોયું કે આસમાન ફાટી ગયું અને તેમાંથી આગના કટકા વરસવા શરૂ થયાં, અને પછી જમીન ફાટી ગઇ અને તેમાંથી આગના ભડકે ભડકા નીકળવા લાગ્યાં અને તે આગ એટલી તો વધી પડી કે સઘળી જમીનને ઘેરી લીધી, ત્યાર બાદ તે આગે અમારામાં અસર કર્યો અને તેની સખત ગરમી અને આંચથી અમારા શરીર ઉકળવા લાગ્યાં અને અમો સરવેને યકીન થયું કે અમો હવે બળીને ખાક થઇ જઇશું એટલામાં હવા ઉપર એક ઓરત નજરે પડી કે જેના મકનઆના ખુણા બે બાજુએ લટકતા હતા અને અમારા હાથ તે મકનઆના તાર સુધી પહોંચતા હતા. પછી એક મુનાદીએ આસમાનથી નિદા આપી કે અગર **નજાત** ચાહતા હો તો આ મકનઆનો એક તાર પકડી લીયો, તો તેથી અમારામાંના દરેક શખ્સે તે મકનઆનો એક તાર પકડી લીધો અને તેણે અમોને હવા ઉપર ઉંચા કર્યા, અમો અગ્નીના ભડકા અને ચીણગારીયોને જોઇ રહ્યા હતા પણ તેની ગરમીથી અમોને કાંઇ ઇજા પહોંચતી ન હતી અને તે બારીક તાર પણ અમારા વજન તોલથી તુટતા ન હતાં, હાંસલ કલામ અમો સરવેને તે આગથી નજાત આપી અને અમારામાંના દરેક જણને તેના ઘરના સેહનમાં સહીસલામતીથી ફેંક્યો, અને હમણાં અમો અમારા ઘરોમાંથી નીકળીને આપની ખીદમતમાં હાજર થયાં છીયે, અને હવે અમોને આપના દીનનું યકીન થયું છે તેથી આપનો દીન કબુલ કર્યા વિના ચાલે તેમ નથી, ખુદાની બાઅદ જેઓ પાસે અરજ લઇ જવામાં આવે અને જેઓ ઉપર ભરોસો કરવામાં આવે તેઓ સરવે કરતાં આપ બેહતર અને અફઝલ છો, અને આપ સાચેસાચું બોલનારા અને હીકમતથી વર્તનારા છો, પછી હઝરતે રસુલે ખુદા સ૦ અબુજેહલને કહ્યું કે જો ખુદાએ તઆલાએ આ બીજા ટોળાને હઝરતે ઇબરાહીમ અ૦ નો મોઅજીઝો દેખાડયો, અબુજેહલે કહ્યું હજુ હું જોઉં છું ત્રીજું ટોળું શું કહે છે ? તે વખતે હઝરતે બીજા ટોળા તરફ ધ્યાન આપીને ફરમાવ્યું કે અએ બંદગાને ખુદા જે ઓરતના કારણથી ખુદાએતઆલાએ તમોને નજાત અતા ફરમાવી તે મ્હારી દીકરી ફાતેમા અ૦ દુન્યાની સરવે ઔરતો કરતાં બેહતર અને શ્રેષ્ઠ છે, અને જ્યારે હકતઆલા તમામ અવ્વલથી તે આખર સુધીની મખલુકાતને જાહેર કરશે ત્યારે એક નિદા કરનારો અર્શની નીચેથી નિદા આપશે કે અએ લોકોના ટોળાઓ તમારી આંખો બંધ કરી લ્યો કે હઝરતે મોહમ્મદ સ૦ ની દીકરી સૃષ્ટીની તમામ ઓરતોની સરદાર જનાબે ફાતેમા અ૦ સેરાત ઉપરથી પસાર થાય તે વખતે હઝરતે મોહમ્મદ સ૦ અને હઝરતે અલી અ૦ અને જનાબે હસન અને હુસયન અ૦ અને એ ઇમામો કે જેઓ તેઓના ફરઝંદ છે (કે તેઓ જનાબે ફાતેમા અ૦ ના મહરમ છે) તેઓ શીવાય સઘળી મખલુકાત પોતાની આંખો બંધ કરી લેશે, ત્યાર બાદ જનાબે ફાતેમા અ૦ સિરાત ઉપરથી પસાર થશે અને સિરાત ઉપર ચદરનો ખુણો એવી રીતે ફેલાયલો રહેશે કે તેનો એક છેડો બેહિશ્તમાં જનાબે ફાતેમા અ૦ ના હાથમાં હશે અને બીજો છેડો કયામતના મૈદાનમાં, અને પરવરદીગારનો મુનાદી નિદા કરશે કે અએ જનાબે ફાતેમા અ૦ ના દોસ્તો જનાબે ફાતેમા અ૦ ની ચાદર મુબારકના તારને પકડો કે જે ફાતેમા અ૦ તમામ આલમની ઔરતોથી બેહતર છે.

તેથા તે વખત જે જનાબે ફાતેમા અ૦ નો મોહિબ હશે તે તે મુબારક ચાદરના એક તારને વીંટળાઈ જશે એટલે સુધી કે એ ચાદરના તારોને હજાર "ફેઆમ" થી વધારે લોકો વીંટળાઈ જશે અને દસ લાખની સંખ્યાને "ફેઆમ" કહે છે. તો એ સરવે લોકો જનાબે ફાતેમા અ૦ ની ચાદરની બરકતથી દોઝખની અગ્નીથી નજાત પામશે.

મોઅજીઝો ૩ જો.

તે પછી ત્રીજું ટોળુ પણ રડતું રડતું આવી પહોંચ્યું અને તેણે કહ્યું કે યા મોહમ્મદ સ૦ અમો ગવાહી આપીયે છીયે કે આપ પરવરદીગારના રસુલ અને સરવે બની આદમ કરતાં બેહતર છો, અને હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ અ૦ કુલ અવસીયાઓ કરતાં અફઝલ અને બેહતરછે. અને આપની આલ તમામ અંબીયાઓની આલ કરતાં અફઝલ છે, અને આપના અસહાબો તેઓના અસહાબો કરતાં અને આપની ઉમ્મત તેઓની ઉમ્મત કરતાં અફઝલ અને બેહતર છે. અમોએ આપના એટલાં મોઅજીઝા જોયાં કે ઇકરાર અને ફરમાંબરદારી કર્યા વિના ચાલેજ નહીં, હઝરતે ફરમાવ્યું જે કાંઇ તમોએ જોયું છે તે બયાન કરો. કહ્યું કે અમે લોકો કઅબાની પનાહમાં બેઠા હતા અને આપના કોલ ઉપર ઠઠ્ઠા મશ્કરી કરતા હતા અને આપના મોઅજીઝા દેખાડવાના દાવાને જુઠો જાણુતા હતા એટલામાં અમોએ જોયું કે ખાનએ કઅબા પોતાની જગ્યાએથી ઉખડી ઉંચો થયો અને અમારા માથા ઉપર સ્થીર રહ્યો, આ જોઇને અમો અમારી જગ્યાએ સ્તબ્ધ બની ગયાં અને અમો તે વખતે હલી શકતાં પણ ન હતા એટલામાં આપના કાકા હઝરતે હમઝા ત્યાં તશરીફ લાવ્યાં, અને પોતાનો નેઝો કઅબાની નીચે ખેડીને કઅબાની આવી અઝમત અને જલાલત હોવા છતાં તેને પોતાના નેઝા ઉપર રોકી લીધું, અને કહ્યું કે તમે અહીંયાથી બહાર નીકળી જાઓ. જ્યારે અમો બહાર નીકળ્યા ત્યારે તેઓ પણ ત્યાંથી ખશી ગયાં, પછી તરતજ કઅબા પણ પોતાની જગાએ આવી કાયમ થઇ ગયો, તો તેથી અમો મુસલમાન થઇને આપની ખીદમતમાં હાજર થયાં છીયે. હઝરતે રસુલે ખુદાએ અબુજેહલને ફરમાવ્યું કે આ ત્રીજુ ટોળું પણ આવી ગયું અને આ લોકોએ જે કાંઇ જોયું હતું તે ત્હારાથી બયાન કર્યું. અબુજેહલે કહ્યું હું જાણુતો નથી કે આ લોક સાચુ બોલે છે કે જુઠું ? અને હું જાણુતો નથી કે આ લોકોએ સારી પેઠે તહકીક કીધી છે કે માત્ર તેઓની સામે એક ખ્યાલજ ખ્યાલ આકૃતી રૂપ ઉભો રહ્યો છે ! હા મેં જે કાંઇ સવાલ કર્યો છે તે મને પોતાને દેખાડો તો અલબત્તા તે વખતે મુજને ઇમાન લાવવું લાઝીમ છે નહીતો મુજને લાઝિમ નથી કે આ લોકોના કહેવાને હુ માનુ. હઝરતે ફરમાવ્યું આ લોકો આટલાં બધાં હોવા છતાં અને તેઓની અકલ અને પ્રમાણિકપણુ અને વિશ્વાસપાત્ર હોવા છતાં તુ તેઓની વાત માનતો નથી, તો ત્હારા બાપદાદાના ફખર અને ત્હારા બાપદાદાના દુશ્મનની બુરાઇયોને કેમ સાચી માને છે કે જે બાબતોને તું હમેશાં બયાન કરે છે ? અને તું કેવી રીતે માને છે કે ઇરાક અને શામના મુલક દુન્યામાં છે ! એ છતાં કે તેં તેમાંના એકને પણ જોયો નથી, બલકે તે બાબતો તે લોકોના બયાન કરવાથી જાણી અને તેથી તને તેનું યકીન થયું. તહકીકકે ખરેખર તે લોકોના કહેવાથી અને ત્હારા સાંભળવાથી ખુદાની હુજ્જત ત્હારા ઉપર તમામ થઇ. પછી ત્રીજા ટોળા તરફ ધ્યાન દઇ ફરમાવ્યું કે જેઓએ કઅબાને તમારા માથા ઉપર રોકી રાખ્યું હતું તેઓ મ્હારા કાકા હઝરતે હમઝા અ૦ છે, હકતઆલાએ તેઓને મોહટા મોહટા અને આલી દરજા અતા ફરમાવ્યા છે, અને ઘણી ફઝીલતોના કારણથી

અને મ્હારી અને અલી અ૦ ની મોહબ્બતથી ખુદાએ તેઓને ઘણી બુઝુર્ગી આપી છે, તહકીકકે હઝરતે હમઝાએ જેવી રીતે તમારા માથા ઉપર આજે કઅબાને પડવા દીધો નહી તેવી રીતે કયામતના દીવસે પોતાના દોસ્તોથી જહન્નમને દુર કરશે, તહકીકકે તેઓ સેરાતની બાજુમાં એક અસંખ્ય ટોળાને જોશે તેની ગણતરી ખુદા શીવાય બીજુ કોઇ જાણતુ નથી અને તે સઘળાં હઝરતે હમઝા અ૦ ના દોસ્તદાર હશે પણ એ લોકોથી ઘણા ગુનાહ બનવાના કારણથી તેઓ અને તેઓના સેરાત ઉપરથી ગુજરવા વચ્ચે દીવારો આડી આવશે, જ્યારે તેઓ હઝરતે હમઝા અ૦ને જોશે ત્યારે તેઓ કહેશે કે અએ હમઝા આપ જુઓછો કે અમો કેવી દયા જનક હાલતમાં ઉભાં છોયે? તે વખતે હઝરતે હમઝા હઝરતે મોહમ્મદ સ૦ અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ને કહેશે કે આપ જુઓ છો કે મ્હારા દોસ્ત મ્હારી આગળ ફરીયાદ કરી રહ્યાં છે? તો હઝરતે રસુલે ખુદા સ૦ હઝરતે અલી અ૦ને ફરમાવશે યા અલી પોતાના કાકાની મદદ કરો અને તેઓના દોસ્તોની ફરિયાદે પહોંચો અને તે સઘળાંઓને જહન્નમની આગથી નજાત આપો. હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ એ નેઝો કે જે વડે હઝરતે હમઝા અ૦ જહાદ કરતા હતા તે લાવીને હઝરતે હમઝા અ૦ ને આપશે અને ફરમાવશે કે અએ રસુલે ખુદા સ૦ ના અને તેઓના ભાઇના કાકા આ નેઝાને લઇ લ્યો અને આ નેઝા વડે જેવી રીતે તમો દુન્યામાં કાફેરોને દુર કરતા હતા તેવી રીતે આ નેઝા વડે તમારા દોસ્તોથી જહન્નમને દુર કરો, પછી હઝરતે હમઝા અ૦ તે નેઝાની નોક વડે આગના એ દીવારો ઉપર કે જે તેઓની અને સેરાતની વચ્ચે આડી હતી તેને ખુદાની મ્હેરબાનીથી પાંચસો વરસના રસ્તા જેટલે દુર કરી દેશે, પછી તેઓ પોતાના દોસ્તોને ફરમાવશે કે સિરાત ઉપરથી પસાર થાઓ અને તે લોકો સહીસલામતીથી સેરાત ઉપરથી પસાર થઈ જશે.

તે પછી હઝરતે રસુલે ખુદા સ૦ અબુજેહલ મુનાફિકને ફરમાવ્યું અએ અબુજેહલ આ ત્રીજુ ટોળુ પણ ખુદાના મોઅજીઝાઓ જોઇ ચુક્યું હવે તુ શું મોઅજીઝો ચાહે છે? અબુજેહલે કહ્યુ હુ એજ મોઅજીઝો ચાહુ છું કે જે તમો કહો છો કે હઝરતે ઇસા અ૦નો હતો, અને તેઓ લોકોને એ ચીજોની ખબર આપતા હતા કે જે તેઓ પોતાના ઘરોમાં ખાતા હતા અને સંગ્રહ કરતા હતા, તો તમે પણ મને ખબર આપો કે આજ રોજ મેં શુ ચીજ ખાધી છે? અને ખાવાની બાદ મે શું કામ કયુ છે? હઝરતે ફરમાવ્યું હું તને એ ચીજોની ખબર આપુછું કે જે તેં ખાધી છે અને એકઠી કીધી છે અને ખાની બાબતે તેં જે કામ કીધાં છે તે મ્હારૂં જાહેર કરવું ત્હારી ફજેતી અને રૂસ્વાઇનું કારણ થશે કેમકે તુ પયગમ્બરની સાથે મોઅજીઝો માંગવામાં હદથી વધી જાય છે, અગર તુ ઇમાન લાવીશ તો તને ન ફજેતી નુકશાન નહી પહોંચાડે અને અગર ઇમાન નહીં લાવે તો દુન્યાની તેમજ આખેરતની જેલ્લત અને ખ્વારી ઉપાડીશ, અને હમેશાના અઝાબમાં ગીરફતાર રહીશ. અને તુ કદી અઝાબથી નજાત પામીશ નહીં. અએ અબુજેહલ તું ત્હારા ઘરમાં બેઠો હતો અને એ મુરગને ખાવા ચાહતો હતો જે ત્હારા માટે બિરયાન કીધો હતો પછી જ્યારે તેં ખાવા માટે લુકમો ઉપાડ્યો ત્યારે અબુલ બખ્તરી ત્હારો ભાઇ ત્હારા દરવાજા ઉપર આવ્યો અને તેણે અંદર આવવાની રજા માંગી, તે વખતે રખે તે મુરગ ખાવામાં ત્હારો ભાઇ શરીક થાય તે ત્હારી કંજુસીના કારણથી તેં તે મુરગને પોતાના છેડામાં સંતાડી દઇ ત્હારા ભાઇને અંદર આવવાની રજા આપી, અબુજેહલે કહ્યું આપ ખોટું બોલ્યા, અરે આ વાત તો તદન બનીજ નથી ન મેં આજ કોઇ મુરગ ખાધું છે તેમજ ન તેમાંથી કાંઇ

બચાવી રાખ્યું છે, હવે તમો પોતાની ખબર તમામ કરો અને કહો કે મેં બીજું શું કર્યું છે ! હજરતે ફરમાવ્યું, ત્હારી પાસે ત્હારો પોતાનો માલ ૩૦૦ અશરફી હતો અને ત્હારી પાસે લોકોના ૧૦૦૦૦ દિરહમ અમાનત હતા, તેમાંના એક શખસની ૧૦૦ અશરફીઓ અને બીજાની ૨૦૦ અને ત્રીજાની ૫૦૦ અને ચોથાની ૭૦૦ અને પાંચમાંની ૧૦૦૦ અશરફીયો હતી. અને આ લોકોનો માલ કોથળીમાં જુદો જુદો મુક્યો હતો અને તે તે માલ ઉચાપત કરવાનો અને માલ ધણીને પાછો ન સોંપવાનો દૃઢ નિશ્ચય કીધો હતો પણ જ્યારે ત્હારો ભાઈ ત્હારા ઘરની બહાર નીકળ્યો ત્યારે તેં તે મુરગનો સીનો ખાઈ બાકીનાને બચાવી રાખ્યું, અને બેઆ લોકોનો માલ દાટી દીધો કે તેઓને આપવો ન પડે, પણ તે વિશે ખુદાની તદબીર ત્હારી તદબીર વિરૂધ્ધ છે.

અલબત્ત અબુજેહલે કહ્યું આ વાત પણ આપે જુઠી કહી મેં કોઈ ચીજ દાટી નથી અને લોકોની એ અમાનતની દસ હજાર અશરફીઓને તો ચોર ચોરી ગયો છે, હજરતે ફરમાવ્યું અરે આ બાબતો હું મ્હારી તરફથી કહેતો નથી કે તું મને જુઠું બોલવાનું કહી શકે, કેમકે અહીંયા જીબરઈલ પોતે મવજુદ છે અને તેઓ ખુદાની તરફથી આ ખબરો આપે છે, તે પછી હજરતે ફરમાવ્યું અએ જીબરઈલ જે મુરગ અબુજેહલના ખાવાથી બચ્યું છે તે લાવો, એટલામાં તે મુરગ હજરતની પાસે હાજર થયું, હજરતે ફરમાવ્યુ અએ અબુજેહલ તું આ મુરગને ઓળખે છે? તેણે કહ્યું હું નથી ઓળખતો, અને આ મુરગ મેં ખાધું નથી, દુન્યામાં ખાતાં ખાતાં બચેલાં મુરગ ઘણા હશે. હજરતે ફરમાવ્યું અએ મુરગ અબુજેહલ કહે છે કે હું જીબરઈલનું નામ લઈ જુઠું બોલું છું અને જીબરઈલ ખુદાનું નામ લઈ જુઠુ બોલેછે, માટે તું મ્હારા સાચા અને તેના જુઠાની ગવાહી આપ એટલામાં ખુદાના હુકમથી તે મુરગ બોલ્યું કે હું ગવાહી આપુ છું કે યા મોહમ્મદ સલ્અ આપ ખુદાના રસુલ છો અને સઘળી ખલકત કરતાં બેહતર છો.

અને ગવાહી આપુ છું કે અબુજેહલ ખુદાનો દુશ્મન છે અને જાણી જોઈને હકની સાથે દુશ્મની રાખે છે તેણે મુજને ખાધું અને બાકીનાને સંઘરી રાખ્યું છે, અને તેના ઉપર ખુદાની અને સઘળાં લઅનત કરનારાઓની લઅનત થાય, તે મુનાફીક કુફર ઉપરાંત બખીલ પણ છે, તે ખાતો હતો તે દરમીયાનમાં તેના ભાઈયે અંદર આવવાની રજા માંગી તો રખે તેનો ભાઈ મુને ખાવામાં શરીક થાય એ બીહકથી તેણે મને છેડામાં સંતાડી દીધું. તે યા રસુલે ખુદા સલ્અ આપ સઘળાં સાચુ બોલનારાઓ કરતાં વધુ સાચું બોલનારાંછો, અને અબુજેહલ જુઠો અને બોહતાન મુકનાર અને પક્કો મુનાફિક છે, પછી હજરતે અબુજેહલને ફરમાવ્યું આ મોઅજીઝા જે તેં જોયા તે શું ત્હારા વાસ્તે બસ નથી ! હવે ઈમાન લાવ કે ખુદાના અઝાબથી બેખૈફ થાય, અબુજેહલે કહ્યું હું એમ ધારૂં છું કે આ કેટલીક ચીજો એવી છે કે જે માણસના ખ્યાલમા આકૃતી દેખાડી તેઓને વ્હેમ અને શકમાં નાંખે છે પણ તેની કાંઇ અસલ નથી. હજરતે ફરમાવ્યું આ મુરગના જોવામાં અને તેની વાતો સાંભળવામાં અને બીજા તમામ કુરેશીયોને જોવામાં અને તેઓની વાતો સાંભળવામાં કાંઈ ફરક જુવે છે ? અબુજેહલે કહ્યું નહીં, હજરતે ફરમાવ્યુ તો જે ચીજોને તું ત્હારા હવાસથી જાણે છે તેના સબંધમાં શું તું એવો ગુમાન કરે છે કે તે ખ્યાલ છે ? કહ્યું કે નહી, હું તેને ખ્યાલ ગુમાન કરતો નથી. હજરતે ફરમાવ્યું તો જ્યારે તું આમાં અને તેમાં કાંઈ ફરક પામતો નથી તો યકીન કર કે આ પણ ખ્યાલ નથી. ત્યાર બાદ તે હજરતે તે મુરગ ઉપર હાથ ફેરવ્યો, જ્યાંથી તે મલઉને ઓરત

ખાધો હતો ત્યાં ગોશ્ત ઉગી આવ્યો અને ફેહેલાં જેવો થઇ ગયો અને તેના સઘળાં અવયવો દુરસ્ત બની ગયાં, તે વખતે હઝરતે ફરમાવ્યું શું તેં આ મોઅજીઝો જોયો ! કહ્યું હા કોઇ ચીજનો વહેમ અને ગુમાન કરૂં છું પણ મને તેનું યકીન થતું નથી, ત્યાર બાદ હઝરતે ફરમાવ્યું અએ જીબરઇલ જે માલ ખુદાના આ દુશ્મને પોતાના ઘરમાં દફન કીધો છે તેને મ્હારી પાસે લાવો શાયદ તે ઇમાન લાવે, એટલામાં તે અશરફીઓની થેલીઓ હઝરત પાસે હાજર થઇ, અને તે થેલીઓ જેવી રીતે હઝરતે ફરમાવ્યું હતું તેવીજ રીતે હતી, પછી હઝરતે એક થેલી ઉપાડી અને ફરમાવ્યુ ફલાણા શખસને બોલાવો કે તે થેલીનો માલીક છે, જ્યારે તે હાજર થયો ત્યારે તેને થેલી આપી અને ફરમાવ્યું કે આ ત્હારો માલ છે અને અબુજેહલે ખયાનત કીધી હતી, હાંસીલ મતલબ આવી રીતે તે થેલીઓના એક એક માલિકને બોલાવીને તેનો માલ સોંપતા હતા એટલે સુધી કે સરવે જણનો માલ તેના સરવે માલિકોને પહોંચી ગયો, અને અબુજેહલ હયરતમાં પડી ગયો અને ફજેત અને રૂસ્વા થયો અબુજેહલની ત્રણુસો અશરફીઓ બાકી રહી ગઇ હતી, હઝરતે ફરમાવ્યું ઇમાન લાવ કે આ ત્રણુસો દીનાર તુજને આપું અને ખુદા તને આ માલમાં એટલી બરકત આપે કે તું તમામ કુરૈશીઓ કરતાં વધુ તવંગર બની જાય અને તેઓના અમીર અને સરદાર મુકરરર થાય, તેણે કહ્યું હું ઇમાન લાવતો નથી પણ મ્હારો માલ જરૂર લઇશ, એટલું કહીને તે થેલી લઇ લેવા હાથ લંબાવ્યો કે તરતજ હઝરતે પેલાં મુરગને કહ્યું કે આને પકડ અને તેના હાથમાં થેલી જવા દે નહી, તે મુરગે ખુદાની કુદરતથી હમલો કર્યો અને અબુજેહલને પોતાના પંજામાં પકડીને ઉંચે હવામાં લઇ ગયું, અને પછી તેને તેના ઘરની છત ઉપર મુકી દીધો, પછી હઝરતે પેલી અશરફીઓ ફકીર મોઅમેનીનમાં વહેંચી આપી.

તે પછી હઝરતે ફરમાવ્યું અએ અસહાબો આ એક મોઅજીઝો હતો જે ખુદાએતઆલાએ અબુજેહલ માટે જાહેર કીધો પણ તેણે ઇન્કાર કરી તેથી મોંહ ફેરવ્યું, અને આ મુરગ કે જે સજીવન થયું તે મુરગ બેહિશ્તી થશે કે તે તમાસા માટે બેહીશ્તમાં ઉડશે. તહકીક કે બેહીશ્તમાં પ્રકાર પ્રકારના મુરગ છે અને તેઓમાંનું હરેક એક એક ઉંટ જેવડું છે, અને તે સઘળાં બેહિશ્તની હવામાં ઉડશે, અને તે વખતે જે કોઇ મોઅમિન કે જે મોહમ્મદ સ० અને તેની આલનો દોસ્ત છે તે ખાવાની ઇચ્છા કરશે તો તરત તે નીચે ઉતરી આવશે અને તેની પાંખોબાંખો ખરી જશે અને આગ વિના એકદમ તે ભુંજાઇ જશે, તે મુરગ એક તરફ કબાબ અને બાજી તરફ ભુંજેલો ગોશ્ત થશે કે તે મોઅમિન મરદ પોતાની ખ્વાહીશ પ્રમાણે તેને ખાશે અને જ્યારે તે ખાઇને "અલહંમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન" કહેશે ત્યારે તરત તે મુરગ સજીવંન થઇ હવા ઉપર ઉડશે અને તમામ બેહોશ્તના મુરગ ઉપર ફખર કરીને કહેશે કે મ્હારા જેવું કોણ છે કે ખુદાના દોસ્તે ખુદાના હુકમથી મ્હારા ગોશ્તને ખાધો ?

મોઅજીઝો ૪ થો.

મોઅતબર હદીસના આધારે હઝરતે ઇમામે મુસે કાઝીમ અ० થી મનકુલ છે કે એક દીવસ હઝરતે રસુલે ખુદા સ० ના અસહાબો બેઠા હતા અને તેઓમાં હઝરતે અમીરૂલ મોઅમેનીન અ० પણ તશરીફ રાખતા હતા એટલામાં એક યહુદી આવ્યો અને તેણે કહ્યું કે અએ મોહમ્મદ સ० ની ઉમ્મત તમોએ કોઈ પયગમ્બર માટે કોઇ દરજ્જો મુકયો નથી પણ એકે તેનો દાવા પોતાના પયગમ્બર માટે કરો છો. હઝરતે અમીરૂલ મોઅમેનીન અ० ફરમાવ્યું હા એમજ છે.

અગર ખુદાએ મુસા અ૦ ની સાથે "સીના" ના પહાડ ઉપર વાતો કીધી તો અમારા પયગમ્બરે સાતમા આસમાન ઉપર જઇ ખુદા સાથે વાતો કીધી. અગર હઝરતે ઇસા અ૦ આંધળાઓની આંખો રોશન કીધી અને મુરદાઓને સજીવન કીધાં તો તહકીક કે કુરેશીયોએ હઝરતે મોહમ્મદ સ૦ ને સવાલ કીધો કે મુરદાઓને સજીવન કરો, તેથી હઝરતે મને બોલાવ્યો અને કુરેશીયોની સાથે મને કબ્રસ્તાનમાં મોકલ્યો. પછી જયારે મેં દોઆ કીધી ત્યારે સઘળાં મુરદાઓ પોતપોતાની જગાએથી કબરોમાંથી સજીવન થઇ બહાર નીકળ્યા અને તેઓના માથાઓ ઉપરથી માટી ખરતી હતી અને તહકીક કે ઓહોદની લડાઇમાં અબુકોતાદાની આંખમાં નેઝો વાગ્યો અને તેની આંખનો ડોળો બહાર નીકળી આવ્યો, તેણે તે ડોળો હાથમાં લઇ લીધો અને હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં આવીને અરજ કીધી યા રસુલલ્લાહ સ૦ હવે આની બાબદ મ્હારી ઓરત મુજથી પ્યાર નહીં કરે, હઝરતે તેના હાથમાંથી તેનો ડોળો લઇને તેની જગ્યાએ મુકી દીધો કે તરતજ ખુદાના હુકમથી તે એવો બેસી ગયો કે બીજી આંખમાં અને આમાં જરાએ તફાવત થઇ શકતો ન હતો, બલકે આ આંખ બીજી આંખ કરતાં બેહતર અને વધારે રોશન બની ગઇ. અને એજ લડાઇમાં અબ્દુલ્લાહબિન અતીકનો હાથ કપાઇ ગયો અને તે પોતાનો હાથ રાતરે હઝરતની ખીદમતમાં લાવ્યો, હઝરતે તેનો હાથ લઇને તેની જગ્યાએ મુકી દીધો અને તે એવો મળી ગયો અને દુરૂસ્ત બની ગયો કે તે કપાઇ જવાનું નીશાન બાકી રહ્યું નહીં.

મોઅજીઝો ૫ મો.

અને હઝરતે ઇમામે હસને અસ્કરી અ૦ ની તફસીરમાં મઝકુર છે કે એક દીવસ તે હઝરતે ફરમાવ્યું કે ખુદાવંદે આલમે જે પયગમ્બર માટે કોઇ આયત અથવા મોઅજીઝો મુકરરર કર્યો તો તેના જેવો હઝરતે મોહમ્મદસ૦ અને જનાબે અલીઅ૦ માટે પણ જાહેર ફરમાવ્યો, બલકે તે હઝરત માટે તે કરતા પણ વધારે બેહતર મુકરરર ફરમાવ્યા. રાવીએ અરજ કીધી યબ્ન રસુલલ્લાહ હઝરતે ઇસા અ૦ ના મોઅજીઝા જેવા મોઅજીઝા આપથી કયારે જાહેર થયાં જેમકે મુરદાઓને સજીવન કરવા, કોઢીયાઓને સારા કરવાં અને આંધળાઓને દેખતાં કરવાં અને લોકો પોતાના ઘરોમાં જે ચીજો ખાતા અને સંગ્રહ કરતા હતા તેની ખબર આપવી? હઝરતે ફરમાવ્યું એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ હઝરતે અલી અ૦ની સાથે મક્કાની ગલીયોમાં તશરીફ લઇ જતા હતા અને અબુલહબ હઝરતની પાછળ પાછળ જતો હતો અને હઝરતને પત્થર મારતો હતો અને તે વડે તેણે હઝરતના પગ મુબારકને એટલાં ઝખ્મી કીધા હતાં કે તેમાંથી લોહી જારીહતું, અબુલહબ મલઉન ધાંટા પાડી પાડીને કહેતો હતો કે અએ કુરેશના ટોળાઓ આ જાદુગર અને જુઠો છે તેના ઉપર પત્થર મારો અને તેનાથી દુરી ઇખ્તીયાર કરો અને તેના જાદુથી ડરતા રહો, અને તે મલઉન કુરેશીયોમાંના લુચ્ચાઓને ઉસ્કેરતો હતો કે હઝરતને ઇજા પહોંચાડે, અને તેથી તે લોકો પણ હઝરતની પાછળ આવતા હતા અને પત્થર મારતા હતા, અને જે પત્થર હઝરતની તરફ ફેંકતા હતા તે પત્થર હઝરતે અલી અ૦ ને પણ વાગતા હતા તો કાફેરોમાંના કોઇએ જનાબે અલી અ૦ ને કહ્યું કે અએ અલી આપ મોહમ્મદ સ૦ માટે હમેશા લાગણી ધરાવો છો અને જો કે કોઇ લડાઇ જોઇ નથી છતાં તેઓ માટે જહાદ કરવા તૈયાર થાઓછો અને શુજાઅતમાં અને બ્હાદુરીમાં તમારા જેવો બીજો કોઇ નથી તો આ વખતે મોહમ્મદ સ૦ ની કેમ મદદ કરતા નથી ? હઝરતે અલી અ૦ મોહટા સાદે તેઓને ફરમાવ્યું કે અએ કુરેશમાંના

પુછ્યાઓ હું તે જનાબની રજા વિના કોઈ કામ કરતો નથી, અગર તેઓ મને હુકમ આપે તો તમે જુવો કે શું કરૂછું ?! હાંસીલ કલામ તે લોકો હઝરતની પાછળ જતાં અને ઈજા પહોંચાડતા એટલે સુધી કે મક્કાની બહાર નીકળ્યા એટલામાં જોયું કે પહાડ ઉપરથી કેટલાંક પથ્થર હઝરતની તરફ રગડયાં તે જોઈ કાફેરો ખુશ થતાં થતાં દુર હટી ગયાં અને કહેવા લાગ્યાં કે હમણાં આ પથ્થર હઝરતે મોહમ્મદ સ૦ અને હઝરતે અલી અ૦ને હલાક કરી નાંખશે, અને આપણે તેઓની ઈજાથી નજાત પામીશું. જ્યારે તે પથ્થર એ બન્ને બુઝુર્ગવારોની પાસે પહોંચ્યા ત્યારે ખુદાની કુદરતથી દરેક પથ્થરને વાચા આવી અને બોલવા લાગ્યા કે " અસ્સલામો અલયક યા મોહમ્મદુબ્નો અબ્દિલ્લા હિબ્ને અબ્દિલ મુત્તલિ બિબ્ને હાશેમિબ્ને અબ્દે મનાફિન, અસ્સલામો અલયક યા અલીયુબ્નો અબી તાલેબિબ્ને અબ્દિલ મુત્તલે બિબ્ને હાશેમિબ્ને અબ્દે મનાફિન; અસ્સલામો અલયક યા રસુલો રબ્બિલ આલમીન વ ખયરિલ ખલ્કે અજમઈન, અસ્સલામો અલયક યા સય્યેદલ વસીયીન યા ખલીફત રસુલે રબ્બિલ આલમીન " જ્યારે તે કાફેરોએ આવી અજાયબી ભરેલી અને આશ્ચર્યકારક બાબત નજરો નજર જોઈ ત્યારે ઘણો અચંબો પામી હેરતમાં પડી ગયાં. તે વખતે તેઓમાંના દસ જણાં કે જેઓ કુફ્ર અને દુશ્મનીમાં સર્વેથી વધારે વધેલાં હતા તેઓ કહેવા લાગ્યા કે આ કલામ પથ્થરોના ન હતા બલકે મોહમ્મદ સ૦ કેટલાંક માણસોને આ પહાડના ગારમાં સંતાડયા છે તેઓના આ કલામ હતા કે તેઓ આપણને ફરેબ આપે, બસ તેઓનું એટલું કહેવું હતું કે ખુદાની કુદરત અને હઝરતના મોઅજીઝાથી તે પથ્થરોમાંના દસ પથ્થર ઉંચા થયાં અને તે દરેક જણના માથા ઉપર એક એક પથ્થર ટકરાવા લાગ્યો, અને ઉંચો થઇ થઇને તેઓના માથા કચરવા લાગ્યો એટલે સુધી કે તેઓના માથાના છુંદે છુંદા થઇ ગયાં અને તેઓના ભેજા નાકમાં થઈ પાણીની જેમ વહી ગયાં અને જોત જોતામાં હલાક થઈ જહન્નમ વાસિલ થયાં. તેઓના સગાવ્હાલાં રડતાં કુટતાં અને માથું ફોડતાં આવ્યા અને કહેવા લાગ્યા કે અમોને તેઓના મરવાનો કાંઇ ગમ નથી પણ મોહટી મુસીબત એ છે કે તેઓના મરવાથી હઝરતે મોહમ્મદ સ૦ ખુશ થશે, કેમકે તે લોકો તેઓના મોઅજીઝાના કારણથી હલાક થયાં છે.

જ્યારે તેઓને જનાઝાઓમાં મુકયા ત્યારે જનાઝાઓએ ફરીઆદ કીધી કે હઝરતે મોહમ્મદ સ૦ સત્ય ફરમાવ્યું અને તેઓએ જુઠું કહ્યું નથી બલકે તમો જુઠ કહોછો, ત્યારબાદ તે જનાઝા ધ્રુજવા લાગ્યા અને પેલા મુરદાઓને જમીન ઉપર ફેંકી દીધાં અને કહ્યું કે અમો ખુદાના આ દુશ્મનને ઉપાડતા નથી કે તેઓને ખુદાના અઝાબ તરફ લઈ જઇયે, તે વખતે અબુજેહલ મુનાફિકે કહ્યું આ જનાઝાઓનું બોલવું અને પેલા પથ્થરોનું કલામ કરવું તે સઘળું મોહમ્મદ સ૦ નું જાદુ છે, અને અગર તેઓ સાચું બોલતા હોય કે આ બાબતો તેઓના મોઅજીઝાથી થઇ તો તેઓને કહો કે તેઓ આ મુરદાઓને સજીવન કરે.

જ્યારે કાફેરોએ હઝરતે રસુલે ખુદા સ૦ને આ પયગામ પહોંચાડયો ત્યારે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ને ફરમાવ્યું કે અય અલી તમે કાફેરોના કલામ સાંભળ્યા? હવે તમે કહો કે તમોને તે પથ્થર વડે કેટલાં ઝખમ પડયાં છે ? આપે અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ મને તે વડે ચાર ઝખમ પહોંચ્યા છે. હઝરતે ફરમાવ્યું મને છ ઝખમ વાગ્યાં છે; તો છને ચાર દસ અને તે કાફેરો પણ દસ છે, તો હું છ જણ માટે દોઆ કરૂ છું અને તમો ચાર જણ માટે દોઆ કરો કે ખુદા

તેઓને સજીવન કરે. જ્યારે આ બુઝુર્ગવારોએ દોઆ કીધી કે તરતજ તે હસે જાણું ઉઠી બેઠાં થયાં, અને કહેવા લાગ્યાં કે અએ મુસલમાનોના ટોળાઓ! મોહમ્મદ સ૦ ની શાન અને મરતબો ઘણો મોહટો છે, જે મુલકમાં હમણાં અમો હતાં ત્યાં અર્શની પાસે એક કુરસી ઉપર મોહમ્મદ સ૦ ની સુરત અને કુરસીની પાસે એક તખ્ત ઉપર અલી અ૦ ની સુરત જોઇ, અને સઘળાં આસમાનો અને અર્શ અને કુરસી અને હિજાબોના સઘળા ફિરિશ્તા તેઓની આસપાસ એકઠા થયા હતા, અને તેઓ સઘળા તેઓની તઅઝીમ કરતા હતા અને તેઓ ઉપર દોરૂદ મોકલતા હતા, અને આ જે હુકમ કરતા હતા અને ખુદા પાસે પોતાની જે હાજત ચાહતા હતા તેમાં આમને શફીઅ મુકરરર કરતા હતા; ત્યારબાદ તેઓમાંથી સાત માણસો ઇમાન લાવ્યા અને બાકીના પોતાના કુફર ઉપર દ્રઢ રહ્યાં.

મોઅજીઝો ૬ ઠ્ઠો.

પછી હજરતે ઇમામે હસને અસ્કરી અ૦ ફરમાવ્યું અગર ખુદાએ તઆલાએ હઝરતે ઇસા અ૦ ને "રૂહુલ કુદુસ" વડે મદદ આપી હતી તો તહકીક કે જે દીવસે જીબરઇલ નાઝીલ થયા અને હઝરતે રસુલે ખુદા સ૦ પોતાની અબા ઓઢી અને હઝરત અલી અને ફાતમા અને હસન અને હુસયન અ૦ ને અબામાં દાખલ કરીને કહ્યું કે ખુદાવંદા આ મ્હારી અહલેબૈત છે, જે આમની સાથે જંગ કરે તેમની સાથે હું જંગ કરનાર છું અને જે આમનાથી સુલેહ કરે તેની સાથે હું પણ સુલેહ કરનારો છું અને જે આમનો દોસ્ત છે તેઓનો હું દોસ્ત છું અને જે આમનો દુશ્મન છે તેનો હું દુશ્મન છું, તો ખુદાવંદા તું પણ જે તેઓ સાથે જંગ કરે તેની સાથે જંગ કર અને જે તેઓ સાથે સુલેહ કરે તેની સાથે સુલેહ કર, તો તે વખતે ખુદાએ વહી નાઝીલ ફરમાવી યા મોહમ્મદ સ૦ મેં તમારી દોઆ કબુલ કીધી. પછી જનાબે ઉમ્મે સલેમાએ તે અબાનો ખુણો ઉંચો કરીને અંદર દાખલ થવા ચાહ્યું, હજરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું અએ ઉમ્મે સલમા તમો આ જમાઅતમાં દાખલ નથી અગરચે તમારો હાલ નેક અને તમારી આકેબત બેહતર છે. જીબરઇલે કહ્યું યા રસુલે ખુદા સ૦ મને પણ આપ લોકમાંથી ગણો, હજરતે ફરમાવ્યું તમો અમારામાંથી છો, કહ્યું આપ રજા આપો છો કે હું અબામાં દાખલ થાઉં? ફરમાવ્યું હા જીબરઇલ તે અબામાં દાખલ થયા. અને જ્યારે "મલકુતે અઅલા" તરફ પાછા ફરી ગયા ત્યારે તેઓની ખુબસુરતી અને તેઓનું નૂર બમણું થઇ ગયું હતું. બીજા મલાયકાઓએ કહ્યું કે અએ જીબરઇલ તમે જે હાલમાં ગયા હતા તે કરતા જુદાજ હાલમાં પાછા આવ્યા. જીબરઇલે કહ્યું હું એવો કેમ ન થાઉં એ છતાં કે હું મોહમ્મદ સ૦ ની અહલેબૈતમાં દાખીલ થયો છું? તે વખતે તમામ આસમાનો અને હિજાબો અને અર્શ અને કુરસીના ફિરિશ્તાઓએ કહ્યું કે જ્યારે તમોને આવો શરફ હાસિલ થયો ત્યારે તમને સજાવાર છે કે એવીજ રીતે રહો. અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ જ્યારે જહાદ કરતા હતા ત્યારે જીબરઇલ તેઓની જમણી બાજુએ અને મીકાઇલ ડાબી બાજુએ અને ઇસરાફીલ પાછળ અને ઇઝરાઇલ આગળ રહેતા હતા.

મોઅજીઝો ૭ મો.

અને હઝરતે રસુલે ખુદા સ૦ મક્કામાં તશરીફ રાખતા હતા, ત્યારે એક દિવસ કુરૈશના કાફેરોએ હઝરતે રસુલે ખુદા સ૦ ને અરજ કીધી કે અએ મોહમ્મદ સ૦ અમારો પરવરદિગાર યાને હુબલ કે જે અમારો મોહટો બુત છે, તે અમારા બીમારોને શફા આપે છે અને અમોને હલાક થનારી બલાઓથી નજાત આપે છે, હઝરતે

ફરમાવ્યું તમો જુઠું બોલો છો, હુબુલ કોઈ ચીજ ઉપર શકતીમાન નથી બલકે પરવરદિગારે આલમ તમામ કામોની તદબીર કરનારો છે. કાફેરોએ કહ્યું અએ મોહમ્મદ સ૦ અએ અબુલ કાસિમ અમો ડરીયે છીયે કે રખે એવું ન બને કે હુબલ તમોને મોહટી મોહટી બીમારીયો જેવીકે લકવો ફાલેજ અને અંધાપો વિગેરે બીમારીયોમાં ફસાવી દીયે કેમકે તમો લોકોને તેની પુજાની મનાઇ કરો છો. હઝરતે ફરમાવ્યું તમો જે બાબતો કહો છો તે બાબતો ઉપર ખુદા શીવાય કોઇ શકતીવાન નથી તો તમારા ખુદા પાસે દોઆ કરો કે અમોને એવી બલાઓમાં ફસાવે અને અમો હુબલથી શફા પામવાનો સવાલ કરીયે કે તેથી તમોને ખબર પડે કે હુબલ પણ તમારા ખુદામાં શરીક છે, તે વખતે જીબરઇલ નાઝીલ થયાં અને હકતઆલાનો પયગામ પહોંચાડયો કે અએ મોહમ્મદ સ૦ આ લોકોમાંથી કેટલાંક ઉપર આપ નફરીન કરો અને કેટલાંક ઉપર હઝરતે અલી અ૦ નફરીન કરે કે હું તેઓને એ બલામાં ફસાવું.

પછી **હઝરતે રસુલેખુદા સ૦** વીસ માણસ ઉપર અને હઝરતે **અમીરૂલ મોઅમેનીન અ૦** દસ માણસો ઉપર નફરીન કીધી; તરતજ તે લોકો કોઢ અને લકવો અને જુઝામ અને અંધાપા વી૦ બીમારીમાં ફસાઇ ગયા તેઓના હાથ પગ જુદા થઇ ગયા ;અને તેઓના શરીરમાં કાન અને ઝબાન શીવાય કોઈ અવયવ સારો રહયો નહીં. કુરૈશીયોએ તે લોકોને હુબલની પાસે લઇ જઇને દોઆ કીધી કે તેઓને શફા આપે, અને કહ્યું મોહમ્મદ સ૦ અને અલી અ૦ આ જમાઅત ઉપર નફરીન કીધી તેથી તેઓ આવાં થઇ ગયાં છે, હવે તું તેઓને શફા આપ, એટલામાં હુબલે ખુદાની કુદરતથી તેઓને નિદા આપી કે અએ ખુદાના દુશ્મનો હું કોઇ બાબત ઉપર શકતીવાન નથી અને એ ખુદાની કસમ ખાઉં છું કે જેણે હઝરતે મોહમ્મદ સ૦ ને તમામ મખલુકાત તરફ મોકલ્યા છે અને તેઓને સર્વે અમ્બીયા કરતાં બેહતર અને શ્રેષ્ટ કર્યા છે, અને અગર તેઓ મ્હારા ઉપર નફરીન કરે કે મ્હારા તમામ અવયવનો ટુકડે ટુકડા થઇ જાય અને હવા મ્હારા ચુરેચુરાને ઉરાડી દે અને મ્હરૂં નીશાન પણ બાકી ન રહે અને મ્હારો જે અવયવ સરવે કરતાં મોહટો છે તે એક રાઇના દાણા કરતાં સો હીસ્સા ન્હાનો બની જાય તો અલબત્તા ખુદા એ પ્રમાણે કરે. જ્યારે તે ટોળાએ હુબલના આ કલામ સાંભળ્યા ત્યારે તેનાથી નાઉમેદ થઇ હઝરતની તરફ દોડયા અને ગીરયઓ ઝારી કરી ફરિયાદ કરી કે અએ **મોહમ્મદ સ૦** અમારી આશા તમારા શીવાય બીજાથી સફળ થનાર નથી, તો તમો અમારી ફરિયાદે પહોંચો અને પોતાના ખુદા પાસે દોઆ કરો કે અમારા અસ્હાબને આ બલાથી નજાત આપે, અને અમો અહદ કરીયે છીયે કે આ લોકો હવે પછી આપને ઇજા આપશે નહીં, તે પછી જે વીસ માણસો ઉપર હઝરતે નફરીન કીધી હતી તેઓને લાવીને હઝરત પાસે મુકી દીધાં, અને બીજાં દસ માણસોને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ પાસે મુકયા, હઝરતે રસુલે ખુદા સ૦ અને હઝરતે અલી અ૦ તે લોકોને ફરમાવ્યું કે પોતાની આંખો બંધ કરી લ્યો અને કહો કે **ખુદાવંદા** અમો તને **મોહમ્મદ સ૦** અને તેઓની આલે તય્યેબીનના મરતબાની કસમ આપીયે છીયે કે અમોને સહીસલામતી અતા ફરમાવ. જ્યારે તેઓએ એ પ્રમાણે કહ્યું ત્યારે તેઓ સહી સલામત બલકે પહેલાં કરતાં પણ બેહતર બની ગયાં, તે લોકો જ્યારે પોતાની બીમારીયોથી શફા પામ્યા ત્યારે હઝરતે તેઓને ફરમાવ્યું કે હવે ઈમાન લાવો, તો તેઓ ત્રીસે જણ ઈમાનનો ઇકરાર કરી

પોતાના સગાવહાંલાંઓ સહિત ઇમાન લાવ્યાં, અને બાકીના કુરેશીયો પહેલાના દસ્તુર પ્રમાણે શકી અને બદબખ્ત રહ્યા, પછી ફરમાવ્યું કે તમો ચાહો છો કે હું તમારી આંખની રોશનીને હજુ વધારૂં ? અરઝ કીધી હા, ફરમાવ્યું હું તમોને એ ચીજોની ખબર આપુ છું જે તમોએ ખાધી અને એકઠી કીધી અને એ ચીજોની પણ ખબર આપુ છું કે જે વડે પોતાનો ઇલાજ કરો છો. ત્યાર બાદ દરેક શખસને તે દીવસે શું ખાધું હતું તેની અને તેઓએ જે ચીજ એકઠી કીધી હતી અને જે ચીજ વડે તેઓએ ઇલાજ કીધો હતો. તેની ખબર આપી. પછી ફરમાવ્યું અએ પરવરદીગારના મલાયકાઓ તેઓના ખાણાઓમાંનું બાકી રહેલું જે તેઓના દસ્તરખ્વાન ઉપર બચેલું છે તેને મ્હારી પાસે હાજર કરો, એટલામાં જોયું કે તેઓના સઘળાં દસ્તર ખ્વાન હવા ઉપરથી નીચે ઉતર્યા અને હઝરતે દરેક દસ્તર ખ્વાન અને ખાણું અને દવાને બતાવી કે આ કોની છે, ત્યાર બાદ ફરમાવ્યું અએ ખાણા તુ ખુદાના હુકમથી ખબર આપ કે ત્હારાથી કેટલું ખાધું અને કેટલું બાકી રહ્યું છે ? તો તે ખાણું બોલવા લાગ્યું કે તે શખસે પોતે આટલું અને તેના ખાદીમે મ્હારાથી આટલું ખાધું અને તેઓના ખાવા બાદ આટલું બાકી છું.

પછી હઝરતે ફરમાવ્યું અએ પ્રકાર પ્રકારના ખાણાઓ બયાન કરો કે હું કોણ છું ? તે ખાણાઓએ કહ્યું કે આપ ખુદાના પયગમ્બર છો. પછી હઝરતે રસુલે ખુદા સ૦ હઝરતે અલી અ૦ તરફ ઇશારો કરીને ફરમાવ્યું કે કહો આ કોણ છે ? કહ્યું તેઓ આપના ભાઇ છે કે જેઓ આપની બાઅદ થઇ ગએલાં અને હજુ થનારાંઓ કરતાં બેહતર છે અને તેઓ આપના વઝીર અને ખલીફા અને ખલીફાંઓમાં બેહતર છે.

****
* મોઅજીઝો *
* ૮ મો. *
****

પછી રાવીએ હઝરતે ઇમામે હસને અસ્કરી અ૦ ની ખીદમતમાં અરઝ કીધી શું હઝરતે રસુલે ખુદા સ૦ અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ થી એવાં મોઅજીઝા પણ જાહેર થયાં છે કે જે હઝરતે મુસા અ૦ ના મોઅજીઝા જેવાં હોય? આપે ફરમાવ્યું હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ હઝરતે રસુલે ખુદા સ૦ ની જાન છે, અને હઝરતે રસુલે ખુદા સ૦ ના મોઅજીઝા તે હઝરતે અલી અ૦ ના મોઅજીઝા છે અને હઝરતે અલી અ૦ ના મોઅજીઝા તે હઝરતે રસુલે ખુદા સ૦ ના મોઅજીઝા છે. ખુદાએતઆલાએ સઘળા પયગમ્બરોના મોઅજીઝા હઝરતે રસુલે ખુદા સ૦ ને ઇનાયત ફરમાવ્યાં છે બલકે તે કરતાં વધારે અતા કર્યા છે. હઝરતે મુસાઅ૦ જયારે પોતાનો અસા ફેંકયો ત્યારે તે અજગર બની ગયો અને જાદુગરોના દોરડાંઓ અને લાકડીયોને ખાઇ ગયો, પણ હઝરતે મોહમ્મદ સ૦નો મોઅજીઝો તે કરતાં પણ વધારે મોહટો હતો કેમકે એક વખત તે જનાબની ખીદમતમાં કેટલાંક યહુદીયો હાજર થયાં અને તેઓએ ઘણાં સવાલ કર્યાં, હઝરતે રસુલે ખુદા સ૦ તેઓને જવાબ આપીને ખુદાની હુજ્જત તમામ કીધી, તે વખતે તે લોકોએ કહ્યું અએ મોહમ્મદસ૦ અગર આપ પયગમ્બરછો તો અમારા માટે હઝરતે મુસા અ૦ ના અસા જેવો કોઇ મોઅજીઝો દેખાડો. હઝરતે ફરમાવ્યું હું તમારા માટે જે કાંઇ લાવ્યો છું તે હઝરતે મુસા અ૦ ના અસા કરતાં બેહતર છે કેમકે મ્હારો મોઅજીઝો કુરઆન છે જે કયામત સુધી બાકી રહેશે અને તે દરેક ઝમાનામાં હકથી વિરૂદ્ધ ચાલનારા ઉપર પોતાની હુજ્જત તમામ કરે જશે. અને કોઇ શખસમાં એ તાકતની જરાએ શકતી નથી કે તેના મુકાબલામાં એક સુરો પણ લાવી શકે. અને હઝરતે મુસા અ૦ નો

અસા તેઓના ઝમાના માટે ખાસ હતો અને તેઓની બાદ તે બર તરફ થઇ ગયો, તોપણુ મ્હારી પાસે કુરઆનનો રોશન મોઅજીઝો હોવા છતાં હું તમોને એક મોઅજીઝો દેખાડુછું જે હઝરતે મુસા અ૦ના મોઅજીઝા કરતાં ઘણોજ અજાયબ અને આશ્ચર્ય કારક લાગે, કેમકે હઝરતે મુસા અ૦ નો અસા તેઓના હાથમાં રહેતો હતો જેને તેઓ ફેંકતા હતા, અને કિબ્તી કહેતા હતા કે તેઓએ પોતાની અસામાં કોઇ એવી જાતનો મકર અને હીલો રાખ્યોછે કે જેથી આમ થઇ જાય છે. પણુ મ્હારી હકીયત (ખરાપણુ) માટે ખુદાવંદે તઆલા કેટલીક લાકડીયોને અજગર બનાવશે કે જે સુધી મ્હારો હાથ અડયો નથી અને હું ત્યાં હાજર પણુ નહીં હોઉં, એટલે તમો તમારા ઘર તરફ જશો અને રાતરે પોતાની મજલિસમાં ભેગા થઇ બેસશો ત્યારે ખુદાએતઆલા એ ઘરની છતની તમામ વળીયોને સાંપ બનાવી દેશે, અને તે વળીયો એકસો કરતાં વધુ છે, જ્યારે તે વળીયો સાંપ થઇ જશે ત્યારે તમારામાંના ચાર જણાઓનું પીતુ ફાટી જશે અને બાકીના સઘળાં લોક બેહોશ થઇ જશે. અને બીજે દહાડે સવારના જ્યારે તમારી પાસે બીજા યહુદીયો આવશે અને તમો રાતનો કીસ્સો બયાન કરશો ત્યારે તેઓ માનશે નહી, તો વળી બીજી વાર તે લાકડીયો તેઓ માટે સાંપ થઇ જશે અને તેઓમાંથી કેટલાંક લોક હલાક અને કેટલાંક દીવાના થઇ જશે.

યહુદીયોએ જ્યારે હઝરતનો આ કલામ સાંભળ્યો ત્યારે ઘણું હંસ્યા અને એકબીજાને કહેવા લાગ્યા કે જુવો મોહમ્મદ સ૦ કેવો કેવો દાવો કરે છે ? અને કેવી રીતે હદથી વધી જઇ પોતાની સત્તા બહાર પગ મુકે છે?!! હઝરતે ફરમાવ્યું તમો હમણાં હંસો છો પણુ જ્યારે તે મોઅજીઝાને જોશો ત્યારે રડશો અને હયરતથી બેહોશ થઇ જશો. અગર તે વખતે તમો આ પ્રમાણે કહેશો કે **ખુદાવંદા મોહમ્મદ** સ૦ નો વાસ્તો કે જેઓને તેં બરગુઝીદાહ કીધા છે, અને **હઝરતે આલી અ૦**નો વાસ્તો કે જેઓને તેં માનવંતા કીધાછે અને તેઓના **અવલિયાઓનો** વાસ્તો કે જેઓના હુકમને માનનાર અને તેની પૈરવી કરનારને તેં ફઝીલત અતા ફરમાવી છે, અમોને આ ચીજો જોવાની શકતી અતા ફરમાવ; અને જે લોકો તે મજલિસમાં હલાક થશે તેઓ ઉપર પણુ અગર એજ દોઆ પડશે તો તેઓ પણુ સજીવન થઇ જશે.

જ્યારે તે લોકો પોતાના ઘરો તરફ પાછા ફરી ગયાં અને પોતાની મજલિસમાં એકઠાં થયાં ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ની વાત એક બીજાને કહેતા હતા અને હંસતા અને ઠઠ્ઠો મશ્કરી કરતા હતા; એટલામાં એકાએક ઘરની છત હલવા લાગી અને તે છતની સઘળી વળીયો સાંપ બની ગઇયો, અને તે સાંપ દીવાર ઉપરથી માથા બહાર કાઢી કાઢીને યહુદીયો ઉપર હમલો કરવા જતા હતા, પહેલાં તો તે સાંપોએ જેજે ચીજો ઘરમાં હતી જેવી કે કોઠી વાસણ કુસણ કુરસીયો નીસરણીયો ઇત્યાદી જે કઇ હતું તેને હોઇયાં કરી ગયાં, ત્યારબાદ હઝરતે જેજે બાબતોની ખબર આપી હતી તે સઘળી બાબતો બની. તેઓમાંના ચાર માણુસો હલાક થયાં અને બાકીના બેહોશ થઇ પડી ગયાં, અને કેટલાંકે જેવી રીતે શીખવવામાં આવ્યું હતું તેવી રીતે **હઝરતે મોહમ્મદ સ૦** અને તેઓની **અહલેબૈત અ૦ નો** વસીલો પકડયો, અને તેની બરકતથી તેઓને કુવ્વત હાસીલ થઇ અને તેના નુકસાનથી રક્ષણમાં રહ્યાં પછી એ દોઆ પેલા મુરદાઓ ઉપર પડયા તો તે પણુ સજીવન થયાં, યહુદીયોએ જ્યારે આ હાલ જોયો ત્યારે તેઓએ જાણ્યું આ દોઆ મુસ્તજાબ (કબુલ થનારી)છે. અને હઝરતે મોહમ્મદ સ૦ પોતાના કોલમાં સાચાં છે, પણુ એ હઝરત ઉપર ઇમાન લાવીયે તે બાબત આપણા ઉપર ઘણી ભારે

અને સખત છે માટે આપણુને લાઝીમ છે કે આપણે પાછા તેજ દોઆને પડીયે અને ખુદા-વંદે તઆલાની દરગાહમાં એ બુઝુર્ગવારોને પોતાના શફીઅ ઠરાવીયે કે જેથી હકતઆલા આપણા ઉપર ઇમાન લાવવું સ્હેલું અને આસાન કરે. જ્યારે તેઓએ દોઆ કીધી ત્યારે ખુદાએ તેઓના મન ઉપર ઇમાન પ્રિય કર્યું અને તેઓને ઇસ્લામ લાવવું આસાન કરીઆપ્યું અને તેઓના દીલોમાંથી કુફ્ર અને અદાવતને કાઢી નાંખી, પછી તે લોકો ખુદા અને તેના રસુલ ઉપર ઇમાન લાવ્યા, અને જ્યારે સવાર પડી ત્યારે બીજાં યહુદીયો ત્યાં એકઠાં થયાં અને જે કાંઇ હઝરતે ફરમાવ્યું હતું તે જોયું અને અચંબો અને આશ્ચર્ય પામ્યા, તેઓમાંના કેટલાક હલાક થઇ ગયા અને કેટલાક પોતાના કુફ્ર ઉપર બાકી રહ્યા.

* * * * * અને અગરચે હઝરતે મુસા
* મોઅજીઝો * અ૦નો હાથ "યદેબયઝા"
* ૯ મો. * (પ્રકાશીત હાથ) હતો, તો
* * * * * તેના મુકાબલામાં હઝરતે રસુલે ખુદા સ૦ નો હાથ તેના કરતાં વધારે રોશન અને ચઢીયાતો હતો, કેમકે ઘણીખરી વખત એમ બનતું હતું કે અંધારી રાતોમાં હઝરતે રસુલે ખુદા સ૦ હઝરતે હુસન અને હઝરતે હુસયન અ૦ ને બોલાવવા ચાહતા અને અવાજ આપતા કે અએ અબુમોહંમદ અએ અબુઅબ્દિલ્લાહ મ્હારી પાસે આવો, તો તે બન્ને શાહઝાદા જ્યાં હોતા ત્યાં ખુદાએ તઆલા તેઓના કાનમાં આ અવાજ પહોંચાડી દેતો ત્યારબાદ તે હઝરત પોતાની શહાદતની આંગળી દરવાજાઓના બાકામાંથી બહાર કાઢતાં તે આંગળીમાંથી એવું નુર નીકળતું જે સુર્ય અને ચંદ્રના પ્રકાશ કરતાં પણ વધી જતું અને તે બંન્ને શાહઝાદા ઇમામતના સીતારા તે નુરની રોશનીમાં આવતા, જ્યારે ઘરમાં દાખલ થતા ત્યારે હઝરત પોતાની આંગળી અંદર ખેંચી લેતા અને નૂર મટી જતું. અને જ્યારે તે બંન્ને શાહઝાદા પાછા જવા ચાહતા ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ દરવાજાના બાકામાંથી વળી પોતાની આંગળી બહાર કાઢતાં અને તે બન્ને શાહઝાદા તેની રોશનીમાં પોતાને ઘેર તશરીફ લઇ જતા.

* * * * * અને હકતઆલાએ કિબ્તી-
* મોઅજીઝો * યોને તોફાનમાં ગરક કર્યા
* ૧૦ મો. * તો તેના જેવો મોઅજીઝો
* * * * * હઝરતે રસુલે ખુદા સ૦ થી બન્યો છે અને મુશરીકો ઉપર પણ તેવો અઝાબ નાઝીલ થયો છે અને તેની કૈફીયત એ છે કે હઝરતના અસ્હાબમાંથી એક શખ્સ હતો જેને "સાબિત બિન અફ્લહ" કહેતા હતા તેણે કોઇ લડાઇમાં એક મુશરિક અને કાફરને કત્લ કીધો હતો, અને તે મુશરીકની સ્ત્રીએ જે મુસલમાને તેના શવહરને કત્લ કર્યો હતો તેની ખોપરીમાં શરાબ પીવાની માનતા માની હતી, ઓહોદની લડાઇમાં જ્યારે મુસલમાનો નાઠા ત્યારે સાબિત એક ઉંચી જગ્યા ઉપર કતલ થયો, અને તે ઓરતના ગુલામે તે ઓરતને સાબીત કત્લ થવાની ખબર આપી, તેણીએ આ ખુશખબરીના બદલામાં તે ગુલામને આઝાદ કર્યો અને પોતાની કનીઝ પણ તેને બક્ષી આપી. જ્યારે કાફેરો ત્યાંથી ફર્યા અને હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના અસ્હાબના દફનમાં મશગુલ થયા ત્યારે પેલી ઓરત અબુસુફયાન પાસે ગઇ અને તેને કહ્યું કે કોઇ માણસને મ્હારા ગુલામ સાથે રવાના કરકે તેઓ બન્ને જણ જઇને મ્હારા શવહરના કાતીલનું માથું કાપી લાવે અને હું મ્હારી માનતા પુરી કરી લઉં. તેથી અબુસુફયાને રાતના વખતે પોતાના અસ્હાબોમાંના બસો માણસો તે મુસલમાનનું માથું કાપવા માટે રવાના કર્યા. આ લોકો જ્યારે એ જગ્યાની પાસે પહોંચ્યા ત્યારે ખુદાએ તઆલાએ ભારે વરસાદ વરસાવ્યો જેમાં તે બસે માણસો ગરક થઇ ગયાં અને તેઓનો કાંઇ પત્તો

લાગ્યો નહીં. તો આ મોઅજીઝો હઝરતે મુસા અ૦ ના તોફાનના મોઅજીઝા કરતાં વધારે મોહટો છે.

મોઅજીઝો ૧૧ મો. — કીબ્તીયો ઉપર તીડ નાઝીલ

અને હકતઆલાએ અગર કીબ્તીયો ઉપર તીડ નાઝીલ કર્યા હતાં તો હઝરતના દુશ્મનો તરફ પણ તીડ મોકલ્યા હતા જે હઝરતે મુસા અ૦ ના તીડ કરતાં વધારે મોહટા અને વધારે સખત હતાં, કેમકે હઝરતે મુસા અ૦ નાં તીડે કાંઈ કિબ્તીઓને ખાધા નહતા પણ તેઓનો ખેતીને ખાધી હતી, પણ હઝરતે રસુલે ખુદા સ૦ ના તીડ દુશ્મનોને ખાઇ ગયાં, અને તે કીસ્સો એવી રીતે છે કે જ્યારે હઝરતે રસુલેખુદા સ૦ "શામ"ની તરફ તશરીફ લઇ ગયા અને ત્યાંથી મક્કામોઅઝ્ઝમા તરફ પાછા ફર્યા ત્યારે હઝરતને હલાક કરવાના ઈરાદાથી બસો યહુદીઓ શામથી નીકળ્યા અને તેઓ હઝરતની પાછળ પાછળ ચાલ્યા અને કોઇ તકમળી આવે તેનો લાગ જોતા હતા. અને તે હઝરતની આદત હતી કે જ્યારે જરૂરત માટે તશરીફ લઈ જતા ત્યારે ઝાડોની આડમાં છુપી જતાં અથવા કોઇ માણસ તેઓને ન જોઇ શકે એટલે દુર જતા હતા. એક દીવસ તે હઝરત જરૂરત માટે કાફેલાથી ઘણે દુર તશરીફ લઇ ગયા, તો તે વખતે સારી તક સમજી મલઉન યહુદીયો હઝરતની પાછળ ગયા અને તેઓની પાસે પહોંચ્યા અને ચારે તરફથી હઝરતને ઘેરી લઈ તલવારો ખેંચી આપને કતલ કરવાનો ઇરાદો કર્યો, એટલામાં એકાએક હકતઆલાએ હઝરતના પગ નીચેથી તીડની અસંખ્ય ફોજ બહાર કહાડી, તે તીડ તે યહુદીયોની આસપાસ વીંટળાઈ વળ્યા અને તેઓના શરીરનો ગોસ્ત ખાવા શરૂ કર્યા, તેથી તે લોકો પોતપોતાની ફિકરમાં પડી ગયાં અને તેઓને હઝરતની ફિકર રહી નહીં એટલે સુધી કે હઝરત ફારિગ થયો અને કાફેલા તરફ પાછા આવ્યા, કાફેલાવાળાઓએ પુછ્યું આપની પાછળ કેટલાક લોકો આવ્યા હતા તેઓનું શું થયું? ફરમાવ્યું તે લોકો મને હલાક કરવાની નિય્યતથી આવ્યા હતા, પણ હકતઆલાએ તેઓ ઉપર તીડ મોકલ્યાં, હવે તેઓ પોતાની બલામાં સપડાએલા છે. આથી કાફલાવાળાઓ તે લોકોની તરફ ગયા તો જોયું કે અસંખ્ય તીડ તેઓના શરીરને ચોંટયા છે અને તેઓનો ગોસ્ત ખાઇ રહ્યાં છે, તેઓમાંના કેટલાક હલાક થઇ મુઆ છે અને કેટલાક જીવતા છે અને કેટલાક હલાક થવાની નજીક છે, તો તે કાફલાવાળાઓ જ્યાં સુધી તેઓ હલાક થયા ત્યાં સુધી ત્યાં ઉભા રહ્યાં અને પછી ત્યાંથી કાફલાની તરફ પાછા આવ્યા.

મોઅજીઝો ૧૨ મો. — હઝરતે મુસા અ૦ ના દુશ્મનો ઉપર "જુ" નાઝીલ

અને હકતઆલાએ અગર હઝરતે મુસા અ૦ ના દુશ્મનો ઉપર "જુ" નાઝીલ કીધી હતી તો તેવીજ રીતે હઝરતે રસુલે ખુદા સ૦ ના દુશ્મનો ઉપર પણ "જુ"ઓ મોકલી અને તેની કયફીયત એ છે કે જ્યારે મદીનામાં તે હઝરતનો હુકમ જાહેર થયો અને આપનો દીન ચાલુ થયો, ત્યારે આપ એક દીવસ આપના અસ્હાબો સહિત બેઠા હતા અને હકતઆલાનું પોતાના પયગમ્બરોથી ઇમતેહાન લેવું અને તેઓનું તમામ મુસીબતોમાં સબર કરવું બયાન ફરમાવી રહ્યા હતા તો તે દરમિયાનમાં ફરમાવ્યું કે "રૂકન" અને "મકામ"ની વચ્ચે સીતેર પયગમ્બરોની કબરો છે જેઓ માત્ર ભુખ અને "જુ"થી હલાક થયા છે; તે વખતે યહુદી અને કુરેશીયોમાંના કેટલાક મુનાફિકોએ આપસમાં મશ્વેરો કર્યો કે આવો આપણે સંપ કરીયે, અને (મઆઝઅલ્લાહ) આ જુઠાને કતલ કરી નાંખીયે કે તે હવે પછી આવા જુઠા કલામ કહે નહીં, તે પછી તે બન્ને ટોળાથી બસો માણસોએ અરસપરસ કસમ ખાધી અને તકનો લાગ જોતા બેઠા એટલે

સુધી કે એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ મદીનાની બહાર એકલા તશરીફ લઇ ગયા તો તે લોકો મોકો જોઇ હઝરતની પાછળ રવાના થયાં, એટલામાં તેઓમાંના એક જણે પોતાના કપડા તરફ નજર કરી તો તેને તે ઉપર ઘણી જુવો જણાઈ, આથી તેણે જ્યારે પોતાનું બારણું ખોલ્યું ત્યારે પોતાના શરીર ઉપર અસંખ્ય જુઓ જણાઇ અને તરતજ શરીરમાં ખુજલી શરૂ થઈ, આથી તે શરમીંદા થયો અને ચાહ્યું નહીં કે તેના સાથી આ બાબતથી જાણીતાં થાય, તેથી તે પોતાના સાથીયોથી નાઠો અને એવી રીતે તેઓમાંનો દરેક જણ એજ પ્રમાણે પોતાનો હાલ જોતો હતો અને નાસતો હતો એટલે સુધી કે તેઓ પોતાના ઘેર પાછા આવ્યાં. અને તેઓએ ઘણો ઇલાજ કીધાં પણ તેથી તેઓને કાંઇ ફાયદો થયો નહીં બલકે દરરોજ "જુઓ" વધતી હતી એટલે સુધી કે તેઓના ગળામાં કાણાં પાડી નાંખ્યા, અને તેઓના ગળાની નીચે ખાણું પીણું ઉતરતું ન હતું અને તે પછી એ લોકો મરવા લાગ્યા, કેટલાંક પાંચ દીવસમાં અને કેટલાંક તેથી વધુ ઓછા દીવસમાં હલાક થયાં એટલે સુધી કે બે મહીનાની અંદર એ સરવે જણ એ જુ ભુખ અને પ્યાસનું દુઃખ વેઠી જહન્નમ વાસીલ થઈ ગયાં.

****
* મોઅજીઝો *
* ૧૩ મો. *
****

અગર હકતઆલાએ હઝરતેમુસાઅ૦ના દુશ્મનો ઉપર દેડકાંઓ મોકલ્યાં તો તેવીજ રીતે હઝરતે રસુલે ખુદા સ૦ ના દુશ્મન ઉપર પણ દેડકાં મોકલ્યાં હતાં, અને તેનો કીસ્સો એવી રીતે છે કે મક્કા મોઅઝ્ઝમામાં યહુદીયોમાંના બસો કાફેરો અને અરબ અને તમામ મુશરીકોએ હજના દીવસોમાં હઝરતને કતલ કરવા ઉપર એક સંપ કર્યો, અને તે ઇરાદાથી મદીના તરફ રવાના થયાં, અને કોઇ મનઝિલમાં એક હોઝ પાસે પહોંચ્યા તે હોઝનું પાણી ઘણું મીઠું અને સ્વચ્છ હતું, તો એ લોકોએ પોતાની મશ્કોમાંનું પાણી ઢોળી દઈ તે હોઝનું પાણી ભરી લીધું, જ્યારે તેઓ ત્યાંથી રવાના થયાં, અને બીજી મનઝીલમાં ઉતર્યા, તો હકતઆલાએ તેઓની મશ્કો ઉપર ઉંદરડા અને દેડકાં મોકલ્યા તેઓએ તેઓની મશ્કો કતરી ખાધી અને તેઓમાંનું સઘળું પાણી જંગલમાં વહી ગયું, જ્યારે તે લોકો તરસ્યા થયાં ત્યારે મશ્કો પાસે આવ્યા તો પાણી વહી ગયેલ જોયું તેથી ઘણી ઝડપથી તે હોઝ તરફ પાણી ભરવા માટે દોડયા ગયાં પણ ત્યાં ગયાં ત્યારે જોયું કે ઉંદરડા અને દેડકાઓ ક્યારના ત્યાં પહોંચી ગયાં છે અને તે હોઝમાં કાણાં અને બાકાં પાડી તેમાંનું પાણી આમતેમ જંગલમાં વહેવરાવી નાંખ્યું છે અને હોઝમાં એક ટીપું પણ બાકી નથી, તેથી તે સરવે પોતાની હયાતથી નાઉમેદ થઇ તે જંગલમાં તરસ્યાંને તરસ્યા હલાક થયા પણ તેઓમાંનો એકજણ ખબરદાર અને જાણીતો થયો કે સૈયદે અંબીયા હઝરતે રસુલે ખુદા સ૦ ની અદાવતના કારણથી આ બલા નાઝીલ થઇ છે. પછી પોતાના સીનામાંથી હઝરતનો કીનો દુર કરીને પોતાના દિલની તખ્તી ઉપર હઝરતની મોહબ્બતનો નકશ કોતર્યો અને વારંવાર હઝરતનું નામ બોલી બોલીને પોતાના પેટ ઉપર ફુંકતો અને કહેતો હતો અય પરવરદિગાર મેં મોહમ્મદ સ૦ ને ઇજા પહોંચાડવાથી તોબા કીધી, માટે મોહમ્મદ વઆલે મોહમ્મદનો વાસ્તો મને આ બલાથી નજાત અતા ફરમાવ. હકતઆલાએ તેને હઝરતની મોહબ્બતની બરકતથી સહીસલામત રાખ્યો અને તેનાથી તરશને દુર કીધી એટલે સુધી કે તે તરફથી એક કાફેલો નીકળ્યો અને કાફલાવાળાઓએ તેને પાણી પીવરાવ્યું, જે કાફેરો હલાક થયા હતાં તેઓના ઉંટ હજુ તરસ સહવાની શકતી રાખતા હતાં તેથી જીવતા હતા તેના ઉપર પોતાના રફીકોનો સરવે બોજ લાધ્યો અને પેલા કાફેલાની સાથે

હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં આ-વ્યો અને પોતાનો તથા પોતાના અસ્હાઓનો હાલ બયાન કીધો અને પછી ઇમાન લાવ્યો, હઝરતે તેનું ઇસ્લામ કબુલ ફરમાવ્યું અને તે ટોળાનો તમામ માલ તેને બક્ષી આપ્યો.

****
* મોઅજીઝો *
* ૧૪ મો. *
****

અને અગર હકતઆલાએ હઝરતે મુસા અ૦ના દુશ્મનો ઉપર "લોહી" મોકલ્યું હતું, તો એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ ફસ ખોલાવી અને જે લોહી નીકળ્યું તે અબુસઈદ ખુદરીને આપીને ફરમાવ્યું કે આ લોહી લઇ જઇને દફન કરી દે, અબુસઇદ ત્યાંથી બહાર નીકળ્યો અને તે લોહી પીઇ ગયો, જ્યારે પાછો હઝરતની ખિદમતમાં હાજર થયો ત્યારે હઝરતે પુછ્યું તેં પેલા લોહીને શું કીધું ? અરઝ કીધી યા રસુલલ્લાહ હું તે લોહીને પીઇ ગયો, ફરમાવ્યું શું મેં તને કહ્યું ન હતું કે દફન કરજે ? અરઝ કીધી મેં તેને એવા વાસણ (શરીર) માં છુપાવ્યું છે જે તેને જાળવી રાખશે, ફરમાવ્યું હવે પછી કદી તેવું કામ કરતો નહીં અને જાણ કે ત્હારૂં લોહી મ્હારા લોહી સાથે મળી ગયું તેથી ખુદાએતઆલાએ ત્હારા ઉપર જહન્નમની આગ હરામ કીધી, આ સાંભળીને ચાળીસ મુનાફીકોએ હઝરતની વાત મશ્કરીમાં ઉડાવી અને માંહેમાંહે ઠઠ્ઠાથી કહેવા લાગ્યા કે અબુસઇદ જહન્નમથી નજાત પામ્યો છે કેમકે તેનું અને મોહમ્મદ સ૦ નું લોહી મિશ્ર થયું છે અને તેઓ જુઠા અને તરકટ કરનારા છે, શું અગર આપણે હઈશું તો તેઓનું લોહી નહીં પીઈ શકીશે ? જ્યારે હઝરત વહીની મારફત તેઓના આ બેઅદબી ભરેલાં કલામથી વાકિફ થયાં ત્યારે ફરમાવ્યું કે હકતઆલા તેઓને લોહીથી હલાક કરશે. અગરચે મુસા અ૦ ની કોમ લોહીથી હલાક થઇ નથી, પછી થોડાંજ વખતમાં ઘણીજ જલ્દીથી તેઓના નાક અને દાંતની જડોમાંથી લોહી જારી થયું અને તે અઝાબમાં ચાળીસ દીવસ સુધી સપડાયલા રહ્યા અને ત્યાર બાદ આખિરતના અઝાબમાં પકડાયા.

****
* મોઅજીઝો *
* ૧૫ મો. *
****

અને અગરચે હકતઆલાએ હઝરતેમુસા અ૦ ના મુનકિરો અને દુશ્મનોને દુકાળ અને ઓછા મેવા પાકવાના અઝાબમાં સપડાવ્યા હતા તો એવીજ રીતે હઝરતે રસુલે ખુદા સ૦ના દુશ્મનોને પણ અઝાબમાં સપડાવેલ છે, કેમકે તે હઝરતે "મોઝિર" ના કબીલા ઉપર નફરીન કીધી અને કહ્યું ખુદાવંદા મોઝિર ઉપર પોતાનો સખત અઝાબ નાઝીલ કર અને હઝરતે યુસુફ અ૦ ના ઝમાનાના દુકાળ જેવો દુકાળ તેઓ ઉપર મોકલ તેથી હકતઆલાએ તેઓને દુકાળ અને ભુખની બલામાં ફસાવ્યા. વ્હેપારી લોકો આસપાસથી અનાજ લાવતા હતા પણ જ્યારે તે લોકો તેને ખરીદ કરતાં ત્યારે તેને ઘરોમાં લઇ જવા પહેલાં કીડા સડાવી નાંખતા હતા અને તે અનાજમાંથી દુર્ગંધ આવતી હતી. હાંસીલ કલામ આવી રીતે તેઓનો માલ બરબાદ થતો હતો અને ખાવાપીવાથી મહરૂમ રહેતા હતા, અને તે દુકાળનો અસર એટલે સુધી પ્રસરી ગયો કે તે લોકો મુરદાર કુતરાનો ગોસ્ત ખાતા અને પોતાના મુરદાઓના હાડકાં બાળીને ખાઇ જતાં બલકે પોતાના મુરદાઓની કબરો ખોદીને તેમાંથી ગોસ્ત અને હાડકાં કાઢીને ખાતા હતા, અને ઘણુંખરાં તો એવા દાખલા બનતા કે ઓરતો પોતાના બચ્ચાઓને મારી મારીને ખાઇ જતીયો, આખર કુરેશમાંના કેટલાંક રઇસો હઝરતે રસુલે ખુદાસ૦ની ખિદમતમાં હાજર થયાં અને અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ અગર અમોએ બદી કીધી છે તો અમારી ઓરતો અને અમારા બાલબચ્ચા અને ઢોરઢાંખર ઉપર તો રહમ ફરમાવો, હઝરતે ફરમાવ્યું આ દુકાળ તમારા માટે એક અઝાબ છે, અને બાલબચ્ચા અને હયવાનોને

હફતઆલા દીન દુન્યામાં બદલો આપશે કેમકે તેઓ માટે રહમત છે, ત્યારબાદ હઝરતે તે મોઝિરના ગુનાહ માફ ફરમાવ્યા અને કહ્યું ખુદાવંદા આ બલાને તેઓથી દુર કરી દે. પછી બહોળાઈ અને નેઅમત અને સારી હાલત તેઓ તરફ પાછી આવી, જેમકે ખુદાએ તઆલા ૩૦ મા પારામાં ફરમાવે છે "ફલ યઅબોદુ રબ્બ હાઝલ બયતિલ્લઝી અતઅમહુમ મિન જુઈન વ આમનહુમ મિન ખવફિન" તોલાઝિમ છે કે આ ખાનએ કઅબાના પરવરદિગારની ઇબાદત કરે કે જેણે તેઓને ભુખમાં ખાણું આપ્યું અને ખોફથી અમન અને અમાન અતા ફરમાવી.

*** * * * * મોઅજીઝો * ૧૬ મો. ***

અગર ફિરઔનની કૌમ માટે તેઓનો સઘળો માલ પત્થર થઇ ગયો તો હઝરતે મોહમ્મદ સ૦ અને હઝરતે અલી અ૦ માટે પણ એવો મોઅજીઝો જાહેર થયો, અને તેનો કીસ્સો એવી રીતે છે કે એક ઘરડો માણુસ પોતાના જવાન બેટાની સાથે હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં હાજર થયો અને ગીરયઓઝારી કરી અરજ કરવા લાગ્યો યા રસુલલ્લાહ સ૦ આ મ્હારો ફરઝંદ છે, મેં તેને ન્હાનપણામાં ભણાવી ગણાવી હુંશીયાર બનાવ્યો અને તેને મ્હારો પ્રીય રાખ્યો, અને તેના માટે મેં મ્હારો માલ ખરચ કર્યો, હવે તે માલદાર અને કુવ્વતવાન થયો છે અને મ્હારી કુવ્વત અને દૌલત નાબુદ થઈ ગઇ છે તોપણ મ્હારો આ છોકરો મને મ્હારી ખોરાકી જેટલું પણ આપતો નથી, હઝરતે તે જવાનને ફરમાવ્યું કે તું શું જવાબ આપે છે? તેણે અરઝ કીધી યા રસુલલ્લાહ મ્હારી પાસે મ્હારા બાલબચ્ચાની ખોરાકી કાઢતાં કાંઇ વધતું નથી કે તેને આપું, હઝરતે તે ઘરડા માણુસને પુછ્યું કે તું શું કહે છે? અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ ઘઉં જવ ખજુર અને દ્રાખના પોટલે પોટલા અને સોના ચાંદીની થેલીયો તેની પાસે મવજુદ છે ઉપરાંત તેની પાસે ઘણો માલ છે, તે જવાને કહ્યું યા રસુલલ્લાહ સ૦ જે વિશે તે કહે છે તે મ્હારી પાસે નથી. હઝરતે ફરમાવ્યું અમો આ મહીનામાં આ ઘરડા માણુસને ખોરાક આપીયે છીયે અને બીજા મહીને તું આપજે. પછી હઝરતે "ઉસામા"ને ફરમાવ્યું કે આ ઘરડા માણુસને સો દિરહમ આપ કે તે આ મહીનામાં પોતે અને પોતાના બાલ બચ્ચાના ખોરાકમાં ખરચ કરે, જ્યારે બીજો મહીનો શરૂ થયો ત્યારે પેલો ઘરડો માણુસ પોતાના છોકરાને હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં લાવ્યો અને શિકાયત કીધી, પણ તે જવાને વળી પાછો ઈન્કાર કર્યો અને કહ્યું કે મ્હારી પાસે કાંઇ ચીજ નથી. તે વખતે હઝરતે ફરમાવ્યું તું જુઠું બોલે છે ત્હારી પાસે ઘણો માલ છે પણ આજ રાતરે ત્હારા બાપ કરતાં પણ વધારે પરેશાન અને તંગહાલ બની જઇશ અને કોઇ ચીજ ત્હારી પાસે બાકી રહેશે નહીં, જ્યારે તે જવાન પોતાના ઘર તરફ પાછો ફર્યો ત્યારે તેના પાડોશીયોએ તેને આવીને કહ્યું કે ત્હારા પોટલા અમારી પડોશમાંથી ઉપાડી જા કેમકે અમો તેની બદબોથી હલાક થઇયે છીયે, આથી તે જવાન તેની પાસે ગયો તો જોયું કે ઘઉં અને જવ ઇત્યાદી સઘળું અનાજ સડી ગયું છે અને તે બેહદ દુરગંધ મારે છે, તેના પાડોશીયોએ તેને જબરાઇથી મજુરો લાવવા કહ્યું તેથી તેણે ભારે મજુરી આપવી કરી મજુરો બોલાવ્યા કે તેને ઉપાડીને મદીનાની બહાર ફેંકી દીયે. જ્યારે તે મજુરો તે ચીજો ફેંકી દઇ પાછા આવ્યા ત્યારે તે જવાન તેઓની મજુરી આપવા માટે નાણા કાઢવા પોતાની થેલીયો પાસે આવ્યો તો જોયું કે તેના તમામ દિરહમ અને દીનાર અને સોનું રૂપું સઘળું પત્થર થઇ ગયું છે, જ્યારે મજુરોએ પોતાની મજુરી માટે સખ્તી કીધી ત્યારે તેણે પોતાના ઘરનાં કપડાંલત્તાં અને બીછાણા વી૦ વેચી

તેઓને મજુરી આપી અને તેની પાસે એક ચંત જેટલીએ ખોરાકી રહી નહીં આખર તે ગમખાને ગમમાં બીમાર પડયો, પછી હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે એ લોકો જેઓ પોતાના માબાપના આકે હોય તેઓ આ બાબતથી શીખામણ અને નસીહત લીયો અને ખબરદાર થાઓ અને જાણો કે દુન્યામાં જેવી રીતે તેનો માલ બદલાઇ ગયો તેવી રીતે તેના માટે બેહિસ્તમાં જે દરેજા મુકરર થયા હતા તેના બદલ તેના માટે દોઝખમાં દરજા મુકરરર થયા, ત્યારબાદ હઝરતે ફરમાવ્યું કે હકતઆલાએ યહુદીયોની મઝિમ્મત કીધી છે કે આવા મોઅજીઝા જોવા બાદ પણ તેઓએ ગોસાલા પરસ્તી (વાછડો પુજવો) કીધી તો તમો લોકો કદી તેમના જેવા થતા નહીં, અરઝ કીધી યા રસુલે ખુદા સ૦ અમો તેઓ જેવા કેવી રીતે થઇશું? ફરમાવ્યું અગર ખુદાની બંદગીમાં કોઇ મખલુકની બંદગી કરશો અને ખુદા શીવાય બીજી કોઇ મખલુક ઉપર તવક્કલ અને ભરોસો રાખશો તો અલબત્તા યહુદીઓની ગોસાલા પરસ્તી જેવું થશે.

* * * * * અને મોઅતબર હદીસમાં
મોઅજીઝો હઝરતે મુસા બિન જઅફરથી
* ૯૭ મો. * મનકુલ છે કે શામના મુલક-
* * * * * નો એક યહુદી જેણે તવરેત અને ઇન્જીલ અને ઝબુર અને અંબીયાઓની તમામ કીતાબો વાંચી હતી અને તેઓના મોઅજીઝાથી જાણીતો હતો તે, જ્યારે હઝરતના અસ્હાબો તે હઝરતની મસજીદમાં બેઠેલા હતા ત્યારે મદીનામાં આવ્યો અને તે વખતે હઝરતે અમીરૂલ મોઅમેનીન અને ઇબ્ને અબ્બાસ અને અબુસઇદ જોહની પણ તેઓમાં બેઠા હતા પછી તે યહુદીયે કહ્યું એ મોહમ્મદ સ૦ ની ઉમ્મત કોઇ પયગમ્બરની કોઇ એવી ફઝીલત અને કોઇ એવો દરજો નથી કે જેનો તમો પોતાના પયગમ્બર માટે દાવો કરતા ન હો; તો અગર હું તમને સવાલ કરૂં તેનો જવાબ તમે મને આપી શકશો? આથી તમામ અસ્હાબો ખામોશ અને ચુપ રહ્યા પણ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું હા, એ યહુદી ખુદાએ તઆલાએ સરવે પયગમ્બરને જે જે ફઝીલતો અને દરજાઓ આપ્યા હતા તે સરવે અમારા પયગમ્બરને ઇનાયત ફરમાવ્યા બલકે તે કરતાં હજારો હીસ્સા વધારે ઇનાયત કીધા છે.

યહુદીએ કહ્યું હવે હું સવાલ કરૂં છું તમો જવાબ દેવા માટે તૈયાર થઇ જાઓ; હઝરતે ફરમાવ્યું, એ યહુદી સવાલ કર, યહુદીએ કહ્યું હકતઆલાએ ફિરિશ્તાઓને હુકમ આપ્યો કે હઝરતે આદમ અ૦ ને સીજદો કરો, શું હઝરતે મોહમ્મદ સ૦ વિશે પણ એવો કોઇ હુકમ થયો છે? હઝરતે ફરમાવ્યું મલાયકાઓએ હઝરતે આદમ અ૦ ને સીજદો કરવો કાંઇ પરસ્તીશ એટલે ઇબાદતની રૂએ નહતો બલકે તેઓની ફઝીલતની ઓળખાણ અને ઇકરારની રૂએ હતો, અને ખુદાએ તઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને તે કરતાં વધુ અને બેહતર ફઝીલતવાળી બાબતો અતા ફરમાવી, એટલે ખુદા અને તેના ફિરિશ્તાઓએ "મલકુતે અઅલા" માં તે હઝરત ઉપર સલવાત મોકલી, ઉપરાંત મોઅમેનો ઉપર પણ વાજીબ કીધું કે કયામત સુધી તે હઝરત ઉપર સલવાત મોકલે. યહુદીએ કહ્યું હકતઆલાએ હઝરતે આદમ અ૦ ની તોબા કબુલ ફરમાવી, હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને એ કરતાં પણ વધારે ઇનાયત ફરમાવ્યું એટલે હઝરતથી કોઇ ગુનાહ થયા વિના, ફરમાવ્યું છે કે લેયગ્ફેર લકલ્લાહો માતકદ્દમ મિન ઝન્બેક વમા તઅખ્ખર એટલે ખુદા તમારા માટે એ ગુનાહોને બક્ષી આપે કે જે થઇ ગયા છે અને જે થનારા છે, હઝરતે રસુલે ખુદા સ૦ જ્યારે કયામતમાં તશરીફ લાવશે તો આપના ઉપર એક રૂજકણ જેટલો ગુના

હશે નહીં. યહુદીએ કહ્યું હકતઆલાએ હઝરતે ઈદરીસ અ૦ ને મકામે બલંદ ઉપર લઇ ગયો અને મરવા બાદ તેઓને બેહિશ્તના મેવા અતા ફરમાવ્યા. હઝરતે ફરમાવ્યું ખુદાએતઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને એથી બેહતર અતા ફરમાવ્યું. કેમકે તે હઝરતને ખીતાબ કીધો કે "વરફઅના લક ઝિકરક" એટલે તમારા ઝીકરને અમોએ બલંદ કીધું અને હઝરતની શાન બલંદ હોવા માટે પણ તે કાફી છે. અને અગર હઝરતે ઇદરીસને તેઓની વફાત બાઅદ બેહિશ્તના મેવા ખવરાવ્યા તો હઝરતે મોહમ્મદ સ૦ ને કે તેઓ આબાબ તરફથી યતીમ હતા તેથી તેઓને દુન્યામાં બેહીશ્તના ખાણા ખવરાવ્યા. એક દીવસ જનાબે જીબરઇલ તે હઝરત માટે બેહિશ્તનો જામ લાવ્યા જેમાં બેહિશ્તના તોહફા ભરેલાં હતાં. જ્યારે તે જામ અને તોહફા હઝરતના હાથમાં આપ્યાં ત્યારે તે જામ અને તોહફા બોલ્યા. **"સુબહાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વલ્લાહો અકબર વલ હમ્દો લિલ્લાહે વ લાએલાહ ઇલ્લલ્લાહ"** પછી તે જામ મ્હારા અને ફાતેમા અ૦ અને હસન અને હુસયન અ૦ ના હાથમાં આપ્યો અને અમારા સરવેના હાથમાં તે જામ અને તોહફા બોલ્યા અને ખુદાની **તહલીલ**[1] **તસબીહ**[2] **તહમીદ**[3] અને **તકબીર**[4] કહેવા લાગ્યા, તે વખતે અસહાબોમાંના કોઇએ તે જામ પોતાના હાથમાં લેવા ચાહ્યું જીબરઇલે તેની પાસેથી છીનવીને હઝરતના હાથમાં આપ્યો અને કહ્યું કે આપ અને આપની અહલેબૈત આને ખાઓ આ બેહિશ્તનો તોહફો છે અને ખુદાએ આપ અને આપની અહલેબૈત માટે મોકલેલ છે. અને પયગમ્બર અથવા પયગમ્બરના વસીયો વિના બીજા કોઇને સજાવાર નથી કે દુન્યામાં બેહીશ્તનું ખાણું ખાય. પછી તે હઝરતે તેમાંથી ખાધું અને અમો અહલેબૈતે પણ તેમાંથી ખાધું અને હજુ સુધી મ્હારા ગળામાં તે ખાણાનો સ્વાદ રહી ગયો છે.

યહુદીએ કહ્યું હઝરતે નુહ અ૦ પોતાની ઉમ્મતોએ આપેલી સખ્તીયો ઉપર સબર કરી તે લોકો હઝરતે નુહને જેમ જેમ જુઠલાવતા હતા તેમ તેમ હઝરતે નુહ અ૦ તેઓને વધારેને વધારે હીદાયત તરફ બોલાવવામાં કોશીશ કરે જતા હતા, હઝરતે ફરમાવ્યું હા એ ખરી વાત છે પણ હઝરતે રસુલે ખુદા સ૦ મક્કામાં કુરેશીયોની ઈઝાઓ ઉપાડી તે ઉપર સબર કીધી અને તે લોકો જુઠલાવવામાં કોશીશ કરતા હતા એટલે સુધી કે તે હઝરતને પથરો વડે ઝખ્મી કરતા હતા અને અબુલહબે સાંઢણીની ઓર હઝરતના માથા ઉપર નાંખી તે વખતે ખુદાએતઆલાએ જાબીલ નામના ફિરીસ્તાને કે જે પહાડો ઉપર મોવક્કલ છે તેને હુકમ આપ્યો કે પર્વતોને ચીરી નાંખ અને હઝરતે મોહમ્મદ સ૦ પોતાની કૌમ વિશે જે હુકમ આપે તે પ્રમાણે તેઓની તાબેદારી કર. પછી તે ફીરીસ્તો હઝરતની ખીદમતમાં હાજર થયો અને અરઝ કીધી ખુદાએ મને એટલા માટે મોકલ્યો છે કે આપ જે હુકમ આપો તેને બજાવી લાવું, અગર આપ હુકમ આપો તો હું પર્વતોને જડમુળથી ઉખાડીને તેઓના માથા ઉપર ફેંકું કે જેથી તેઓ હલાક થઇ જાય. હઝરતે ફરમાવ્યું હું રહેમત માટે પયગમ્બર થયો છું, ખુદાવંદા મ્હારી કૌમને હીદાયત કર કેમકે આ લોકો નાદાન છે. અય યહુદી જ્યારે નુહ અ૦ જોયું કે તેઓની કૌમ ગરક થઇ ગઇ ત્યારે તેઓ પોતાના ફરઝંદ માટે રડયા અને તેના ઉપર પોતાની મ્હેરબાની જાહેર ફરમાવી અને કહ્યું ખુદાવંદા આ મ્હારો ફરઝંદ મ્હારી અહલથી છે, તો હકતઆલાએ તેઓની તસલ્લી માટે ફરમાવ્યું કે તે તમારી અહલમાંથી નથી તહકીક કે તે અમલ

[1] લાએલાહ ઈલ્લલ્લાહ [2] સુબહાનલ્લાહ [3] અલ્હમ્દોલિલ્લાહ. [4] અલ્લાહો અકબર.

અયોગ્ય અમલવાળોછે, પણ હઝરતે મોહમ્મદસ૦ જ્યારે જાણ્યું કે મ્હારી કોમના લોકો ખુદાના હુકમના દુશ્મન છે ત્યારે એકદમ તલવાર ખેંચી અને તે વખતે તેઓએ તેઓની સાથેના સગપણનો કાંઈ ખ્યાલ રાખ્યો નહીં અને તેઓને જરાએ રિક્કત થઈ નહીં અને તેઓની તરફ જરાએ મ્હેરબાની દર્શાવી નહીં બલકે તેઓને ખુદાના દુશ્મન સમજી કતલ કીધાં. યહુદીએ કહ્યું હઝરતે નુહ અ૦ પોતાની કોમ ઉપર નફરીન કીધી અને આસમાન ઉપરથી પુષ્કળ પાણી વરસ્યું. અને તેઓની કોમ ગરક થઈ ગઇ, હઝરતે ફરમાવ્યું હા એવી રીતે હતું પણ હઝરતે નુહ અ૦ ની દોઆ ગઝબની દોઆ હતી અને હઝરતે મોહમ્મદસ૦ પોતાની કોમ ઉપર **રહમત** નાઝીલ થવાની દોઆ કીધો અને આસમાન ઉપરથી રહમતનું પુષ્કળ પાણી વરસ્યું, અને તે કીસ્સો એવી રીતે છે છે કે જ્યારે તે હઝરતે મદીના તરફ હીજરત કરી આવ્યા ત્યારે જુમ્માના દીવસે મદીનાના રહેવાશીયો આપની ખીદમતમાં હાજર થઈ અરઝ કરવા લાગ્યા યા રસુલલ્લાહ અમારા ઊપર રહમતનો વરસાદ વરસતો નથી, ઝાડ સુકાઇ ગયાં છે અને પાંદ ખરી પડયાંછે, તેથી હઝરતે રસુલે ખુદા સ૦ આસમાન તરફ પોતાના હાથ એટલા ઉંચા કીધાં કે બગલની સુફેદી દેખાવા લાગી, અને તે વખતે આસમાન ઉપર વાદળ હતાં નહીં તો પણ હજુ હઝરત ત્યાંથી ઉઠયા ન હતા એટલામાં વરસાદ વરસવો શરૂ થયો અને એટલો વરસ્યો કે લોકો મુશ્કેલીથી પોતાને ઘેર ગયા. પછી સાત દીવસ સુધી વરસતો રહ્યો. બીજી જુમ્માએ લોકો હઝરતની ખિદમતમાં હાજર થયાં અને અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ હવે અમારા ઘર બેશી ગયા અને વરસાદ પુશ્કળ પડયો અને કાફેલાઓના રસ્તા બંધ થઈ ગયાં, આથી હઝરત જરા મુસ્કરાયા અને ફરમાવ્યું હઝરતે આદમ અ૦ ના ફરઝંદો કેટલાં જલદી નેઅમતથી પોતાને રંજ પહોંચાડે છે!!! પછી કહ્યું ખુદાવંદા આ પાણી અમારા ઉપર ન વરસાવ બલકે અમારી આસપાસની જગ્યાઓમાં જ્યાં ઘાંસ ઉગે છે અને જાનવરો ચરે છે ત્યાં વરસાવ, તો તેથી તરતજ મદીનામાં વરસવો બંધ થયો અને મદીનાની આસપાસનાં જગ્યાઓમાં વરસવા લાગ્યો. અને હઝરતે રસુલે ખુદા સ૦ ની કરામતથી મદીનામાં એક ટીપું પણ વરસતું ન હતું.

મોઅજીઝો ૧૮ મો.

યહુદીએ કહ્યું ખુદાએ તઆલાએ હવા થકી હઝરતે હુદ અ૦ નો બદલો તેઓના દુશ્મનોથી લીધો, હઝરતે ફરમાવ્યું હા એવીજ રીતે હતું પણ હઝરતે મોહમ્મદ સ૦ માટે તે કરતાં બેહતર અતા ફરમાવ્યું, એટલે ખંદકની લડાઇમાં એક હવા મોકલી જે સાથે કાંકરા પણ હતા અને તેની સાથે મલાયકાઓનું લશ્કર પણ મોકલ્યું જેને તે લોકો જોતાં ન હતાં, તો હઝરતે હુદ અ૦ ના મોઅજીઝા ઉપર આ મોઅજીઝો એ રીતે બેહતર છે, પહેલાં તો એ કે તે હવા સાથે આઠ હઝાર ફિરીશ્તા હતા, બીજું એ કે જનાબે હુદ અ૦ ની હવા તેઓની કોમ માટે ગઝબની હવા હતી અને આ હવા રહમતની હવા હતી કે મુસલમાનો નજાત પામ્યા અને કાફેરોને પણ કોઇ જાતની તકલીફ અને ઇઝા ન પહોંચી જેમકે હકતઆલા ફરમાવે છે **" યા અય્યોહલ્લ લઝીન આમનૂ ઉઝકોરૂ નેઅ્મતલ્લાહે અલયકુમ ઈઝ જાઅતકુમ જોનુદુન ફઅરસલના અલયહિમ રીહન વ જોનુદને લમ તરવ્હા. "**

મોઅજીઝો ૧૯ મો.

યહુદીએ કહ્યું હકતઆલાએ હઝરતે સાલેહ અ૦ માટે પત્થરથી સાંઢણી જાહેર કીધી કે તેથી તેઓની કોમ નસીહત પકડે, હઝરતે ફરમાવ્યું હા એવીજ રીતે હતું પણ મોહમ્મદસ૦ને એ કરતાં

બેહતર અતા ફરમાવ્યું. હઝરતે સાલેહ અ૦ ની ખીદમતમાં સાંઢણીએ હઝરતે સાલેહ અ૦ સાથે કલામ કર્યો નહતો અને તેઓની પયગમ્બરીની સાક્ષી આપી નહતી બલકે અમો કેટલીક લડાઇયોમાં તે હઝરતની ખિદમતમાં હાજર હતાં એટલામાં હઝરતની પાસે એક ઉંટ આવ્યું અને ફરિયાદ કીધી, પછી ખુદાએ તેને વાચા આપી અને તેણે કહ્યું યા રસુલલ્લાહ સ૦ ફલાણા શખ્સે મ્હારી પાસેથી એટલું કામ લીધું કે હું ઘરડો અને અશકત બની ગયો અને હવે મને નહેર કરવા ચાહે છે અને હું આપની પાસે પનાહ લાવ્યો છું. હઝરતે કોઇ માણસ મોકલીને તેના માલીકને બોલાવ્યો અને તેની પાસે તે ઉંટ માંગ્યું, તેણે હઝરતને તે ઉંટ બક્ષી આપ્યું, પછી આપે તેને મુકત કરી દીધું. પછી બીજે દીવસે અમો સઘળાં તે હઝરતની ખિદમતમાં હાજર હતાં એટલામાં એક અઅરાબી એક સાંઢણીને ખેંચતો ખેંચતો આવ્યો અને બીજો માણસ તે સાંઢણી માટે દાવો કરતો હતો અને પોતાની સાથે ગવાહોને પણ લાવ્યો હતો કે જેઓ જુઠી ગવાહી પુરતા હતા. પછી ખુદાના હુકમથી તે સાંઢણી બોલી કે યા રસુલલ્લાહ સ૦ ફલાણા માણસનો મ્હારામાં કાંઇ હક દાવો નથી અને હું ફલાણા અઅરાબીની મીલકતમાંથી છું અને ફલાણો યહુદી મને તે અઅરાબી પાસેથી ચોરી લઇ ગયો છે.

* * * * * યહુદીયે કહ્યું હકતઆલાએ
મોઅજીઝો હઝરતે ઇબરાહિમ અ૦ ને
* ૨૦ મો. * ન્હાનપણામાં આસમાન અને
* * * * * જમીનની અજાયબાતના
સબબથી ઇબરત હાસિલ કરવાની તૌફીક અતા ફરમાવી, અને તેઓ હકતઆલાની મઅરેફતમાં કામીલ થઇને હકને ઓળખવાની દલીલો બયાન ફરમાવતા હતા. હઝરતે ફરમાવ્યું હા એવીજ રીતે હતું પણ હઝરતે ઇબરાહીમ અ૦ પંદર વર્ષની બાઅદ આ બાબતોથી વાકિફ થયાં, અને જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ની ઉમર સાત વર્ષની થઇ ત્યારે નસારાના વ્હેપારીઓનું એક ટોળું મક્કામાં આવ્યું અને તે લોકો "સફા" અને "મરવા"ની વચ્ચે ઉતર્યા, તેઓમાંના કેટલાંકે હઝરતને જોઇને ઓળખ્યા કેમકે તે હઝરતનાં વખાણ કીતાબોમાં વાંચી ચુકયા હતા. પછી હઝરતને પુછ્યું આપનું નામ શું છે? ફરમાવ્યું મોહમ્મદ સ૦ પછી પુછ્યુ આપના બાપ કોણ છે ! ફરમાવ્યું અબ્દુલ્લાહ; પછી તે લોકોએ જમીનની તરફ ઇશારો કીધો અને પુછ્યું આનું નામ શું છે? ફરમાવ્યું જમીન, પછી આસમાનની તરફ ઇશારો કીધો અને પુછ્યું આ શું છે? ફરમાવ્યું આસમાન, પુછ્યું તે બન્નેનો પરવરદિગાર કોણછે? ફરમાવ્યું ખુદાવંદે આલમીન, તે પછી હઝરતે ગુસ્સે થઇને ફરમાવ્યું શું તમો એમ ચાહો છો કે મને મ્હારા દીન વિશે શકમાં નાંખો એ છતાં કે મૈં કદી મ્હારા દીનમાં શક કર્યો નથી ? તો અએ યહુદી જે લોકો મુર્તીયો પુજતા હતા અને જુગાર રમતા હતા અને ખુદાના શરીક ઠરાવતા હતા તે દરમીયાન જયારે હઝરત હતા ત્યારે તેઓએ ઇબરત પકડી હતી અને તેઓ એકલાજ "લાએલાહ ઇલ્લલ્લાહો" કહેતા હતા.

* * * * * યહુદીએ કહ્યું હઝરતે ઇબરાહીમ
મોઅજીઝો અ૦ નમરૂદથી ત્રણ હિજાબો
* ૨૧ મો. * (પરદાઓ)માં છુપા હતા. હઝરતે
* * * * * ફરમાવ્યું હા એવીજ રીતે છે
પણ હઝરતે મોહમ્મદ સ૦ જે તેઓના કતલનો ઇરાદો રાખતો હતો તેનાથી પાંચ હિજાબમાં હતા, તો હઝરતે રસુલે ખુદા સ૦ માટે હઝરતે ઇબરાહીમ અ૦ કરતાં બે હિજાબ વધારે થયાં; જેમકે હકતઆલા ફરમાવે છે "વજઅલ્ના મિનબયને અયદીહિમ્ સદ્દન" એટલે અને અમોએ તેઓની આગળ એક ભીંત મુકર્રર કીધી, અને આ પહેલો હિજાબ છે, "વમિને ખલ્ફેહિમ્ સદ્દન" અને તેઓની પાછળ એક ભીંત, અને ...

બીજો હિજાબ છે "વ્અગ્ગશયના ઉુમે ફહુમ લાયુબેસેરૂન" પછી અમોએ તેઓની આંખો ને બંધ કરી દીધી પછી તે લોકો જોતા ન હતા, અને આ ત્રીજો હીજાબ છે, અને બીજા મકામમાં ફરમાવ્યું છે "વએઝા કરઅતલ કુરઆન જઅલ્ના બયેનક વ બયેનલ્લઝીન લાયોઅમેનૂન બિલ આખેરતે હિજાબન મસ્તૂરા" એટલે અને જ્યારે તમે કુરઆન પડો છો ત્યારે અમો તમારી અને જેઓ આખેરત ઉપર ઇમાન લાવ્યા નથી તેઓની વચ્ચે એક છુપો પરદો અથવા છુપાવનાર પરદો મુકર્રર કરીયે છીયે અને આ ચોથો હિજાબ છે પછી ફરમાવ્યું છે—"ઇન્ના જઅલ્ના ફીઅઅનાકેહિમ અગ્લાલન ફહેય એલલ અઝકાને ફહુમ મુકમહૂન" એટલે તહકીક કે અમોએ તેઓના ગળામાં તોક પહેરાવ્યા અને તે તોક તેઓની હડપચીયો સાથે મળી ગયા અને આ લોકો એવા છે કે જેઓનાં માથાં હવામાં છે અને તેઓની આંખો બંધ છે, અને આ પાંચમો હિજાબ છે.

* * * * * યહુદીએ કહ્યું હઝરતે ઇ-
* મોઅજીઝો * બરાહીમ અ૦ તે કાફર
* ૨૨ મો. * ઉપર હુજ્જત તમામ કીધી
* * * * * જેણે તેઓ સાથે ઝગડો

કીધો, હઝરતે ફરમાવ્યું એક દિવસ હઝરતે રસુલે ખુદા સ૦ બેઠા હતા; તો આપની ખિદમતમાં એક શખ્સ આવ્યો જે કયામતમાં મુરદાઓ સજીવન થવાનો ઇન્કાર કરતો હતો અને તેનું નામ ઉબયબિન ખલફ હતું તેણે એક સડી અને ખવાઇ ગએલું હાડકું પોતાના હાથમાં રાખ્યું હતું, પછી તેણે તે હાડકાને ચુરેચુરા કરી નાંખ્યું અને કહેવા લાગ્યો કે આ સડી ગએલાં હાડકાંને કોણ જીવતું કરેછે? હકતઆલાએ તે હઝરત ઉપર વહી નાઝેલ ફરમાવી તો તેના જવાબમાં હઝરતે ફરમાવ્યું તેને એજ શખ્સ કરે છે જેણે પહેલી વખત તેને પેદા કરેલ છે, અને તે દરેક મખલુકનો આલિમ અને દાના છે. પછી તે શખ્સ હારી જઇ શરમાઇ જઇ પાછો ફરી ચાલ્યો ગયો.

* * * * * યહુદીએ કહ્યું હઝરતે ઇબ-
* મોઅજીઝો * રાહીમ અ૦ ખાસ ખુદાની
* ૨૩ મો. * ખુશી માટે ગુસ્સો કરી પોતા-
* * * * * ની કોમના બુતોને તોડી

નાંખ્યા. ફરમાવ્યું હઝરતે રસુલે ખુદા સ૦ કઅબામાંના ત્રણસોને સાઠ બુતો ખાસ ખુદાની ખુશી માટે તોડી નાંખ્યા અને તેઓને ઉંધા મોઢે ફેંકી દીધાં. અને આખા અરબસ્તાનમાંથી તેઓએ બુત પરસ્તીનો નાશ કીધો અને બુત પરસ્તોને પોતાની શમશીરવડે ખ્વાર અને ઝલીલ કીધાં.

* * * * * યહુદીએ કહ્યું હઝરતે ઇબ-
* મોઅજીઝો * રાહીમ અ૦ રાહે ખુદામાં
* ૨૪ મો. * કુરબાની કરવા માટે પોતાના
* * * * * ફરઝંદને સુવાડ્યા પછી ખુદાએ

તઆલાએ તેઓના બદલે બકરૂં મોકલ્યું અને તેઓએ પોતાનો ફરઝંદ ઝબ્હ કીધો નહીં પણ હઝરતે મોહમ્મદ સ૦ ને તે કરતાં પણ વધારે એક સખત દરદ પહોંચ્યું જ્યારે તેઓ ઓહોદની લડાઇમાં પોતાના કાકા જનાબે હમઝા ખુદાના શેર અને તેના દીનના યાવર અને મદદગાર હતા તેઓને કટકે કટકા થએલા જોયા ત્યારે તેઓ સાથે એવી મોહબ્બત રાખતા છતાં ખાસ ખુદાની ખુશી માટે તેના હુકમને માન આપ્યું અને કોઇ રીતની બેચેની કીધી નહીં ન તેઓએ આહ કીધી ન તેઓની આંખમાંથી આંસુ નીકળ્યાં, અને તેઓએ ફરમાવ્યું કે અગર મ્હારી બાઇ આ તરીકો ચાલુ રહેવાનો અને સફીયા ગમગીન થવાનો ખ્યાલ ન હોત તો અલબત્ત જનાબે હમઝા અ૦ ની લાશને એમને એમ પડી રહેવા દેતે કે ફાડી ખાનારા જાનવરો અને પક્ષીયો તેઓના ગોશ્ત ખાય અને કયામતમાં એ જાનવરોના પેટમાંથી તેઓ બહાર નીકળે.

મોઅજીઝો ૨૫ મો.

યહુદીએ કહ્યું હઝરતે ઇબરાહીમ અ૦ ને તેઓની કોમે અગ્નીમાં ફેંકયા અને ખુદાએતઆલાએ તેઓ માટે આગને ઠંડી કરી દીધી, હઝરતે ફરમાવ્યું જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ખયબરમાં તશરીફ લઇ ગયા ત્યારે એક ખયબરી ઔરતે આપને ઝેહર દીધું તો ખુદાએતઆલાએ તે મારી નાંખનાર ઝેહરની અગની હઝરતના પેટમાં ઠંડી કીધી એટલે સુધી કે હઝરતની ઉમર પુરી થઇ અને આખર એજ ઝેહરના કારણથી આ દુન્યાથી રેહલત કરી શહાદતનો સવાબ પણ પામ્યા.

મોઅજીઝો ૨૬ મો.

અને યહુદીએ કહ્યું હકતઆલાએ 'ખયરેઅઝીમ' ને હઝરતે યઅકુબ અ૦નો હિસ્સો મુકરરર કીધો કે "અસ્બાત" ને તેઓની નસલમાં પૈદા કીધાં અને જનાબે **મરયમ અ૦** પણ તેઓની અવલાદમાં હતા, હઝરતે ફરમાવ્યું હઝરતે મોહમ્મદ સ૦ ના હીસ્સામાં એથી વધારે ખયર અને બેહતરી મુકરરર કીધી કે **જનાબે ફાતેમા અ૦** કે જેઓ આખી સૃષ્ટીની ઓરતોની સરદાર છે તેઓ તેઓની દીકરી છે અને **હઝરતે હસન** અને **હુસયન અ૦** અને બાકીના અઇમ્માઓ હઝરતે ઇમામે હુસયન અ૦ ની નસલથી તેઓના ફરઝંદ છે.

મોઅજીઝો ૨૭ મો.

યહુદીએ કહ્યું હઝરતે યઅકુબ અ૦ પોતાના ફરઝંદની જુદાઇમાં એટલે સુધી સબર કીધો કે હલાકતની નજીક પહોંચ્યા. હઝરતે ફરમાવ્યું હઝરતે યઅકુબ અ૦ ગમગીન તો થયાં પણ છેવટે પોતાના ફરઝંદની મુલાકાત થઇ પણ હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના ઇખ્તીયારથી પોતાના ફરઝંદ ઇબરાહીમના મૌત ઉપર રાજી થયાં, અને તે ગમમાં સબર કર્યો અને ફરમાવ્યું નફસ ગમગીન છે અને દિલ બેતાબ છે અંએ ઇબરાહીમ અમો ત્હારા માટે ગમગીન છીયે, પણ એ કલેમો નથી કહેતા કે જે ખુદાની નારાજીનું કારણ હોય, અને તે હઝરત સઘળી બાબતોમાં ખુદાના બનાવો ઉપર રાજી હતા અને સઘળાં કામોમાં તેના ફરમાંબરદાર રહ્યાં. યહુદીએ કહ્યું હઝરતે યુસુફ અ૦ પોતાના બાપની જુદાઇ જોઈ અને મઅસીયત તરક કરવા માટે કેદખાનાની તકલીફ ઇખ્તીયાર કીધી અને તેઓને એકલા કુવામાં ફેંકી દીધાં. હઝરતે ફરમાવ્યું હઝરતે રસુલે ખુદા સ૦ મદીનાની તરફ હિજરત કીધી અને એ ખુદાના હુકમથી કે જે તેઓને અમનની અને તેમજ મોહબ્બતવાળી અને પાળણુ પોષણ થવાની જગો હતી તેનાથી જુદા થઇ મુસાફરી અને બેવતનીની કડવાશ ચાખી અને પોતાની અહલ અને અવલાદની જુદાઇ ઇખ્તીયાર કીધી. કઅબા અને મક્કાની જુદાઇથી થતાં તેઓના ગમને હકતઆલા જાણતો હતો, તેથી તેઓને હઝરતે યુસુફ અ૦ ના સ્વપ્ના જેવુ એક સ્વપ્નું દેખાડયું. પછી તે સ્વપ્નાની સત્યતા આખા આલમ ઉપર જાહેર કીધી જેમકે હકતઆલા ફરમાવે છે "**લકદ સદકલ્લાહો રસુલહુર રોઅયા બિલહક**" તે છેલ્લે સુધી. અને અગર હઝરતે યુસુફ અ૦ કેદખાનામાં કેદ રહ્યાં તો હઝરતે રસુલે ખુદા સ૦ ખાસ ખુદાની ખુશી માટે પોતે ત્રણ વર્ષ સુધી શેઅબે અબીતાલિબમાં એવી રીતે કેદ રહ્યાં કે તેઓના સગાવ્હાલા અને સ્નેહીયો તેઓથી દૂર થયાં અને દરેક રીતે તેઓ હઝરત ઉપર સખ્તી કરવા લાગ્યાં એટલે સુધી કે હકતઆલાએ પોતાની તદન અશકત મખલુક ઉધઈવડે તે દુશ્મનોનો મકર બરબાદ કીધો અને તેઓએ હઝરત સાથે કતઅરહેમી અને સગપણનો હક કાઢી નાંખવાનુ જે કરાર નામુ લખી રાખ્યું હતું અને તેને કઅબામાં લટકાવ્યું હતું તેને ઉધઇ ખાઇ ગઈ, અને તેથી તેઓનો કરાર બાતીલ થયો અને હઝરતની સચ્ચાઇ જાહેર

થઇ અને ત્યાર બાદ તેઓ, શોઆબે અબિતા-લિબની બહાર તશરીફ લાવ્યાં. યહુદીએ કહ્યું હકતઆલાએ હઝરતે મુસા અ૦ ઉપર તવરેત નાઝેલ ફરમાવી કે જે અહકામો અને ઇલાહી હીકમતોથી ભરપુર હતી, તો હઝરતે તેના જવાબમાં ફુરઆને શરીફના સુરાઓ, કે જે કેટલાંક ઇન્જીલના બદલામાં કેટલાંક તવરેતના બદલામાં કેટલાંક ઝબુરના બદલામાં અને કેટલાંક સોહોફે ઇબરાહીમ અને સોહોફે મુસા અ૦ ના બદલામાં અતા કર્યા છે તે અને એ ઉપરાંત બીજા નબીયોની કીતાબોથી વધારે જે મોહટા સાત સુરા અને સુરએ અલહંમ્દ તે તફસીલ સાથે ફરમાવ્યા અને ફરમાવ્યું કે ખુદાએતઆલાએ એ જનાબને તમામ કીતાબો અને બેહિસાબ હીકમતો ઇનાયત કીધી. યહુદીએ કહ્યું ખુદાએતઆલાએ હઝરતે મુસા અ૦ સાથે સીનાના પહાડ ઉપર વાતો કીધી, હઝરતે ફરમાવ્યું ખુદાએતઆલાએ અમારા પયગમ્બરો સાથે "સિદ્રતુલ મોન્તહા" પાસે કલામ કીધાં–

બેબીં તફાવતે રહ અઝ કુજાસ્ત તાબ કુજા

કયાં સીનાનો પહાડ અને કયાં સિદ્રતુલ મોન્તહા ?!! કેટલો તફાવત !!! અને તેથી આસમાનોમાં તે હઝરતનું મકામ મશહુર છે અને અરશે ઇલાહી ઉપર મર્ઝરૂફ છે, યહુદીએ કહ્યું હકતઆલાએ પોતાની તરફથી હઝરતે મુસા અ૦ ને એક મોહબ્બત આપી હતી કે જે કોઇ તેઓને જોતો હતો તે તેઓની મોહબ્બતમાં બેઇખ્તીયાર થઇ જતો હતો, હઝરતે ફરમાવ્યું હઝરતે રસુલે ખુદા સ૦ માટે તે કરતાં વધારે મોહબ્બત અને દરજ્જે મુકરરર કીધો, અને તે એ છે કે પોતાની વહદાનીયતની શહાદત (શાહેદી) રિસાલતની શહાદત નજદીક કીધી કે કોઇ જગ્યાએ "**અશહદો અને લાએલાહ ઇલ્લલ્લાહો**" નો અવાજ બુલંદ નથી કરતા પણ એ કે તેની પાછળ તરતજ '**અશહદો અન્ન મોહંમ્મદર રસુલુલ્લાહ**' પણ કહે છે.

મોઅજીઝો ૨૮ મો

યહુદીએ કહ્યું હઝરતે મુસા અ૦ ની ફઝીલતના કારણથી ખુદાએતઆલાએ તેઓની મા ઉપર વહી નાઝીલ ફરમાવી. હઝરતે ફરમાવ્યું ખુદાએતઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ની માદરને ફિરીશ્તાઓએ નિદા આપી અને ગવાહી આપી કે તેઓ રસુલે ખુદા સ૦ છે અને તેઓનું નામ તમામ કિતાબોમાં લખેલું છે, અને તેઓએ સ્વપ્નામાં પણ જોયું કે તેઓને કહે છે આ ફરઝંદ જે તમારા પેટમાં છે તે અવ્વલીન અને આખરીનના સરદાર છે. અને તેઓનું નામ મોહમ્મદ સ૦ રાખો, તો ખુદાએતઆલાએ તેઓ માટે પોતાના નામોમાંથી એક નામ બનાવ્યું, ખુદા "**અહંમુદ**" છે. અને તેઓ "**મોહંમ્મદ**" સ૦ છે.

મોઅજીઝો ૨૯ મો.

યહુદીએ કહ્યું ખુદાએ તઆલાએ હઝરતે મુસા અ૦ ને ફિરઔન ઉપર પયગમ્બર કરીને મોકલ્યા અને તેઓને મોહટી આયત (નીશાની) આપી, હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને ઘણાં ફિરઔનાયો ઉપર મોકલ્યા જેવાંકે અબુજેહલ, અત્બા અબુલ બખ્તરી, નઝરબિનુલહર્સ ઉમય્યા બિન ખલફ મમ્બા અને વલીદબિન મોગીરએ મખઝુમી, આસ બિનવાએલ સહમી, અસ્વદ બિન અબ્દ યગુસ ઝોહરી, અસ્વદ બિન મોત્તલિબ અને હારિસ તેલાતેલાકે તે પાંચ જણ હઝરતની મશ્કરી ઠઠ્ઠા કરતા હતા, તો ખુદાએ તઆલાએ દુન્યામાં અને તેઓના નફસોમાં એટલે સુધી નીશાનીયો અને મોઅજીઝા દેખાડયા કે તેઓ ઉપર જાહેર થઇ ગયું કે હઝરતે રસુલે ખુદા સ૦ હક ઉપર છે, યહુદીએ કહ્યું ખુદાએ તઆલાએ હઝરતે મુસા અ૦ માટે ફિરઔનથી બદલો લીધો. હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરત મોહમ્મદ સ૦ માટે પણ ફિરઔનથી બદલો લીધો, અને તે પાંચ શખસ કે જેઓ હઝરતની મશ્કરી ઠઠ્ઠા

કરતા હતા તેઓ વિશે ખુદાએ તઆલાએ ફરમાવ્યું "ઇન્ના કફયનાકલ મુસ્તહઝેઇન" એટલે તહકીકકે અમોએ મશ્કરી કરનારાઓના શર (દુષ્ટતા)થી તમારી કિફાયત કીધી. પછી તે પાંચે જણને એક દીવસમાં પ્રકાર પ્રકારના અઝાબમાં સપડાવી હલાક કર્યા, વલીદ એવી રીતે હલાક થયો કે તે એ જમાઆથી નીકળ્યો કે જયાં ખઝાઆમાંના એક માણસે તીર છોલ્યું હતું, તો તેમાંનો એક કટકો વલીદના પગમાં વાગ્યો અને તરતજ તેમાંથી લોહી જારી થયું, તેણે તે લોહી બંધ કરવા માટે ઘણીએ માથાકુટ કરી પણ તે લોહી બંધ થયું નહીં, તેથી વલીદ પલીદ ફરિયાદ કરતો હતો કે મોહમ્મદ સ૦ના પરવરદિગારે મને હલાક કીધો એટલેસુધીકે તે જહન્નમવાસિલ થયો. આસ બિન વાએલ કોઇ કામ માટે શેહરની બહાર નીકળ્યો, રસ્તામાં ચાલતાં તેના પગ નીચેથી એક પત્થર સરકી ગયો અને તેથી તે પહાડ ઉપરથી ભોય પડી ચુરેચુરા થઇ ગયો, અને તે પણ ફરિયાદ કરતો હતો કે મોહમ્મદ સ૦ ના ખુદાએ મને હલાક કીધો એટલેસુધીકે જહન્નમનું ઇંધણ થયો; અસ્વદ બિન અબ્દેયગુસ પોતાના ફરઝંદ "કમ્અ"ના ઇસ્તીકબાલ માટે શેહરની બહાર ગયો અને એક ઝાડના છાંયામાં ઠેહર્યો એટલામાં જીબરઇલ અ૦ આવ્યા અને તેના માથાને પકડી ઝાડ સાથે ટકરાવા લાગ્યા, તે પોતાના ગુલામને કહેતો હતો કે આ શખ્સને આમ કરવા દે નહીં, ગુલામ કહેતો હતો તું ત્હારી મેળે ત્હારૂં માથુ ફોડે છે હું તો કોઇને જોતો નથી !!! અને તે પણ ફરિયાદ કરતો હતો કે હઝરતે મોહમ્મદ સ૦ ના પરવરદિગારે મને હલાક કીધો એટલે સુધી જહન્નમ વાસિલ થયો, અસવદ બિન મોત્તલિબ પર હઝરતે રસુલે ખુદા સ૦ નફરીન કીધી કે ખુદાવંદા આને આંધળો અને ફરઝંદના મોતમાં ફસાવ. તે દીવસે તે પણ કોઈ કામ પ્રસંગે બહાર નીકળ્યો તો જીબરઇલે તેના મોંઢ ઉપર એક લીલું પાંદડું માર્યુ તો તે આંધળો થઇ ગયો અને પછી એટલે સુધી જીવતો રહ્યો કે તેણે પોતાના ફરઝંદનું મોત જોયું અને તેની સાથે પોતે પણ જહન્નમમાં પહોંચ્યો. હારિસ બિન તલાતેલાએ ખારી માછલી ખાધી અને તરસ્યો થયો તો એટલું પાણી પીધું કે તેનું પેટ ફાટી ગયું, તે પણ કહેતો હતો કે મને મોહમ્મદ સ૦ ના પરવરદિગારે હલાક કીધો અને આખર તે પણ જહન્નમ વાસીલ થયો, અને આ પાંચે જણ એક ઘડીમાં અઝાબ અંદર સપડાયા અને તેનું કારણ એ હતું કે એક દીવસ તે પાંચે જણ હઝરતે રસુલે ખુદા સ૦ની ખિદમતમાં આવ્યા અને કહ્યું એ મોહમ્મદ સ૦ અમો તમોને ઝોહરના વખત સુધી મોહલત આપીયે છીયે અગર તમો પોતાના કોલથી નહીં ફરો તો જરૂર અમો તમોને કતલ કરીશું, તેથી હઝરત ઉદાસ અને દીલગીરીમાં પોતાને ઘેર તશરીફ લાવ્યા અને ઘરનો દરવાજો બંધ કરી દીધો, તરતજ જીબરઇલ નાઝીલ થયા, અને આ આયત લાવ્યા "ફસદઅ બેમા તોમરો વ અઅરિઝ અનિલ મુશરેકીન" એટલે મક્કાના રહેવાશીયો ઉપર પોતાનો હુકમ જાહેર કરો અને તેઓને ઈમાન તરફ બોલાવો અને મુશરીકો તરફથી મોઢું ફેરવી લો. હઝરતે ફરમાવ્યું આ મશ્કરી કરનારાઓ કે જેઓએ મને ડરાવ્યો છે તેઓની સાથે શું કરૂં ? તો જીબરઇલ આ આયત પડ્યા. "ઇન્ના કફયનાકલ મુસ્તહઝેઇન" હઝરતે ફરમાવ્યું એ જીબરઇલ એ લોકો એકાદ ઘડી પહેલાં મ્હારી પાસે આવ્યાં હતા, જીબરઇલે કહ્યું મે તે સરવેને દફેઅ કરી દીધા. પછી તે હઝરત બહાર નીકળ્યા અને પોતાનો હુકમ જાહેર કીધો, અને બાકીના ફિરઓનોને ખુદાએ તઆલાએ ઓહદ તેમજ બદરની લડાઇમાં મલાયકાઓ અને મોઅમેનીનની તલવારથી હલાક કર્યા, અને બાકીના મુશરિકો નાશી ગયા.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએ તઆ-*મોઅજીઝો* લાએ હઝરતે મુસા અ૦ ને * ૩૦ મો. * અસા ઈનાયત કીધી હતી કે * * * * * તેને જ્યારે ફેંકતા હતા ત્યારે તે સાંપ થઇ જતી હતી, હઝરતે ફરમાવ્યું હકતઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને તે કરતાં વધારે બેહતર મોઅજીઝો અતા ફરમાવ્યો અને તે એવી રીતે કે અબુજેહલે એક વખત કોઇની પાસેથી એક ઉંટ વેચાતી લીધું હતું અને તેની કીંમત અદા કીધી નહતી અને પેલો ઉંટવાળો ત્યાં સુધી પહોંચી શકતો નહતો કેમકે તે શરાબ પીવામાં મશગુલ હતો, જે લોકો હઝરતે રસુલે ખુદા સ૦ ની મશ્કરી કરતા હતા તેઓમાંના કોઇએ એ શખ્સને પુછ્યું કે તું કોને શોધે છે? તેણે કહ્યું અમર બિન હશ્શામને, કેમકે મ્હારા ઉંટની કીમત તેની પાસે બાકી છે. તેણે કહ્યું તું ચાહે છે કે હું તને એવા શખ્સ પાસે લઈ જાઉં કે જે લોકોના હક અપાવે છે? ઉંટવાળાએ કહ્યું હા, પછી તે મલઊને તેને હઝરતે રસુલે ખુદા સ૦ નો પત્તો આપ્યો. અબુજેહલ હમેશા કહેતો હતો કે મોહમ્મદ સ૦ નું કોઈ કામ મ્હારા સંબંધમાં હોય તો હું તેઓની હાજત બરનલાવું બલકે તેઓની મશ્કરી કરૂં, તે માણુસ હઝરતે રસુલે ખુદા સ૦ ની ખિદમતમાં હાજર થયો અને અરઝ કરવા લાગ્યો કે મેં સાંભળ્યું છે કે આપ અને અમર બિન હશ્શામ વચ્ચે દોસ્તી અને આશનાઇ છે અને તેથી હું ચાહું છું કે આપ તેનાથી સિફારિશ કરો કે તે મ્હારો હક મને આપી દે. હઝરત ઉભા થયા અને તે શખ્સને સાથે લઈ તેના ઘરના દરવાજા ઉપર તશરીફ લાવી ફરમાવ્યું કે અએ અબુજેહલ ઉભો થા અને આ શખ્સનો હક હમણાં હાલઆપીદે, તેજ દીવસે હઝરતે રસુલે ખુદા સ૦ તેને તેની કુનીયતથી બોલાવ્યો હતો નહીંતો પહેલાં કદી તેને અબુજેહલ કહીને બોલાવ્યો નહતો, આથી અબુજેહલ તરતજ ઉભો થયો અને તે શખ્સનો હક અદા કરી પોતાની મજલીસ તરફ રવાના થઇ ગયો, તેના અસ્હાબમાંના કોઇએ કહ્યું આ માલ તેં માત્ર હઝરતે મોહમ્મદ સ૦ ના બીકથી આપ્યો, તેણે કહ્યું મને માફ રાખો કેમકે જ્યારે તે હઝરત મ્હારે ત્યાં આવ્યા ત્યારે મેં તેઓની જમણી બાજુએ કેટલાંક લોકોને જોયાં જેઓના હાથમાં ચમકતા હથીયાર હતા, અને તેઓની ડાબી બાજુએ બે મોહટા મોહટા અજગર દીઠાં જે દાંત ભીચડતા હતા અને તેઓની આંખોમાંથી ભડકા નીકળતા હતા, અગર હું ઈન્કાર કરતે તો મને ખૌફ હતો કે એ લોકો મ્હારા પેટને ચીરી નાંખે અથવા તે બે અજગર મ્હારા ચુરેચુરા કરી નાંખે. તો એક અજગર હઝરતે મુસા અ૦ના અજગરના બદલામાં અને પેલા હથીયારબંધ આઠ ફીરીશ્તાઓ અને બીજો અજગર તે બન્ને હઝરતે મોહમ્મદસ૦ને વધારે અતા ફરમાવ્યા. તહકીક કે તે હઝરત દીને હકનો દાઅવત અને હિદાયત કરવામાં કુરેશાયો ઉપર ઘણી સખ્તી કરતા હતા.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએ તઆ-*મોઅજીઝો* લાએ હઝરતે મુસા અ૦ ને * ૩૧ મો. * એવો પત્થર આપ્યો હતો કે * * * * * જેથી બાર ચશ્માં જારી થયાં હતાં. હઝરતે ફરમાવ્યું જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ હોદબીયામાં તશરીફ લાવ્યા અને ત્યાં પડાવ નાંખ્યો અને મક્કાના રહેવાશીયોએ તેઓને ઘેરી લીધાં, ત્યારે અસ્હાબોએ તે હઝરત પાસે તરશની શિકાયત કીધી અને નજીક હતું કે તરશ થકી તેઓનાં ચોપગાં હલાક થઇ જાય, તેથી હઝરતે એક વાસણ મંગાવીને પોતાનો હાથ મુબારક તે વાસણમાં મુકયો અને આપની આંગળીયોમાંથી એટલું પાણી જારી થયું કે સઘળાં અસ્હાબ અને ઢોરઢાંખર સૈર થઇ ગયાં અને પોતાની મશ્કોમાં પણ પાણી ભરી લીધું.

હઝરતે રસુલે ખુદા સ૦ ના મોઅજીઝા.

******** એક દીવસ હઝરત ઉભા
મોઅજીઝો થયા અને તેઓની અક્કલોને
* ૩૨ મો. * નાદાન કહી અને તેઓના
******** દીનના એબ કાઢયા અને તે-
ઓની મુર્તીયોને ગાળો દીધી અને તે ટોળાના બાપ દાદાઓને ગુમરાહ ઠરાવ્યા. આ બાબતથી તે લોકો ઘણા ગમગીન અને દીલગીર થયા અને અબુજેહલે કહ્યું વલ્લાહ અમારા માટે આ જીંદગી કરતાં મરવું બેહતર છે, શું કુરેશીયોના ટોળામાં કોઇ શખ્સ એવો નથી કે જે પોતાના કતલ થવા ઉપર તેયાર થાય અને હઝરતે મોહમ્મદ સ૦ ને કતલ કરે ? સરવે જણાઓએ કહ્યું નહીં. અબુજેહલે કહ્યું હું હઝરતને કતલ કરૂં છું, અને અબ્દુલ મુત્તલિબના ફરઝંદો અગર ચાહશે તો મને કતલ કરશે, અને અગર ચાહશે તો બખશી આપશે, કુરેશીયોએ કહ્યું અગર તું એમ કરીશ તો એવું છે કે ગોયા તેં તમામ મક્કાના લોકોના ઉપર એહસાન કીધું, અને તને આ એહસાનના કારણથી હમેશાં યાદ કરશે. અબુજેહલે કહ્યું તે હઝરત કઅબાની આસપાસ ઘણો સિજદો કરે છે, તો હવે જ્યારે તેઓ આવી કઅબાની આસપાસ સીજદો કરશે ત્યારે તેઓના માથા ઉપર એક પત્થર નાંખીશ. તે હઝરત જ્યારે કઅબાની પાસે આવ્યા અને સાત વખત તવાફ કીધો અને તવાફની બાઅદ નમાઝ પડયા અને પછી સિજદો કીધો અને સીજદાને લંબાવ્યો, તે વખતે અબુજેહલે એક ઘણો મોહટો પત્થર ઉપાડી લીધો અને હઝરતના માથાની અંદર તે પત્થર મારવા આવ્યો, પણ તેણે જોયું કે હઝરતની તરફથી એક મસ્તાન ઉંટ મોંહ ખોલીને તેની તરફ આવેછે, આ જોતાંજ અબુજેહલ ધ્રુજવા લાગ્યો, અને પેલો પથ્થર તેના હાથમાંથી છુટીને તેના પગ ઉપર પડયો અને તેના પગ ઝખ્મી થઇ ગયો. અબુજેહલ પોતાના લોહીલવાન પગ અને ફીકા પડી ગએલા ચ્હેરા સહિત પોતાની મંડળી તરફ પાછો આવ્યો; અને તેના શરીરમાંથી પરશેવો ટપકતો હતો, તેના અસ્હાબોએ કહ્યું અમોએ ત્હારો આવો હાલ કદી જોયો નહતો; તેણે કહ્યું મને માફ રાખો મેં એવો હાલ જોયો છે કે જે કદી જોયો નહતો.

* * * * * યહુદીએ કહ્યું હકતઆલાએ
મોઅજીઝો હઝરતે મુસા અ૦ ને નુરાની
* ૩૩ મો. * હાથ અતા ફરમાવ્યો હતો.
* * * * * હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ને એ કરતાં વધુ અતા ફરમાવ્યું, એટલે આપ જે મજલિસમાં તશરીફ રાખતા હતા તે મજલિસમાં આપની જમણી ડાબી બાજુએથી એવું નુર પ્રસરેલું રહેતું કે જેને સહુ કોઇ જોતું હતું. યહુદીએ કહ્યું હઝરતે મુસા અ૦ માટે દરિયામાં રસ્તો જાહેર થયો. હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરતે રસુલે ખુદા સ૦ માટે એ કરતાં બેહતર અતા ફરમાવ્યું જ્યારે અમો હોનૈનની લડાઇમાં તે હઝરતની સાથે હતા ત્યારે એક નદીના કીનારે પહોંચ્યા જેની ઉંડાઇ ચૌદ આદમના કદ જેટલી હતી. અસ્હાબોએ અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ હવે અમારો શો હાલ થશે ? અમારી આગળ નદી છે અને પાછળ દુશ્મન છે જેવી રીતે હઝરતે મુસા અ૦ ના અસ્હાબોએ કહ્યું હતું કે "ઈન્ના લ મુદ્દરકુન" તે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ સાંઢણી ઉપરથી નીચે ઉતર્યા અને કહ્યું ખુદાવંદા તેં દરેક પયગમ્બરે મુરસલ માટે એક મોઅજીઝો અતા કીધો છે, તો મ્હારા માટે પણ ત્હારી કુદરતની નીશાનીયો જાહેર ફરમાવ, એટલું કહીને અસ્વાર થયાં અને પાણી ઉપર ચાલ્યાં, તેથી આપની પાછળ પાછળ તમામ અસ્હાબો પણ પાણી ઉપર

ચાલ્યા અને પેલે પાર ઉતરી ગયાં પણ ઘોડાના ટાપુ જરાએ પલળ્યા નહતા. પછી ત્યાંથી પાછા ફર્યા.

* * * * * પછી એક વખત હોદૈબિયા-
મોઅજીઝો માં પાણી બાકી રહ્યું નહીં.
* ૩૪ મો. * અને તે જગ્યાએ એક કુવો
* * * * * હતો તે સુકાઇ ગયો હતો, તે વખતે હઝરતે પોતાની તરકીશમાંથી એક તીર કાઢીને બરાઅબિન આઝિબને આપ્યું અને ફરમાવ્યું આ તીર લઇજા અને તે સુકા કુવા માં ખોડી દે, જ્યારે તેને તે કુવામાં ખોડી દીધું ત્યારે તે તીર નીચેથી બાર ચશ્મા જારી થયાં.

* * * * * અને "મીકાત"ના દીવસે પણું
મોઅજીઝો હઝરતે મુસા અ૦ ના પત્થર
* ૩૫ મો. * ની જેમ હઝરતની પયગમ્બ-
રીનો ઇન્કાર કરનારાઓ માટે એક આયત અને ઇબિરત જાહેર થઇ, એટલે કોઇની પાસે પાણી નહતું અને સરવે જણ તરસ્યા હતા અને વઝુ માટે પણ પાણીની જરૂરત હતી, તેથી તે હઝરતે વઝુનું વાસણ મંગાવી તેમાં પોતાનો હાથ મુબારક મુકયો અને તેમાંથી પાણી જારી થયું તે એટલે સુધી કે ૮૦૦૦ માણસોએ વઝુ કીધુ અને તેઓએ અને તે-ઓના ઢોર ઢાંખરોએ તૃપ્ત થઇ પીધું, ત્યાર બાદ જેટલું ચાહ્યું તેટલું ભરી લીધું.

* * * * * યહુદીએ કહ્યું હકતઆલાએ
મોઅજીઝો હઝરતે મુસાઅ૦ માટે "મન"
* ૩૬ મો. * અને "સલવા" ઇનાયતકીધાં.
* * * * * હઝરતે ફરમાવ્યું હકતઆલાએ તે હઝરત અને તેઓની ઉમ્મત માટે કાફેરો-ની ગનીમત હલાલ કીધી. અને તેઓની પહેલે કોઇ માટે હલાલ નહતી અને તે ભુંજેલા મુરગ અને તુરંજબીન કરતાં બેહતર છે, બ-લકે એ કરતાં વધારે તે હઝરત અને તેઓની ઉમ્મતને એ બાબત અતા ફરમાવી કે નેક અમલનો ઇરાદો કરવામાં તેઓ માટે સવાબ મુકરરર કીધો, અને બીજી ઉમ્મતો માટે આ બાબતો મુકરરર કીધી નહતી; તો જે કોઇ હઝરતની ઉમ્મતમાંથી કોઇ નેક અમલનો ઇરાદો કરે અને તેને બજાવી ન લાવે તો તેના માટે એક સવાબ લખવામાં આવે છે અને અગર બજાવી લાવે તો તેના માટે દસ સવાબ લખવામાં આવે છે.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએતઆલા-
મોઅજીઝો એ હઝરતે મુસા અ૦ અને
* ૩૭ મો. * તેઓના લશ્કર ઉપર વાદળને
* * * * * સાએબાન (છાંયો આપનાર) બનાવ્યું હતું. હઝરતે ફરમાવ્યું હકતઆલાએ વાદળને હઝરતે મુસા અ૦ માટે એ વખતે સાએબાન બનાવ્યું હતું કે જે વખતે તેઓને તીહ નામના મૈદાનમાં હયરાન રાખ્યા હતા, પણ ખુદાએ તઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ માટે એથી વધારે બેહતર ઇનાયત ફરમાવ્યું કે તેઓના શીશ મુબારક ઉપર વાદળ તે હ-ઝરતની વીલાદતથી વફાત સુધી શું સફરમાં અને શું ઘેર હમેશાં છાંયો કરતું હતું.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએ તઆ-
મોઅજીઝો લાએ લોઢાને હઝરત દાઉદ
* ૩૮ મો. * અ૦ માટે નરમ કીધું કે
* * * * * તેઓ પોતાના હાથે ઝીરેહ (બખ્તર) બનાવતા હતા. હઝરતે ફરમાવ્યું હક તઆલાએ સખત પત્થરને ખંદકની લડાઈમાં તે હઝરત માટે નરમ કર્યો અને બયતુલ મુક-દ્દસના પત્થરને તે હઝરતના કદમ મુબારક નીચે નરમ ખમીર જેવો બનાવી દીધો, અને અમોએ ઘણી વખત લડાઇઓમાં એ હઝરતથી એવા ઘણા મોઅજીઝા જોયા છે.

* * * * * યહુદીએ કહ્યું હઝરતે દાઉદ
મોઅજીઝો અ૦ પોતાની ખતા ઉપર
* ૩૯ મો. * એટલું રડયા કે તેઓનીસાથે
* * * * * પર્વતો પણ રડયા અને ફરીયાદ કરવા લાગ્યા હઝરતે ફરમાવ્યું જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ નમાઝ માટે ઉભા થતા હતા તો ખુદાના ખૌફની શીદતથી તેઓની છાતી

મુબારકમાંથી બેહદ રડવાના કારણથી ચુલા ઉપરની ડેગના જોશ કરવા જેવો અવાજ નીકળતો હતો, એ છતાં કે હકતઆલાએ તેઓને અઝાબથી નીર્ભય કર્યા હતા, પણ હઝરત ચાહતા હતા કે પોતાના પરવરદીગારની રૂબરૂ નમ્રતા અને આજીઝી જાહેર કરે અને બીજા લોકો પણ આજીઝી અને ખઝુઅ અને ખુશુઅ કરવામાં તે હઝરતની પયરવી કરે, અને પોતે દસ વરસ સુધી પગની આંગળીયો ઉપર ઉભા રહીને નમાઝ પડયા એટલે સુધી કે આપના કદમ મુબારક સુજી ગયા અને તેઓનો લાલચોળ રંગ પીળો થઇ ગયો, અને આખી રાત નમાઝમાં ઉભા રહેતા હતા તે વખતે હકતઆલાએ આપ ઉપર ઠપકો મોકલ્યો કે અમોએ કુરઆનને એટલા માટે નાઝીલ કીધું નથી કે પોતાને સખ્તીમાં નાંખો. અને હઝરત એટલું રડતા હતા કે બેહોશ થઇ જતા હતા અને લોકો અરજ કરતા હતા યા રસુલલ્લાહ સ૦ શું ખુદાએ તઆલાએ આપના થએલા અને થનારા ગુનાહ બક્ષી આપ્યા નથી ? ફરમાવતા હતા હા, પણ શું હું પોતાના ખુદાનો શુકર કરનારો બંદો થઇ ન રહું ? પર્વતોએ હઝરતે દાઉદ અ૦ સાથે હરકત કીધી અને તસબીહ કીધી તો એક વખત હું તે હઝરતની સાથે "હરૌ"ના પહાડમાં હતો, એટલામાં તે પહાડ હલવા લાગ્યો, હઝરતે ફરમાવ્યું સ્થીર રહે ત્હારા ઉપર પયગમ્બર અને સિદ્દીક શહીદ શીવાય બીજું કાંઇ નથી, તો તે પહાડે હઝરતની તાબેદારી કીધી અને સ્થીર રહ્યો.

* * * * *
મોઅજીઝો
* ૪૦ મો. *
* * * * *

અને એક દીવસ અમો તે હઝરતની સાથે એક પહાડ તરફ નીકળ્યા અને તેમાંથી આંસુનાં ટીપાં પાણીની જેમ ટપકતા હતા. હઝરતે તે પહાડને પુછ્યું તું કેમ રડી રહ્યો છે? તે પહાડને ખુદાના હુકમથી વાચા આવી તેથી તે બોલ્યો કે યા રસુલલ્લાહ સ૦ હઝરતે ઇસા અ૦ એક દીવસ મ્હારી તરફથી નીકળ્યા અને તેઓ લોકોને એ આગીથી ડરાવતા હતા કે જેનું બળતણ બની આદમ અને પત્થર હશે; તો અત્યાર સુધી હું એ બીકથી રડી રહયો છું કે કદાચ હું પણ એ પત્થરોમાંથી ન હોઉં, હઝરતે ફરમાવ્યું ડર નહીં તે ગંધકનો પત્થર છે, પછી તે પહાડ ચુપ રહ્યો અને તેનું રડવું બંધ થયું.

* * * * *
મોઅજીઝો
* ૪૧ મો. *
* * * * *

યહુદીએ કહ્યું ખુદાએ તઆલાએ હઝરતે સુલયમાન અ૦ને એવી બાદશાહી આપી કે તેના જેવી બાદશાહી તેઓની બાઅદ બીજા કોઇને સઝાવાર નહતી. હઝરતે ફરમાવ્યું ખુદાએ તઆલાએ હઝરતે રસુલે ખુદા સ૦ ને એથી બેહતર અતા ફરમાવ્યું ખુદાતઆલાએ એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ પાસે એક ફીરીસ્તાને મોકલ્યો અને તે ફીરીસ્તો કદી જમીન ઉપર આવ્યો નહતો, તે ફીરીસ્તાએ કહ્યું અય મોહમ્મદ સ૦ અગર આપને હમેશા જમીન ઉપર નેઅમત અને બાદશાહી સાથે રહેવું મંજુર હોય તો લ્યો આ જમીનના ખઝાનાની ચાવીયો કે જે હું તમારા માટે લાવ્યો છું, અને સઘળા પર્વત ચાંદી સોનાના બની જશે અને આપ જ્યાં જશો ત્યાં આપની સાથે રહેશે, અને આખેરતમાં આપના માટે જે દરજાઓ મુકરરર થયા છે તેમાંથી પણ કાંઇ ઓછું થશે નહીં. તે વખતે જીબરઇલ અ૦ કે જેઓ તે હઝરતના ખલીલ હતા તેઓએ ફીરીસ્તાઓમાંથી હઝરતને ઇંશારો કર્યો કે આપ આજીઝી અને નમ્રતા ઈખ્તીયાર કરો. હઝરતે કહ્યું હું ખુદાનો પયગમ્બર અને તેનો એક ઝલીલ બંદો રહેવા ચાહું છું એક દીવસ પામું અને ખાઉં અને એક દીવસ ન પામું અને ન ખાઉં, અને ઘણી જલદી પોતાના ભાઇયોથી એટલે જે પયગમ્બરો કે આગળ ગુઝરી ગયા છે તેઓનો સાથે મળી જઇશ. પછી હકતઆલાએ આપના દરજાઓમાં હોઝે કવસર અને શફાઅતને

વધારી દીધી, અને દુન્યાની શરૂઆતથી કે આખર સુધીની સીત્તેર વખતની દુન્યાની બાદશાહી કરતાં આફતઓ બેહતર અને અફઝલ છે, અને ખુદાએ તઆલાએ તે હઝરતને "મકામે મહમુદ"નો વાયદો આપ્યો કે કયામતમાં તેઓને પોતાના અર્શ ઉપર બેસારે અને તે દીવસની બાદશાહી તેઓ માટે ખાસ કરે.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએ તઆલાએ હવાને હ૦ સુલયમાન અ૦ ના તાબે કીધી હતી અને તે હવા તેઓના તખતને સવારના એક મહીનાનો રસ્તો અને સાંજના એક મહીનાનો રસ્તો લઇ જતી હતી,
* મોઅજીઝો *
* ૪૨ મો. *
* * * * *
હઝરતે ફરમાવ્યું હકતઆલા હઝરતે રસુલે ખુદા સ૦ ને રાતના ત્રીજા ભાગથી પણ ઓછા વખતમાં "મસજીદે અકસા" સુધી લઇ ગયો કે જે એક મહીનાનો રસ્તો છે અને ત્યાંથી "મલકુતે સમાવાત" કે જે પચાસ હઝાર વરસનો રસ્તો છે ત્યાં લઇ ગયો પછી તેઓને "કાબૈકોસૈન" સુધી લઈ ગયો બલકે તે કરતાં પણ વધારે નજીક પહોંચાડ્યા અને તે હઝરતે અર્શની સાફ ઉપર પરવરદીગારે ઝુલજલાલના નુરને દીલની આંખ વડે જોયું; અને ખુદાએ તઆલાએ તે હઝરત ઉપર મ્હેરબાની ફરમાવ્યા બાદ બાજી ઉમ્મતો માટે જે સખત તકલીફો હતી તે હઝરતની ઉમ્મત માટે આસાન કરી દીધી.

* * * * * યહુદીએ કહ્યું ખુદાએતઆલાએ શયતાનોને હઝરતે સુલયમાન અ૦ ને તાબે કીધા હતા,
* મોઅજીઝો *
* ૪૩ મો. *
* * * * *
હઝરતે ફરમાવ્યું શયતાનો સુલયમાન અ૦ ના તાબે થયા પણ કાફર હતા, અને હકતઆલાએ શયતાનો અને જીનોનો હઝરતે રસુલે ખુદા સ૦ ના તાબે કીધાં અને તેઓ તે હઝરત ઉપર ઇમાન લાવ્યા. અને તેની કયફીયત એ છે કે "નસીબૈન" અને "યમન"ના જીનોના બુઝુર્ગો અને અશરાફોમાંથી નવ "જીન" કે જેઓ અમર બીન આમીરની અવલાદમાંથી હતા તેઓ તે હઝરતની ખીદમતમાં હાજર થયાં અને તે વખતે હઝરત બતનેનખલામાં તશરીફ રાખતા હતા અને એ સઘળાં ઇમાન લાવ્યાં જેમકે હકતઆલાએ તેઓનો કીસ્સો કુરઆનમાં બયાન ફરમાવેલ છે **વઇઝ સરફના એલયક નફરન મિનલે જીન્ને યસ્તમે ઉનલ કુરઆન** આ આયતથી પણ નવ જણ મુરાદ થાય છે, ત્યાર બાદ ઇકોતેર હઝાર જીનોએ આવીને એ અહદ ઉપર હઝરત સાથે બયઅત કીધી કે રોઝા રાખે નમાઝ પડે, ઝકાત આપે હજ અને જહાદ કરે મુસલમ.નોના ખૈરખ્વાહ રહે, અને તે સરવે જણાઓએ કુફર અને બુતપરસ્તીથી તોબા કીધી અને માફી ચાહી અને પોતાના ઇખ્તીયારથી મુસલમાન થયાં અને પોતાની મગરૂરી અને સરકશીને દુર કીધી, અને તે હઝરત સઘળાં બની આદમ અને સઘળાં બની જાન ઉપર પયગમ્બર થયાં હતાં.

* * * * * અને કબીલએ જોહનીયાનો એક શખ્સ કોઢની બીમારીમાં ફસાયો હતો તેના અવયવો ખરવા લાગ્યા તેથી તે શખ્સ
* મોઅજીઝો *
* ૪૪ મો. *
* * * * *
હઝરતની ખીદમતમાં હાજરથયો અને પોતાની બીમારીની શિકાયત કીધી, હઝરતે પાણીનો એક પ્યાલો લીધો, અને પોતાના મોંહનું પાણી તેમાં નાંખીને ફરમાવ્યું આ પાણી પોતાના શરીર ઉપર મસળ. જ્યારે તેણે એવું કીધું ત્યારે ફવરન શફા પામ્યો અને એવો થઇ ગયો કે જાણે તે કદી તે બલામાં ફસાયલો ન હતો.

* * * * * * યહુદીએ કહ્યું હકતઆ-
* મોઅજીઝો * લાએ જનાબે યહયા અ૦
* ૪૫ મો. * ને ન્હાનપણમાં ઇલ્મ અને
* * * * * * હીકમત આપી હતી અને

તેઓ પોતાથી કોઇ ગુનાહ બન્યા વીના રડતા હતા, હઝરતે ફરમાવ્યું હઝરતે યહયા એ ઝમાનામાં હતા કે જે ઝમાનામાં બુતપરસ્તી અને જાહેલીયત ન હતી, પણ ખુદાએતઆલાએ જનાબે રસુલે ખુદા સ૦ ને ન્હાનપણમાં ઇલ્મ અને ફહમ (સમજ) અતા ફરમાવી અને તે ઝમાનામાં હઝરત એ લોકો વચ્ચે હતા કે જેઓ બુતપરસ્ત અને શયતાનનું લશ્કર હતા, તે હઝરતે કદી બુતપરસ્તી તરફ વલણ કીધું નહીં અને તેઓની ઇબાદગાહમાં ગયા નથી, તે હઝરતથી કોઇએ કદી જુઠો કલામ સાંભળ્યો નથી, અને લોકો હમેશાં તેઓને સાચા પ્રમાણીક અને સહનશીલ કહેતા હતા અને એ હઝરત હમેશા એક અઠવાડીયું અથવા તેથી વધારે ઓછાં દીવસો ઉપરા ઉપર રોઝા રાખતા હતા અને તેની દરમીયાન દાણો પાણી ખાતા પીતા ન હતા અને ફરમાવતા હતા હું તમારા જેવો નથી, હું રાતને મ્હારા પરવરદીગાર પાસે ગાળું છું તે મને ખાણું પાણી આપે છે, અને કોઇ પણ જાતના ગુનાહ અથવા વાંક વિના ખુદાના ખોફથી એટલું રડતા હતા કે હઝરતની જા નમાઝ ભીની થઇ જતી હતી.

******** યહુદીએ કહ્યું કે બયાન કરેછે
મોઅજીઝો કે હઝરતે ઇસા અ૦ ઘોડીયા-
* ૪૬ મો.* માં કલામ કર્યો હતો, હઝરતે
******** ફરમાવ્યું જયારે હઝરતે રસુલે

ખુદા સ૦ માના પેટમાંથી જમીન ઉપર તશરીફ લાવ્યા ત્યારે તેઓએ પોતાનો ડાબો હાથ જમીન ઉપર મુકયો અને જમણો હાથ આસમાનની તરફ ઉંચો કરીને હોઠ મુબારક ઉપર કલેમએ શહાદત જારી કીધો, અને આપના મોંહ મુબારકમાંથી તે વખતે એટલું નુર પ્રસરી ગયું કે શામનો મુલક અને તેની આસપાસના મેહલો અને યમનના રાતા મેહલો અને ફારસનો કીલ્લો અને તેની આસપાસના સફેદ મેહલ સરવે નજર આવવા લગ્યા, અને આપની વિલાદતની રાત તમામ દુન્યામાં રોશન થઇ ગઇ અને જીન્નાત અને ઇનસાન અને શયતાનો ડરી ગયા અને કહેવા લાગ્યા દુન્યામાં કોઇ અજાએબ જેવો બનાવ બન્યો છે કે આવાં અજાયબ જેવાં ચિન્હ તેનાં છે અને તે નુરાની રાતરે મલાયકાઓને જોતા હતા કે આકાશ ઉપરથી ઉતરે છે અને પાછા આસમાન ઉપર ચઢે છે અને તેઓની તસબીહ અને તકદીસના અવાજ સાંભળતા હતા, અને સીતારાઓ બેતાબ થઇ અને ગભરાઇ જઇ ખરતા હતા અને દરેક બાજુએ શહાબના તીર પડતા હતા, આવી બાબતો જોઈ શયતાન બેકરાર થયો અને એ બનાવની તપાસ માટે તેણે આકાશ ઉપર જવા ચાહ્યું કેમકે તે ત્રીજા આસમાન સુધી જઈ શકતો હતો અને શયતાનો આસમાન ઉપર મલાયકાઓની વાતો સાંભળતા હતા પણ જયારે તે રાતરે શયતાનોએ આસમાન ઉપર જવા ચાહ્યું તો પોતાનો રસ્તો બંધ દીઠો, અને ફિરિશ્તાઓએ તેઓને દફે કરવા માટે શહાબના તીરને પોતાની કમાનોમાં જોડયા અને આ સઘળી બાબતો તે હઝરતની પયગમ્બરીની અલામતની દલીલોથી હતી.

******** યહુદીએ કહ્યું બયાન કરે છે
મોઅજીઝો કે હઝરતે ઇસા અ૦ ખુદાના
* ૪૭ મો. * હુકમથી આંધળા કુબડા અને
******** કોઢીયાળાઓને સારા કરતા

હતા હઝરતે ફરમાવ્યું હઝરતે રસુલે ખુદા સ૦ ઘણા બીમારોને અને બલામાં ફસાયલાઓને તંદુરસ્તી અને સહી સલામતી અતા ફરમાવી, તે શીવાય એક દીવસે આપે પોતાના અસ્હાબમાંથી કોઇનો હાલ પુછયો, લોકોએ અરઝ

કીધી યા રસુલલ્લાહ સ૦ તે બલાની સખ્તી· થી જે પક્ષીના બચ્ચાની પાંખો ખરી પડી હોય તેવો થઇ ગયો છે, હઝરત તેની અયાદત માટે તશરીફ લઇ ગયા અને તેને પુછ્યું શું તું તંદુરસ્તીના વખતમાં કોઈ દોઆ કરતો હતો ? અરઝ કીધી હા હું એ દોઆ કરતો હતો કે ખુદાવંદા તું આખેરતમાં મ્હારા ઉપર જે અઝાબ કરવાનો હોય તેને જલ્દીથી દુન્યા- માં મ્હારા ઉપર નાઝીલ ફરમાવ. હઝરતે ફર- માવ્યું કે આમ દોઆ કેમ ન કરી? "રબ્બના આતેના ફીદુન્યા હસનતન વફીલ આ- ખેરતે હસનતન વકેના અઝાબન્નાર"· એટલે એ અમારા પરવરદિગાર અમોને દુન્યા- માં નેઅમત અને રહમત નેક અને બેહતર અતા ફરમાવ, અને અમોને જહન્નમના અ ઝાબથી રક્ષણમાં રાખ, જ્યારે તે આ દોઆ પડયો ત્યારે તંદુરસ્તી પામ્યો ગોયા કેદમાંથી મુક્ત થઇ ગયો અને અમારા સાથે બહાર આવ્યો.

******** એવીજ રીતે એક વખત
મોઅજીઝો એક અઅરાબી કે જે કેટલા
* ૪૮ મો.* બીમારીમાં મુબ્તેલા હતો તે
******** હઝરતની ખીદમતમાં હાજર
થયો, અને હઝરતે તેના ઉપર પોતાના મોંહનુ પાણી મસળ્યું તો હજુ તે હઝરતની ખીદમતમાંથી ઉભો થયો નહતો ત્યાં તેને શફા હાસિલ થઇ.

* * * * * અને અગર તું એમ કહે કે
મોઅજીઝો હઝરતે ઈસા અ૦ દીવાનાઓને
* ૪૯ મો* અને જીનથી ઈજા પામેલા લે
* * * * * કોને નજાત આપતા હતા, તો
જાણ કે હઝરતે રસુલે ખુદા સ૦ એક દીવસ પોતાના અસ્હાબો સાથે બેઠા હતા એટલામાં એક ઓરતે આવીને કહ્યું યા રસુલલ્લાહ સ૦ મ્હારો ફરઝંદ હલાકતની નજદીક પહોંચ્યો છે, અને તેની પાસે· ખાણું લઇ જવામાં આવે છે તો તે બગાસા મરડે છે અને ખાણુ ખાતો નથી. હઝરત આ સાંભળીને ઉભા થયા અને તેના ઘર તરફ તશરીફ લઇ ગયા અને અમો સઘળાં હઝરતની સાથે હતા· જ્યારે તે બીમાર પાસે પહોંચ્યા ત્યારે ફરમાવ્યું અએ ખુદાના દુશ્મન ખુદાના દોસ્તથી દુર થા તહકીક કે હું રસુલલ્લાહ છું તો શયતાન તેનાથી દુર થઈ ગયો અને તે બેઠો થયો અને હજુ સુધી અમારા લશ્કરમાં છે અને આ પછી હઝરતે આંખ અને હાથ સારા કરવાના મોઅજીઝા જે ઉપર ૨૧૯ મા નંબરમાં લખાઇ ચુકયા તે બયાન કર્યા અને જંગે કઅબબિનુલ અશરફ માં મોહમ્મદ બિન મુસલેમ.ના હાથ ઉપર અને તેની આંખ ઉપર સદમો પહોંચ્યો તો તેના ઉપર પણ હઝરતે પોતાનો હાથ ફેરવીને તેને સહીહ અને દુરસ્ત કરી દીધો અને એ· વી રીતે અબ્દુલ્લાહ બિન અનસની આંખ ઉપર પણ સદમો પહોંચ્યો અને હઝરતે તેના ઉપર પોતાનો મુબારક હાથ ફેરવ્યો તો તે આંખ એવી થઈ ગઇ કે બીજીમાં અને તેમાં ફરક કરવો મુશ્કીલ હતો, અને આ સરવે આપની નબુવ્વતની દલીલો હતી.

* * * * * યહુદીએ કહ્યું બયાન કરે છે
* મોઅજીઝો * કે હઝરતે ઇસા અ૦ ખુદા·
* ૫૦ મો. * ના હુકમથી મુરદાઓને જીવતા
* * * * * કરતા હતા. હઝરતે રસુલે
ખુદા સ૦ ના હાથમાં કાંકરાઓ એવી રીતે તસબીહ કરતા હતા કે તેઓ કાંકરા હોવા છતાં તેઓના અવાજોને લોકો સાંભળતા હતા, અને સર્વે કોઈ જાણેછે કે તેઓમાં રૂહ નહતી, અને મુરદાઓએ હઝરત સાથે કલામ કર્યા અને જ્યારે ખુદાના અઝાબને જોયો ત્યારે હ· ઝરત પાસે ફરીયાદ પણ કીધી, તે હઝરત એક દીવસ પોતાના અસ્હાબો સાથે કોઇ શહીદ ઉપર નમાઝ પડયા પછી ફરમાવ્યું અહીંયા બની નજ્જારમાંથી કોઈછે, તેઓનો આ મૈય· તને બેહીસ્તના દરવાજાનાં ઉપર રોકી રાખી છે કેમકે તેણે ફલાણા યહુદી પાસેથી ત્રણ દીરહમ

ઉધાર લીધા હતાં અને તે તેણે અદા કર્યાં નહોતા, તો તેને તે ત્રણ દીરહમ આપી દઇ આ મઝ્હબિયતને મુકત કરાવે.

* * * * * અને અગર તું કહે છે કે *મોઅજીઝો* હઝરતે મોહમ્મદ સ૦ તે ક- * પર મો. * રતાં પણ વધારે અજબ * * * * * કામ કર્યું, એટલે જ્યારે તે હઝરત તાએફના કીલ્લામાં તશરીફ લાવ્યા અને ત્યાંના રહેનારાઓને ઘેરી લીધાં ત્યારે તેઓએ હઝરત માટે એક ઝેરવાળું ભુંજેલું બકરૂં મોકલ્યું તો તે બકરાની રાંગને વાચા આવી તેથી બોલ્યા કે યા રસુલલ્લાહ સ૦ મને ખાતા નહીં કેમકે તેમાં ઝેહર મળેલું છે, અને એતો જાહેર છે કે જીવતું હયવાન કલામ કરે તો તે ઘણા મોહટા મોઅજીઝાની વાત છે અને જ્યારે ઝબહ કરેલું અને ભુંજેલુ હયવાન કલામ કરે તો તે કેટલો મોહટો મોઅજીઝો હોવો જોઇએ? ઘણી વખત હઝરતે રસુલે ખુદા સ૦ ઝાડોને પોતાની પાસે બોલાવતા હતા અને તેઓ હઝરતની તાબેદારી કરતા હતા અને ઘણીજ જગ્યાએ હયવાન અને ચોપગા અને ફાડી ખાનાર જાનવરો તે હઝરત સાથે વાતો કરતાં હતાં અને આપની પયગમ્બરીની ગવાહી આપતા હતા અને લોકોને આપની વિરૂધ્ધતા કરવાની મનાઇ કરતા હતા અને આ બાબતો હઝરતે ઇસા અ૦ના મોઅજીઝાઓ કરતાં વધારે છે.

* * * * * યહુદીએ કહ્યું બયાન કરે છે *મોઅજીઝો* કે હઝરતે ઇસા અ૦ પોતાની * પર મો. * કોમને એ ચીજની ખબર * * * * * આપતા હતા જે તેઓ ખાતા હતા અને સંગ્રહ કરતા હતા, હઝરતે ફરમાવ્યું હઝરતે ઇસા અ૦ પોતાની કોમને એ ચીજની ખબર આપતા હતા જે ભીંતની પાછળ હોતી હતી: પણ હઝરતે રસુલે ખુદા સ૦ પોતાની કોમને મુતહની લડાઇના હાલની ખબર આપી, અને લડાઇની કયફીયત તેઓને બયાન ફરમાવી અને જે કોઇ શહીદ થયો તે ફરમાવતા કે હવે ફલાણો શખસ શહીદ થયો એ છતાં કે હઝરત અને તેઓની વચ્ચે એક મહીનાના રસ્તાનો ફાસલો હતો, અને ઘણીખરી વખત એમ બનતુ કે કોઈ શખસ કોઈ ચીજનો આપને સવાલ કરવા માટે આવતો, તો આપ ફરમાવતા કે તું ત્હારી હાજત બયાન કરે છે કે હું બયાન કરૂં ! તે કહે તો યા રસુલલ્લાહ સ૦ આપ બયાન ફરમાવો તો હઝરત ફરમાવતા કે તું ફલાણી હાજત અને ફલાણા મતલબ માટે આવ્યો છે અને જે કાંઇ તેના દીલમાં હોતું તે બયાન ફરમાવતા હતા, મક્કાવાળાઓને તેઓના છુપા ભેદની ખબર આપતા હતા, જેમકે જ્યારે ઉમરબિન વહબ મક્કાથી મદીનામાં આવ્યો અને હઝરત આગળ તેણે કહ્યું કે હું મ્હારા ફરઝંદને છોડાવવા માટે આવ્યોછુ, ફરમાવ્યું તુ જુઠું બોલે છે, બલકે "હતીમ" માં સિફવાનબિન ઉમય્યા સાથે ત્હારી મુલાકાત થઇ હતી, પછી તમો એ બદરમાં માર્યા ગએલાઓને યાદ કીધાં અને કહ્યું ખુદાની કસમ આ બાબતો કે જે હઝરતે મોહમ્મદ સ૦ આપણી સાથે કીધી છે તે પછી આપણું જીવવું ધુળછે અને મોત કરતાં વધારે ખરાબ છે, શું બદરમાં માર્યા ગએલાઓ કે જેઓને આપણે કુવામાં જોયાં છે તેઓની બાબદ આપણે જીવતા રહી શકીયે છીએ ? તો પછી તેં કહ્યું કે અગર હું દેવાદાર અને કુટુંબવાળો ન હોત તો અલબત્તા તને હઝરતે મોહમ્મદ સ૦ ની ફીકરથી ફારીગ અને મુકત કરી દેતે. સીફવાને કહ્યું હું ઝામીન થાઉછું કે હું ત્હારૂં કરઝ અદા કરીશ અને ત્હારી દીકરીને મ્હારી દીકરીયો સાથે રાખીશ અને જે કાંઇ મ્હારી દીકરીયોનો હાલ થશે તે ત્હારી છોકરીયોનો હાલ થશે, તે બાબતે તેં તેને કહ્યું કે આ મ્હારો ભેદ છુપો રાખ અને કોઇને કહે

નહીં અને મ્હારી સફરનો સામાન તઇયાર કરાવી દે કે હું જાઉં અને તેઓને કતલ કરી આવું. હવે તુ તે કામ કરવા માટે અહીંયા આવ્યો છે, તેણે કહ્યું યા રસુલલ્લાહ આપે રાસ્ત ફરમાવ્યું અને હું શાક્ષી આપુ છું કે ખુદા એકછે અને તમો તેના પયગમ્બરે બરહકછો, અને આવી બાબતો એટલી તો બની છે કે જેની ગણત્રી કરવી બનવાજોગ નથી.

* * * * * * યહુદીએ કહ્યું કે બયાન
* મોઅજીઝો * કરે છે કે હઝરતે ઇસાઅ૦
* ૫૩ મો. * માટી થકી જાનવરની આ-
* * * * * * કૃતી બનાવી તેમાં રૂહ
ફુંકી અને તે જાનવર બનીને ઉડી ગયું ફરમાવ્યું હઝરતે રસુલે ખુદા સ૦ પણ હોનેનની લડાઇમાં એના જેવું કર્યું કે એક પત્થરને ઉપાડી લીધો અને અમોએ તે પત્થરમાંથી તસબીહ અને તકદીસનો અવાજ સાંભળયો, પછી હઝરતે તે પત્થરને ફરમાવ્યું કે ફાટીજા તેથી તે પત્થરના ત્રણ ટુકડા થઇ ગયાં અને અમો તે દરેક કટકાથી એક બીજાથી જુદોજ તસબીહ અને તકદીસનો અવાજ સાંભળતા હતા.

* * * * * * એક વખત હઝરતે કોઇ
* મોઅજીઝો * ઝાડને બોલાવ્યું અને તેણે
* ૫૪ મો. * ફરમાંબરદારી કીધી અને
* * * * * * જમીનને ચીરી નાંખીને
હઝરતની ખીદમતમાં હાજર થયું પછી તેની દરેક શાખથી તસબીહ અને તકદીસ અને તહલીલના અવાજ બુલંદ થયાં, ત્યારબાદ હઝરતે તેને હુકમ આપ્યોં કે બે ટુકડા થઇ જા પછી તે બે ટુકડા થઇ ગયું, પછી ફરમાવ્યું પાછું મળી જા તો તે મળી ગયું, પછી ફરમાવ્યું મારી પયગમબરીની ગવાહી આપ જયારે તેણે ગવાહી આપી તો હુકમ આપ્યો કે પોતાની જગ્યાએ તસબીહ અને તહલીલ અને તકદીસ કરતું કરતું પાછું જા, તો તે એવી જ રીતે પાછું ફરી ગયું, અને આ બાબત મક્કામાં એક કરસાંબના ઘરની બાજુમાં બની હતી.

* * * * * યહુદીએ કહ્યું બયાન કરે છે
*મોઅજીઝો * કે હઝરતે ઇસા અ૦ મુસા-
* ૫૫ મો. * ફરી કરતા હતા, ફરમાવ્યું
* * * * * હઝરતે રસુલે ખુદા સ૦ વીસ
વર્ષ સુધી જહાદ કીધી, અને અરબસ્થાનના કાફેરોની સાથે જહાદ કરવા માટે પોતાના લશ્કરની સાથે સફરો કરતા રહ્યા અને ઘણા કાફેરોને શમશીરે આબદારથી કતલ કરીને જહન્નમમાં મોકલી દીધાં, અને તેઓમાંનો દરેક જણ શુજાઅત અને દીલેરી અને શમશેર મારવામાં ચારે તરફ મશહુર હતો, અને હઝરતે સફર કીધી નથી પણ દીનના દુશ્મનો સાથે જહાદ કરવા માટે, યહુદીએ કહ્યું બયાન કરે છે કે હઝરતે ઇસા અ૦ ઝાહીદ હતા હઝરતે ફરમાવ્યું હઝરતે મોહમ્મદ સ૦ સરવે અંબીયાઓ કરતાં વધારે ઝાહીદ હતા, તેઓને લોંડીઓ શીવાય તેર (૧૩) બીબીંયો હતી, અને કદી આપની સાગેથી એ થાળ ઉપાડવામાં આવ્યો નથી જેમાં કાંઇ ખાણું બાકી રહ્યું હોય, આપે ઘઉંની રોટલી ખાધી નથી તેમજ જવની રોટલીથી પણ લાગ લાગી ત્રણ દીવસ સુધી સૈર થયા નથી. જયારે આપે દુન્યામાંથી રેહલત ફરમાવી ત્યારે આપના ઝીરેહ એક યહુદીને ત્યાં ચઉદ દીરહમમાં ગીરવી હતી, અને મોહટા મોહટા શેહરો ફતેહ કરવા અને કાફેરોની ગનીમત લેવા છતાં આપની પાસેથી કાંઇ નીકળ્યું નહીં, ઘણીબારી વખત એમ બનતું હતું હતું કે એક દીવસમાં ત્રણ ચાર લાખ દિરહમ લોકોને વહેંચી આપતા હતા, પણ જયારે રાતરે આપની પાસે કોઇ સવાલ કરનાર આવતો અને સવાલ કરતો તો ફરમાવતા હતા એ ખુદાની કસમ ખાઉ છું કે જેણે મને સત્યતા સાથે જાહેર કીધો છે, કે આજ રાતરે આલે મોહમ્મદના ઘરમાં ન એક

પે૦ ૩૯ મો૦ ૫૫

સાઅ* જવ છે ન એક સાઅ ઘઉં છે અને એક દીનાર દીરહમ છે. તો યહુદીએ કહ્યું હું ગવાહી આપુછું કે એકજ ખુદા શીવાય બીજો કોઈ ખુદા નથી, અને ગવાહી આપુછું કે હઝરતે મોહમ્મદ સ૦ ખુદાના રસુલ છે, અને ગવાહી આપુછું કે ખુદાએ કોઇ રસુલ અને પયગમ્બરને કોઈ દરજો અને ફઝીલત નથી આપી પણ એ કે તે સરવેને હઝરતે રસુલે ખુદા સ૦ ની પાક ઝાતમાં એકઠી કીધેલ છે, બલકે જે કાંઇ બીજા પયગમ્બરોને આપ્યું હતું તે કરતાં હજારો દરજા વધારે આપને આપેલ છે, તે વખતે ઇબ્ને અબ્બાસે હઝરતે અલી અ૦ ને કહ્યું હું ગવાહી આપુછું કે આપ ઇલમમાં સંપુર્ણછો, હઝરતે ફરમાવ્યું હું એ બુઝુર્ગવારની ફઝીલતો કેમ બયાન ન કરૂં કે ખુદાએતઆલાએ જેના અખલાક (રીતભાત) ને પોતાની એવી અઝમત અને જલાલત હોવા છતાં અઝીમ અને બુઝુર્ગ કરાર આપીને ફરમાવ્યું કે "વઇન્નક લ અલાખોલોકિન અઝીમ.

* * * * * * અને હઝરતે ઇમામે
* મોઅજીઝો * હસને અસ્કરી અ૦ ની
* ૫૬ મો. * તફસીરમાં મઝકુર છે કે
* * * * * * જયારે હઝરતે રસુલે ખુદા સ૦ મદીનાની તરફ હીજરત કીધી અને આપની સત્યતાની અલામતો તેમજ પયગમ્બરીની સત્યતાના મોઅજીઝાઓ જાહેર થયાં તે વખતે યહુદીયોએ મકર અને ફરેબ કરવા શરૂ કર્યાં અને તે હઝરતના નુરને ઓલવવા અને તેઓની હુજ્જતોને બાતીલ ઠરાવવાની કોશીશ કરવા લાગ્યા, અને જે ટોળું હઝરતને જુઠ લાવવાની અને તેઓની હુજ્જતોને રદ કરવાની કોશીશ કરતું હતું તેઓમાંથી માલિકબીન સયફ અને કઅબબીન અશરફ અને હયબીન અખતબ અને જદીબિન અખતબ અને અબુ યાસીરબીન અખતબ અને અબુલેબાબા બિનઅબદુલ મોનઝર અને શઅબા પણ હતા. તો એક દીવસ માલિકે હઝરતે રસુલે ખુદા સ૦ને કહ્યું અએ મોહમ્મદ સ૦ આપ દાવો કરોછો કે આપ રસુલે ખુદા સ૦ છો, પણ જ્યાં સુધી આ ફર્શ કે જે ઉપર અમો બેઠા છીયે તે આપના ખરાપણા ઉપર શાક્ષી આપે નહીં ત્યાં સુધી હું ઇમાન નહીં લાવું. અબુલેબાબાએ કહ્યું જ્યાં સુધી આ મ્હારા હાથમાં જે તાઝયાનો (કોરડો) છે તે આપની પયગમ્બરી ઉપર શાક્ષી નહી આપે ત્યાં સુધી હું ઇમાન લાવીશ નહીં. કઅબ કહ્યું જ્યા સુધી આ ખચ્ચર કે જેના ઉપર હું સ્વાર છું તે આપના ખરાપણા ઉપર શાક્ષી નહીં આપે ત્યાં સુધી હું ઇમાન લાવીશ નહીં. હઝરતે ફરમાવ્યું હુજ્જતો અને મોઅજીઝાઓ જાહેર થયા બાઅદ ખુદાનાં દરગાહમાં આવો માંગણીયો કરવી બંદાને લાઝીમ નથી, બલકે જે કાંઈ તેણે જાહેર કીધું છે તે ઉપર સંતોષ માનો, શું ત્હમારા માટે એ બાબત બસ નથી કે ખુદાએતઆલાએ મ્હારા ગુણ અને મ્હારી નબુવ્વતનુ ખરાપણું તવરેત અને ઇન્જીલ અને ઇબરાહીમ અ૦ ના સહીફાઓમાં વર્ણવેલ છે? અને તમાં લખેલું છે કે હઝરતે અલી ઇબ્ને અબીતાલીબ અ૦ મ્હારો ભાઈ અને મ્હારો વસી અને ખલીફા છે અને મ્હારી બાઅદ સઘળી મખલુકાત કરતાં વધારે બેહતર છે, અને શું ખુદાએતઆલાએ મ્હારામાટે કુરઆન જેવો જાહેર અને રોશન મોઅજીઝો મોકલ્યો તે તમારા માટે બસ નથી ? કે આખી મખલુકાત તેના જેવું લાવવાથી આજીઝ છે, અને જે કાંઇ તમોએ માંગ્યું તે માંગવાની હું ખુદા પાસે હીમ્મત રાખતો નથી બલકે હું તમોને કહુછું કે ખુદાએતઆલાએ મને જેટલા મોઅજીઝા અને દલીલો અતા કીધી છે તેજ મ્હારા અને તમારા માટે બસ છે, અગર જો તે તમારા સવાલોને અતા કરશે, તો મ્હારા ઉપર

* આશરે ૭ રતલ.

અને તમારા ઉપર તેનો એહસાન અને લુત્ફ વધારે થશે. અને અગર અતા નહીં કરે તો તેનું કારણ એ હશે કે તે ચીજોને અતા કરવામાં મસલેહત નથી, અને જે કાંઇ તે અતા કરી ચુકયો છે તે હુજ્જત તમામ કરવા માટે બસ છે. તે હઝરત જ્યારે આ કલામ પુરો કહી રહ્યા ત્યારે તરતજ ખુદાના હુકમથી ફર્શ (બીછાણા) ને વાચા આવી અને બોલ્યું શાક્ષી આપુંછું કે મઅબુદે યકતા શીવાય બીજો કોઇ ખુદા નથી અને તેનો કોઇ શરીક નથી અને પૈદા કરવામાં અને સરવે ચીજોના તરબીયત કરવામાં તે એકલોજ છે, દરેક ચીજ તેની મોહતાજ છે અને તે કોઈ ચીજનો મોહતાજ નથી તેનો હાલ બદલાઇ જવો અને તેનું નીસ્ત થવું બનવાજોગ નથી. અને તેના માટે જોરૂ બચ્ચા કહેવા જાયઝ નથી તે કોઇને પોતાના હુકમમાં શરીક કરતો નથી, અને યા મોહમ્મદ સ૦ આપના માટે ગવાહી આપુછું કે આપ તેના બંદા અને રસુલ છો, અને આપને હીદાયત અને હક દીનની સાથે મોકલેલ છે કે આપના દીનને તમામ દુન્યાના દીન ઉપર ગાલીબ કરે જો કે મુશરીકો ન ચાહે, અને શાક્ષી આપુછું કે અલીઇબ્ને અબીતાલિબ અ૦ આપના ભાઇ અને વસી અને આપની ઉમ્મતમાં ખલીફા અને આપની બાઅદ સરવે મખલુકાત કરતાં બેહતર છે, જે કોઇ તેઓ સાથે દોસ્તી રાખે તેણે આપથી દોસ્તી રાખી, અને જે કોઇ તેઓથી દુશ્મની રાખે તેણે આપથી દુશ્મની રાખી, જેણે તેઓની તાબેદારી કીધી તેણે આપની તાબેદારી કીધી, અને જેણે તેઓનો ગુનાહ કીધો તેણે આપનો ગુનાહ કીધો. અને જેણે આપની તાબેદારી કીધી તેણે ખુદાની તાબેદારી કીધી અને તે ખુદાની ખુશનુદીના કારણથી નેકબખ્તીનો હકદાર થાય છે, અને જે કોઇ આપની નાફરમાની કરે તેણે ખુદાની નાફરમાની કીધી; અને તે જહન્નમમાં દુઃખદાયક અઝાબનો હકદાર થાય છે. યહુદીયોએ જ્યારે આ હાલ જોયો ત્યારે અજબ થયા. અને બોલ્યા કે આ કાંઇ નથી પણ એક જાહેર જાદુ. જ્યારે તે લોકોએ આ વાત કહી ત્યારે તે ફરશ હલવા લાગ્યું અને ઉચું થઇ જે લોકો તેના ઉપર બેઠા હતા તેઓને ઉંધે મોઢે ફેંકી દીધા. પછી ખુદાએ વળી તેને બીજી વખત વાચા આપી અને બોલ્યું કે અગરચે હું ફરશછું પણ ખુદાએતઆલાએ મને બુઝુર્ગી આપી, કેમકે તેણે મને પોતાની તવહીદ અને તમજીદની અને હઝરતે મોહમ્મદ મુસ્તફા સ૦ કે તેઓ તમામ પયગમ્બરો કરતાં બેહતર છે અને સઘળી મખલુકાત તરફ ખુદાએતઆલાના રસુલ છે, અને ખુદાના બંદાઓ વચ્ચે અદાલત (ન્યાય) અને હક (સત્યતા) ની સાથે વરતે છે તે બાબતની અને તેઓના ભાઇ કે જેઓ તેઓના વસી અને વઝીર છે અને તેઓના નુરથી પૈદા કરવામાં આવેલાં છે અને તેઓના ખલીફ અને દોસ્ત અને તેઓના કરારને અદા કરનારા અને તેઓના વાયદાઓને વફા કરનાર અને તેઓના દોસ્તોની મદદ કરનારા અને તેઓના દુશ્મનોને હલાક કરનારાં છે તેઓની ઇમામતની ગવાહી આપવા માટે મને વાચા આપી તો હઝરતે મોહમ્મદ સ૦ જેને ઇમામ મુકરરર કીધાં તેની હું તાબેદારી કરૂંછું અને જે તેઓ સાથે દુશ્મની રાખે છે તેનાથી હું બેઝારછું, અને સજાવાર નથી કે કાફરો મ્હારા ઉપર પગ મુકે અથવા મ્હારા ઉપર બેસે, અને જેઓ ખુદા અને તેના રસુલ અને તેઓના વસી ઉપર ઇમાન લાવ્યા હોય તેઓ શીવાય બીજા કોઇએ મ્હારા ઉપર બેસવું લાઝીમ નથી. તે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ સલમાન ર૦ અબુઝર ર૦ અને મીકદાદ ર૦ અને અમ્માર ર૦ ને ફરમાવ્યું ઉઠો અને આ ફરશ ઉપર બેસો કે જે બાબતની તેણે શાક્ષી આપી છે તે ઉપર તમો ઇમાન લાવ્યાછો.

* * * * - જ્યારે તે અસ્હાબો તે ફર્શો *મોઅજીઝો* ઉપર બેઠા ત્યારે ખુદાએતઆ:- * ૫૭ મો.* લા પોતાની કુદરતે કામેલાથી * * * * * અબુલોબાબાના કોરડાને વાચા આપી અને તેણે કહ્યું કે હું એ ખુદાની વહદાનીયત ઉપર સાક્ષી આપું છું કે જે સઘળી સૃષ્ટીનો સરજનહાર છે અને રોઝીમાં વધારો કરનાર અને સઘળી બાબતની તદબીર કરનારો અને સઘળી બાબતો ઉપર સત્તામાન અને સર્વ શકિતમાન છે. અએ મોહમ્મદ સ૦ આપ માટે સાક્ષી આપું છું કે આપ ખુદાના બંદા અને તેના રસુલ અને બરગુઝીદાહ અને ખલીલ અને દોસ્ત અને તેના પસંદ કરેલા ખલીફા છો અને તેણે આપને રીસાલત માટે મોકલ્યા છે કે આપના સબબથી નેકબખ્ત લોકો નજાત પામે અને બદબખ્ત લોકો હલાક થાય, અને સાક્ષી આપું છું કે હઝરતેઅલી ઇબ્ને અબીતાલિબ અ૦ આસમાનો ઉપર મશહુર અને મઅરૂફ છે, અને આપની બાઅદ ખલકતના સૈયદ અને સરદાર છે, અને તેઓજ ખુદાની કીતાબના જાહેરી હુકમ પ્રમાણે જેહાદ કરે છે કે કાફેરોને જબરાનથી આપના દીનમાં દાખલ કરે, અને આપની બાઅદ જે મુનાફીકો દીનથી ફરી જશે અને તેઓના નફસની ખ્વાહીશો તેઓની અકલો ઉપર ફાવી જશે. તેઓ કુરઆને શરીફના અર્થમાં ફેરફાર કરશે તેઓની સાથે કુરઆને શરીફની તાવીલ મુજબ જેહાદ કરશે તો અલી ઇબ્ને અબીતાલિબ અ૦ ખુદાના દોસ્તોને બેહિસ્તમાં લઇ જશે અને ખુદાના દુશ્મનોને પોતાની આબદાર તલવારથી જહન્નમ વાસિલ કરશે. ત્યાર બાદ તે કોરડો અબુલોબાબાના હાથમાંથી નીકળીગયો અને તેને જમીન ઉપર ફેંકી દીધો અબુલોબાબા ઘણુંએ ઉઠવાનું કરતો હતો પણ તે કોરડો ઉઠવા દેતો નહતો અને વારંવાર તેને જમીન ઉપર પછાડતો હતો, અબુલોબાબાએ કહ્યું મ્હારા ઉપર વાય થાય કે મને શું થય ગયું છે? તે કોરડાએ કહ્યું અએ અબુલોબાબા હકતઆલાએ મને (કે જે હું ત્હારો કોરડો છું) પોતાની તવહીદમાં બોલતો કર્યો અને તેણે મને તેના હમ્દના કારણથી બુઝુર્ગ રાખ્યો અને હઝરતે મોહમ્મદ સ૦ની રીસાલતની સત્યતા કરવાથી મને શરફ આપ્યો કે જે મોહમ્મદ સ૦ આખી સૃષ્ટી કરતાં બેહતર છે. અને મને એ ટોળામાંથી ઠરાવ્યો કે જેઓએ એ બુઝુર્ગવારની દોસ્તી અને તાબેદારી ઇખ્તીયાર કીધી છે કે જેઓ હઝરતે રસુલે ખુદા સ૦ ની બાઅદ આખી સૃષ્ટી કરતાં બેહતર છે, અને તેઓની એ દીકરીના શવહર થવામાં ખાસ કરવામાં આવ્યા છે કે તે આખા આલમની ઓરતો કરતાં બેહતર છે, અને જે રાતરે હઝરતે રસુલે ખુદા સ૦ કાફરોએ કતલ કરવાનો ઇરાદો કીધો હતો તે રાતરે તેઓના ફર્શ ઉપર સુવાનો એ હઝરતને શરફ મળ્યો છે, અને પોતાની તલવારથી એ બુઝુર્ગવાર દુશ્મનોને ઝલીલ કરનાર અને તેઓની ઉમ્મતમાં હલાલ અને હરામ અને શરીયતના અહકામને બયાન કરનારા છે, તો જે શખ્સ તેઓથી દુશ્મની રાખે અને વિરૂદ્ધતા જાહેર કરે તેના હાથમાં રહેવું મને સજાવાર નથી. અને જ્યાં સુધી તું ઇમાન ન લાવે અને હલાક થાય ત્યાં સુધી ત્હારી સાથે હું એમજ કર્યા કરીશ. અબુલોબાબાએ કહ્યું અએ કોરડા હું એ બાબતની ગવાહી આપું છું કે જેની તેં ગવાહી આપી, અને જે કાંઇ તેં બયાન કર્યું તેના ઉપર હું ઇમાન લાવ્યો, કોરડાએ કહ્યું તેં ઇમાન જાહેર કીધું તેથી હું ત્હારા હાથમાં રહું છું, પણ જે કાંઇ ત્હારા મનમાં છુપું છે તેને ખુદા બેહતર જાણે છે અને ત્હારા માટે કયામતમાં હુકમ જારી કરશે હઝરતે ઇમામે મોહમ્મદે બાકીર અ૦ ફરમાવ્યું તેનું ઇસ્લામ ખાલીસ નહતું અને તેનાથી બદ અઅમાલ બન્યાં ત્યાર બાઅદ તે સર્વે યહુદી પોતાની જગ્યાએથી ઉઠયા અને એકબી-

જાને ધીમે ધીમે કહેતા હતા કે હઝરતે મોહમ્મદ સ૦ નું નસીબ અજબ રીતે બલંદ છે કે જે ચાહે છે તે થાય છે પણ તેઓ પયગમ્બર નથી.

* * * * * જ્યારે કઅબ બીન અશરફ *મોઅજીઝો* પોતાના ખચ્ચર ઉપર સવાર * ૫૮ મો.* થવા જતો હતો ત્યારે તેના * * * * * ખચ્ચરે તોફાન કરવું શરૂ કર્યું અને તેને ઉંધા મોઢે નીચે ફેંકી દીધો અને તેને ઝખમી કર્યો જ્યારે બીજીવાર સ્વાર થયો ત્યારે તેને પાડી નાંખ્યો એટલે સુધી કે તેણે સાતવાર એવી રીતે કીધું. ત્યાર પછી તેને વાચા આવી અને બોલ્યું કે અએ બદ્દ એ ખુદા તું બહુજ બુરો બંદો છે કેમકે તું ખુદાની નીશાનીયો જોઈને મુનકિર થયો અને ઇમાન ન લાવ્યો, અને ખુદાએ મને (કે જે હું ત્હારી સવારીનું જાનવર છું) પોતાની તવફીકના કારણથી બુઝુર્ગ કર્યું, તો તું એ ખુદાની વહદાનીયતની ગવાહી આપું છું કે જે ખાલિકે અનામ અને જે સહેબે જલાલો ઇકરામ છે, અને ગવાહી આપું છું કે હઝરતે મોહમ્મદ સ૦ તેના બંદા અને રસુલ અને અહલે બેહુસ્તીયો કરતાં બેહતર છે, અને એટલા માટે પયગમ્બર થવા છે કે એ ટોળાને નેકબખ્ત કરે કે જેઓની નેકબખ્તીથી ખુદા જાણીતો છે; અને એ ટોળાને શકી બનાવે કે જેઓની સકાવત ખુદાના ઇલ્મમાં ગુજરી ચુકી છે. અને ગવાહી આપું છું કે હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ અ૦ ખુદાના વલી અને તેના રસુલના વસી છે અને હકતઆલા તેઓના સબબથી નેક બખ્તોને ફનેહયાબ કરે છે કે જ્યારે તેઓની નસીહતને કબુલ કરવાની તૌફીક આપે અને તેઓના આદાબ ઉપર અમલ કરે અને તેઓને હુકમ આપે તેને બજાવી લાવે અને જે ચીજની મનાઈ કરે તેને તરક કરી દીયે. અને તહકીકકે તેઓની જોરાવર શમશીરથી અને તેઓની કુવ્વતથી હકતઆલા મોહમ્મદ સ૦ ના દુશ્મનોને ઝલીલ કરશે, અને પોતાની તલવાર વડે અને રોશન દલીલોવડે તેઓને ઇમાનના દરજા વડે બલંદ કરશે અથવા જહન્નમના તબકાઓમાં ઉંધે મોઢે નાંખશે, તો મ્હારા ઉપર કોઈ કાફર સવાર થાય તે સજાવાર નથી, બલકે એ શખ્સ સ્વાર થશે કે જે ખુદા ઉપર ઇમાન લાવે અને તેના રસુલ મોહમ્મદ સ૦ ની સત્યતા કરે અને તે હઝરતના સઘળા કૌલ અને કૃત્યને દુરસ્ત અને સહીહ જાણે અને ખાસ કરીને તેઓએ પોતાના ભાઈ અલી ઇબ્ને અબીતાલીબને પોતાના ખલીફા મુકરરર કર્યા તે બાબતને સાચી જાણે કે જેઓ તેઓના વસી અને ખલીફા અને તેઓના ઇલ્મના વારીસ અને તેઓના ઉમ્મત ઉપર ગવાહ અને તેઓના કરઝને અદા અને વાયદાને વફા કરનારા છે અને તેઓના દુશ્મનોના દુશ્મન અને દોસ્તોના દોસ્ત છે. તે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું અએ કઅબ ત્હારૂં ખચ્ચર ત્હારા કરતાં વધારે અકલમંદ છે. તું સવાર થાય તે બાબતને ઇન્કાર કરે છે, અને હવે પછી તું તેના ઉપર કદી સવાર થઈ શકીશ નહીં, માટે તું કોઈ મોઅમીનને વેચાતી આપ કઅબે કહ્યુ હવે હું પણ તેને ચાહતો નથી કેમકે આપના જાદુએ તેમાં અસર કીધો છે, તો વળી તે ખચ્ચરને ખુદાની કુદરતથી વાચા આવી અને બોલ્યું કે અએ ખુદાના દુશ્મન હઝરતે રસુલે ખુદા સ૦ ની બેઅદબી કરવી મુકી દે, અને હું ખુદાની કસમ ખાઈને કહુંછું કે અગર તે હઝરતની વિરૂદ્ધતાની બીહીક ન હોત તો તને હમણાં હાલ મ્હારી ખરીયો વડે કચરી નાંખી પાયમાલ કરતે અને મ્હારા દાંતો વડે ત્હારા માથાનો છુંદો કરી નાંખતે. આથી કઅબબીન અશરફ ચુપ અને ઝલીલ બની ગયો અને ખચ્ચરના આ કલામથી તેને ઘણું માઠું લાગ્યું

પે૦ ૪૦ મો૦ ૫૮

અને તેના ઉપર શકાવત ગાલિબ થયુ કે તે આવા આવા મોઅજીઝા જોવા છતાં ઇમાન લાવ્યો નહીં. ત્યાર બાઅદ સાબિતબિન કૈસે તે ખચ્ચર તેની પાસેથી સો દિરહમે વેચાતી લીધું અને હમેશા તેના ઉપર સ્વાર થઇને તે હઝરતની ખિદમતમાં આવતા અને તે ખચ્ચર ઘણીજ નરમાઇ અને ઉમદા રીતે રસ્તો કાપતું હતું, અને હઝરત ફરમાવતા હતા એએ સાબિત ત્હારા ઇમાનના કારણથી આ ખચ્ચર આવું નરમ રહી ત્હારી તાબેદારી કરે છે. જ્યારે તે યહુદી તે હઝરતના ખિદમતથી રૂખસત થયો ત્યારે આ આયએ કરીમા નાઝીલ થઇ. **"સવાઉન અલયહિમે અઅન્ઝરતહુમ અમ લમ તુનાઝિરહુમ લા યોઅમેનુન"** એટલે અગર તમો તેઓને ડરાવો અથવા ન ડરાવો તે તેઓ માટે સરખુંજ છું, તેઓ ઇમાન લાવશે નહીં.

* * * * * * હઝરતે ઇમામે હસને
* મોઅજીઝો * અસ્કરી અ૦ ની તફસીરમાં
* ૫૯ મો. * મઝકુર છે કે એક દિવસ
* * * * * * મેં મ્હારા પદરે બુઝુર્ગવાર

હઝરતે ઇમામે અલી નકી અ૦ ને હઝરતે રસુલે ખુદા સ૦ ના મશહુર મોઅજીઝાઓ વિશે પુછ્યું ફરમાવ્યું પહેલો મોઅજીઝો એ હતો કે તે હઝરતના માથા ઉપર વાદળે છાંયો કીધો અને તેની કેફીયત એવી રીતે છે કે હઝરતે રસુલે ખુદા સ૦ જ્યારે જનાબે ખદીજા અ૦ માટે 'શામ'ની તરફ તશરીફ લઇ ગયા અને તે એક મહીનાનો રસ્તો હતો, અને તે ગરમીની મોસમ હતી, અને તે જંગલોમાં અનહદ ગરમી હતી અને ગરમ હવા ચાલતી હતી તો હકતઆલા તેઓ માટે એક વાદળ મોકલતો હતો જે આપના માથા ઉપર રહેતું હતું. જ્યારે આપ ચાલતા હતા ત્યારે તે વાદળ પણ તેઓ ઉપર છાંયો કરી ચાલતું હતું. અને જ્યારે આપ ઉભા રહેતા હતા ત્યારે તે વાદળ પણ ઉભું રહેતું હતું હાંસલ મતલબ જે તરફ તશરીફ લઇ જતા હતા તે તરફ તે વાદળી તેઓની સાથે રહેતું અને હઝરતને સુર્યની ગરમીથી બચાવતું હતું. જ્યારે સખત હવા ચાલતી હતી ત્યારે કુરૈશીયોના મોંહ ઉપર રેતી અને ધુળ નાંખતી હતી, પણ જ્યારે હઝરત પાસે પહોંચતી ત્યારે નરમ અને ધીરે ધીરે ચાલી સ્વચ્છ થઇ જતી અને જરાએ કચરો કે ધુળ અને રેત વિના હઝરત ઉપર વાતી હતી, કુરૈશીયો કહેતા હતા કે ખયમાઓ અને મકાનો કરતાં હઝરતે મોહમ્મદ સ૦ ની પડોશમાં રહેવું બેહતર છે, તો સખત હવા ચાલતી વખતે તે હઝરત તરફ પનાહ લઈ જતા હતા, અને જ્યારે હઝરતની પાસે પહોંચતા ત્યારે હવાની સખ્તાઈથી નિર્ભય થતાં પણ વાદળ હઝરતે રસુલે ખુદા સ૦ માટે ખાસ હતું કે તેનો છાંયો બીજા કોઇ સુધી પહોંચતો ન હતો જ્યારે મુસાફરોમાંનું કોઇ ટોળું તે કાફલામાં આવતું હતું ત્યારે તે લોકો કહેતા હતા કે તેનુ કારણ શું છે કે આ વાદળ માલ આએ જગ્યા માટે ખાસ કરવામાં આવ્યું છે, કે તે કાફલાની સાથે ચાલે છે અને સઘળા કાફલા ઉપર છાંયો કરતું નથી. કાફલાવાળા જવાબ આપતા હતા કે વાદળીની તરફ જુવો કે તેના ઉપર તેના માલિકનું નામ લખેલુ છે, જે જ્યારે તે તરફ નજર કરતા હતા ત્યારે તેના ઉપર લખેલું જોતા હતા **"લાએલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહ અય્યદતોહુ બે અલીયીન સય્યેદિલ વસીયીન વશરફતોહુ બે આલેહિલ મોવાલીન લહુ વલેઅવલીયીન વ અવલેયા એહેમા વલેમોઆદીન લે અઅદાએહેમા"** એટલે મઅબુદે યકતા શીવાય બીજો કોઇ ખુદા નથી અને હઝરત મોહમ્મદ સ૦ ખુદાના રસુલ છે, મેં મોહમ્મદ સ૦ ને અલી અ૦ ના સબબથી કુવ્વત આપી કે જે અલી અ૦ સરવે વસીઓ કરતાં બેહતર છે, અને મેં તે હઝરતને તેઓની આલથી મુશર્રફ કર્યો જે મોહ-

મ્મદ સ૦ અને અલી અ૦ ના દોસ્ત અને પયરવ અને તેઓના દોસ્તના દોસ્ત અને દુશ્મનના દુશ્મન છે. અને આ ઈબારતને દરેક ભણેલ અને અભણ વાંચતો અને સમજતો હતો.

* * * * * *
* મોઅજીઝો *
* ૬૦ મો. *
* * * * * *

બીજો મોઅજીઝો એ હતો કે તે હઝરતને પત્થર અને પર્વત સલામ કરતા હતા, અને તેની કૈફીયત એ હતી કે જ્યારે તે હઝરત શામની મુસાફરીમાંથી પાછા આવ્યા, ને તે સફરમાં આપને જે કાંઇ નફો મળ્યો તે આપે રાહેખુદામાં સદકો કરી દીધો અને હમેશાં હરાના પહાડ ઉપર તશરીફ લઇ જતા હતા અને તે પહાડના શીખર ઉપર ખુદાની રહમતના ચીન્હ અને ખલકતની તરાહ તરાહની અજાયબીઓ અને હકતઆલાની કામિલ હીકમત તરફ નજર કરતા હતા અને જમીન અને આસમાન અને દરિયાઓ અને પર્વતો અને જંગલોને જોઇને તે વડે તેના શકતીવાન પૈદા કરનારની વહદત અને કુદરત અને હિકમત અને અઝમત અને જલાલ ઉપર દલીલ લાવતા હતા અને દરેક ચીજની હિકમતથી ઇબરત હાસિલ કરતા હતા અને ખુદાની એવી રીતે ઇબાદત કરતા હતા કે જેવી રીતે તેની ઇબાદતનો હક છે. જ્યારે આપની ઉંમર શરીફ ચાળીસ વરસની થઇ અને આપનું દિલ ખુદાના નુરના પડછાયાં કાબીલ અને તેના હુકમ અને ભેદની ખાણરૂપી બન્યું ત્યારે હકતઆલાએ આસમાનના જાહેરી અને બાતેની દરવાજા ખોલી દીધાં કે હમેશા મલકુતે અઅલા તરફ નજર કરતા હતા અને ખુદાએતઆલા મલાયકાઓની ફૌજને તેઓની ખિદમતમાં મોકલતો હતો, તો તે ફૌજ ફૌજ આપની પાસે આવતા અને આપ તેઓને જોતા અને તેઓ સાથે વાતો કરતા હતા, પછી ખુદાની રહમતના નુર અર્શની નીચેથી હઝરતના માથા મુબારક સુધી પહોંચ્યા અને જલાલે ઈલાહીના સુર્યના પ્રકાશે હઝરતના જાહેર અને બાતિનને ઘેરી લીધું અને જીબ્રઈલકે જેઓ નુરાની અને પાકપરવરદિગારના મલાયકાઓમાં ખુબસુરત છે તેઓ હઝરત ઉપર નાઝીલ થયાં અને તેઓની બાજુઓને પોતાની કુદરતના હાથથી પકડીને હલાવી અને કહ્યું અએ મોહમ્મદ સ૦ પડો, આપે ફરમાવ્યું શું પડું? કહ્યું આપડો "ઇકરાઅ બિસ્મે રબ્બેકલ્લઝી ખલક ખલકલ ઇનેસાનમિન અલકિન ઇકરાઅ વ રબ્બોકલ અકરમુલ્લઝી અલ્લમ બિલકલમે અલ્લમલ ઇનેસાન માલમ યઅલમ" એટલે પડો પોતાના પરવરદિગારના નામ સાથે કે જેણે સઘળી ચીજોને પૈદા કીધી, માણસોને બંધાયલા લોહીથી પૈદા કીધાં, અને તમારો પરવરદિગાર એ બુઝુર્ગવાર છે કે જે તમામ કરીમો (બક્ષીશ કરનાર) કરતાં વધારે કરીમ છે એ ખુદાવંદ કે જેણે લોકોને કલમ વડે લખવું શીખવાડયું અને તેઓને એ ચીજોની તઅલીમ આપી કે જેને જાણતા ન હતા. ત્યાર બાઅદ હકતઆલાએ હઝરત ઉપર વહી નાઝીલ ફરમાવી. જીબ્રઇલ આસમાન ઉપર ગયાં અને હઝરતે રસુલે ખુદા સ૦ પહાડ ઉપરથી નીચે ઉતર્યા પણ અઝમત અને જલાલના આસારે (ચીન્હે) તેઓને ઘેરી લીધેલ હોવાથી અને અજબતરાહના અહવાલ જોવાથી હઝરતની તાવ અને ધુજારી જેવી હાલત થઇ હતી, અને તે હઝરત એ ફિકરમાં હતાં કે જ્યારે હું મ્હારી કોમને મ્હારી રીસાલત પહોંચાડીશ ત્યારે તે લોકો માનશે નહી બલ્કે મને જીન અને શયતાન વળગેલ સમજશે. તે હઝરત હમેશાં સઉથી વધારે ખલકની પાસે અને લોકોની પાસે ઘણાંજ બુઝુર્ગ હતા. અને હઝરતે રસુલે ખુદા સ૦ હમેશાં શયતાન લઇન અને દીવાનાઓના ફેલ્યો અને કોલ કરતાં બીજી કોઇ વસ્તુને વધારે દુશ્મન રાખતા નહતાં,

ખુદાએ ચાહ્યું કે આપની છાતી મુબારક કુશાદાહ અને આપનું દિલ કવી અને બ્હાદુર કરે તેથી દરેક પહાડ અને ઢેકાળા અને પથરોને હુકમ આપ્યો કે હઝરતની સાથે વાતો કરે, અને તે હઝરત જે પહાડ અને ઢેકાળા અને પથરની પાસે પહોંચતા હતા તે નિદા આપતો હતો **અસ્સલામો અલયક યા મોહંમ્મદ અસ્સલામો અલયક યાવલી યલ્લાહ અસ્સલામો અલયક યા રસુલલ્લાહે** આપને બશારત થાય તહકીકકે હકતઆલાએ આપને ફઝીલત અને જમાલ અને ઝીનત અને કમાલ અતા ફરમાવ્યું અને આપને અવ્વલીન અને આખરીન કરતાં વધારે બુઝુર્ગ રાખ્યાં છે આપને કુરૈશીયો દીવાના અને નાદાન અને જાદુ કરેલાં કહેશે એ બાબતથી આપ ગમગીન અને દિલ તંગ ન થજો તહકીકકે એજ શખ્સ ફાઝિલ છે જેને ખુદા ફઝીલત આપે, અને એજ શખ્સ કરીમ છે જેને ખુદા બુઝુર્ગ રાખે. કુરૈશીયોના જુઠલાવવાથી અને અરબના સિતમગારોથી આપ દિલ તંગ થાઓ નહીં આપનો પરવરદિગાર આપને ઘણી જલ્દીથી કરામતના છેલ્લે મરતબે અને મોહટામાં મોહટે દરજ્જે પહોંચાડશે, અને આપના વસી હઝરતેઅલી ઇબ્ને અબીતાલિબ અ૦ના સબબથી આપના દોસ્ત ઘણી નજીકમાં ખુશ થશે કે જે હઝરતે અલી અ૦ આપના ઇલ્મને ખલકતની દરમીયાન ફેલાવશે અને તેઓ આપના ઇલ્મના શેહરના દરવાજા છે અને આપની આંખો ઘણી જલ્દીથી આપની દીકરી જનાબે ફાતેમા અ૦ થી રોશન થશે અને તેઓ અને હઝરતે અલી અ૦ થી જનાબે ઇમામે હસન અને હુસયન અ૦ પૈદા થશે કે જેઓ બેહિસ્તના જવાનો કરતાં બેહતર છે, અને આપનો દીન આખા આલમમાં ઘણી ઝડપથી ફેલાઇ જશે, અને હકતઆલા આખેરતમાં આપના દોસ્તો અને આપના ભાઇ અલી ઇબ્ને અબીતાલિબ અ૦ ને અજરે અઝીમ કરાર આપશે અને આપના હાથમાં **'લિવાએ હમ્દ'** આપશે અને આપ આપના ભાઇ હઝરતે અલી અ૦ ને આપશો સઘળાં પયગમ્બરો અને સિદ્દીકો અને શહીદો તે અલમના છાંયા તળે હશે, અને હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ અ૦ તે સરવેને બેહિશ્ત તરફ લઇ જશે.

ત્યાર બાઅદ જલાલના ત્રાજવા તે હઝરત માટે આસમાન ઉપરથી લાવવામાં આવ્યા અને તે હઝરતને એક પલ્લામાં બેસારી બીજામાં આખી ઉમ્મતને મુકી પણ તે હઝરત સરવે કરતાં વધારે ભારે થયાં. પછી તે હઝરતને ત્રાજવામાંથી ઉતારીને હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ અ૦ ને બેસાર્યા અને તમામ ઉમ્મતની સાથે વજન કર્યા, તો હઝરતે અલી અ૦ પણ સરવે કરતાં વધારે ભારે થયા તે વખતે નિદા આવીકે અએ મોહમ્મદ સ૦ આ અલી ઇબ્ને અબીતાલિબ અ૦ મ્હારો બરગુઝીદાહ છે હું તેઓના સબબથી તમારા દીનને મજબુત અને કવી કરીશ. અને આ તમારી બાઅદ સઘળી ઉમ્મતો કરતાં બેહતર છે. પછી ખુદાએતઆલાએ હઝરતે મોહમ્મદ સ૦ ના સીના મુબારકને રીસાલત અદા કરવા અને ઉમ્મતે આપેલી સખ્તીયો સેહન કરવાની શકતી આપી અને તે ટોળા સાથે મુકાબલો કરવો અને કુરૈશીયોમાંના હદથી વધી ગએલાઓ સાથે જંગ કરવી તે હઝરત ઉપર આસાન કરી દીધી.

મોઅજીઝો ૬૧ મો.

ત્રીજો મોઅજીઝો એ છે કે હકતઆલાએ એ લોકોને હલાક અને દફે કર્યા કે જેઓએ તે હઝરતને હલાક કરવાનો ઇરાદો કીધો હતો અને તેમાંનો એક બનાવ એ પણ છે કે જ્યારે આપ સાત વર્ષના થયા ત્યારે આપે ખયર અને નેકબખ્તીમાં એવી રીતે જીંદગી ગાળી હતી કે કુરૈશીયોના છોકરાઓમાં તેઓ જેવું કોઇ હજુ નહીં એક વખતે શામના યહુદીઓમાંથી એ

ટોળું મક્કામાં આવ્યું. જ્યારે તે લોકોની નજર હઝરત ઉપર પડી ત્યારે આપને એ સીફતોવાળાં જોયાં કે જે તેઓએ પોતાની કીતાબોમાં વાંચી હતી, તેથી તે લોકોએ આહિસ્તા આહિસ્તા એકબીજાને કહ્યું કે ખુદાની કસમ આ એજ **મોહમ્મદ સ૦** છે કે જેઓની તઆરીફ આપણે વાંચી છે કે તે આખર ઝમાનામાં જાહેર થશે અને યહુદ અને તમામ મઝહબવાળાઓ ઉપર ગાલીબ થશે અને તેના સબબથી હકતઆલા યહુદીયોની દોલતને નાબુદ અને તેઓને ઝલીલ કરશે. પછી તેઓ ઉપર હસદ ગાલીબ થયો અને આપની સીફતોને છુપાવી દીધી અને તમામ યહુદીયોને કહ્યું આ એવો બાદશાહ થશે જેની બાદશાહી કદી નાબુદ થશે નહીં, પછી તેઓએ તેઓને કતલ કરવા માટે કોઈ હીલો શોધવા મશ્વેરો કર્યો, પણ ખુદાએ જે કાંઇ મુકદ્દર કીધું છે તેને તેજ મટાડી પણ શકે છે. ત્યાર બાઅદ તેઓએ હઝરતને કતલ કરવાનો દ્રઢ નીશ્ચય કીધો અને કહ્યું કે પહેલાં તે હઝરતની હાલત અને સીફાત (ગુણ) ની પરીક્ષા કરવી જોઇયે, અને અગર સાબીત થશે કે જેઓની તારીફ વાંચવામાં આવીછે તેઓ આએજછે તો જરૂર કતલ કરીશું કેમકે પોશાક અને સુરત (ચ્હેરો) ઘણી વખત એક બીજાને મળતી આવે છે, પછી તેઓએ તજવીઝ કીધી કે આપણે આપણી કીતાબોમા વાંચ્યું છે કે હકતઆલા તેઓને હરામનો તેમજ હરામના શુબાવાળો માલ ખાવાથી રક્ષણમાં રાખશે, તો તે હઝરતને બોલાવો તેઓની સામે હરામનો માલ અને હરામના શુબાવાળો માલ મુકી અને અજમાવો કે હરામનો અને હરામના શુબાવાળો માલ ખાય છે કે નહીં ? અગર તે બન્નેમાંથી એક પણ ખાય તો જાણો કે આપણે જેની સીફત વાંચી છે તે આ નથી અને અગર ખાશે તો ખાતરી પુર્વક જાણી જઈશું કે આ તેઓજ છે. અને પછી આપણે તેઓને હલાક કરવામાં કોશીશ કરીશું કે જેથી તેઓ આપણા દીનને નાબુદ કરી શકે નહીં, ત્યાર પછી તેઓએ એ હઝરતને અને હઝરતે અબુતાલીબને કેટલાંક કુરેશીયો સહીત ઝીયાફતમાં બોલાવ્યા, અને એક મુરગ કે જેનું ગળું ઘુંટીને ઝબહ કર્યા વિના હલાક કર્યું હતું તેને ભુંજીને તેઓની સામે મુકયું, હઝરતે અબુતાલીબ અને બીજા તમામ કુરેશીયોએ તેને ખાધું પણ તે હઝરત તે મુરગ તરફ ઘણીએ હાથ લંબાવતા હતા પણ બેઇખ્તીયારીથી તે હાથ બીજી તરફ પડી જતો હતો, અને તે મુરગ સુધી પહોંચતો ન હતો, યહુદીયોએ કહ્યું એ મોહમ્મદ સ૦ આપ આ મુરગને કેમ ખાતા નથી ? ફરમાવ્યું અએ લોકો મેં તેને ખાવા માટે મ્હારો હાથ ઘણીએ લંબાવ્યો પણ મ્હારો હાથ બીજી તરફ ઝુકી ગયો અને જરૂર આ મુરગ હરામના માલમાંથી છે, કેમકે ખુદા મને હરામનો માલ ખાવાથી રક્ષણમાં રાખે છે, તેઓએ કહ્યુ આ હલાલ છે અગર રજા આપો તો આને અમારા હાથે તેનો એક લુકમો ઉપાડી તમારા મોંહમાં મુકીયે, હઝરતે ફરમાવ્યું અગર તમારાથી બની શકે તો એમ કરો, જ્યારે તે લોકોએ લુકમો ઉપાડી હઝરતના મોંહ મુબારકમાં મુકવા ચાહ્યું ત્યારે બની શકયું નહીં, તેઓ ઘણીએ કોશીશ કરતાહતા પણ તેઓનો હાથ બીજી તરફ ઝુકી જતો હતો, હઝરતે ફરમાવ્યું જ્યારે તમોએ જાણ્યું કે હકતઆલા મને આ ખાવાથી રક્ષણમાં રાખે છે ત્યારે તમારી પાસે જો બીજું ખાણું મવજુદ હોય તો હાજર કરો, આ સાંભળીને યહુદીયોએ એક જાડું મુરગ ભુંજીને તેઓની આગળ મુકયું. અને તેઓ આ મુરગને પાડોશીના ઘરમાંથી કે જે તે વખતે પોતાના ઘરમાં હાજર ન હતો તેની રજા વગર ઉપાડી લાવ્યા હતા અને એવો ઈરાદો રાખતા હતા કે જ્યારે

તે આવશે ત્યારે તેની કીંમત અદા કરીશું અને તેથી તે હરામના શુબાવાળો માલ હતો, જ્યારે હઝરતની સામે તેને મુકયું અને હઝરતે તેમાંથી લુકમો ઉપાડી મોંહમાં મુકવા ચાહ્યું ત્યારે તે લુકમો ભારે થયો અને હઝરતના હાથમાંથી પડી ગયો, તો જ્યારે જ્યારે લુકમો ઉપાડતા હતા ત્યારે ત્યારે એમજ થતું હતું યહુદીયોએ કહ્યું અએ મોહમ્મદ સ૦ હવે આને કેમ ખાતા નથી ? હઝરતે ફરમાવ્યું મને આ ખાવાથી અટકાવે છે અને મને એવો ગુમાન છે કે આ હરામના શુબાવાળો માલછે અને તેથીજ તે ખાવાથી ખુદાએતઆલા મને રક્ષણમાં રાખે છે. યહુદીયોએ કહ્યું હરામના શુબાવાળો માલ નથી અગર આપ ફરમાવો તો અમો તેનો લુકમો ઉપાડીને આપના મોંહમાં મુકીયે ! ફરમાવ્યું અગર તમારાથી બની શકે તો તેમ કરો તે લોકોએ લુકમો ઉપાડવા ચાહ્યું પણ બની શકયું નહીં અને જ્યારે ઉપાડીને તે હઝરતના મોંહ સુધી લઇ જવા ચાહતા ત્યારે તે ભારે થઇ તેઓના હાથમાંથી પડી જતો હઝરતે ફરમાવ્યું આ હરામના શુબાવાળો માલ છે અને તે ખાવાથી ખુદા મને રક્ષણમાં રાખશે. કુરેશ આ હાલ જોઇને અચંબો પામ્યા અને હઝરત પ્રત્યે તેઓની અદાવત વધી જવાનું કારણ થયું. પછી યહુદીયોએ કુરેશીયોને કહ્યું કે આ છોકરાથી તમોને ઘણું દુઃખ પહોંચશે, આ તમારી નેઅમતોને તમારાથી દુર કરશે અને તેનુ કામ ઘણું બુલંદ થશે, ત્યાર બાદ સીત્તેર યહુદીયોએ હઝરતને કતલ કરવા ઉપર સપ કર્યો અને તેઓએ પોતાના હથીયાર ઝેરવાળા કર્યાં એટલેસુધી કે એક અંધારી રાતમાં જ્યારે તે હઝરત **"હરરા"** ના પહાડ ઉપર ચઢી રહ્યાં હતાં ત્યારે આ સઘળાં તેઓની પાછળ પહોંચ્યા અને પોતાની તલવારો ખેંચી લીધી અને આ સઘળાં યહુદીયોમાંના શુરવીર અને બહાદુરોમાંથી હતા જ્યારે ઇરાદો કર્યો કે હઝરત ઉપર હમલો કરે અને તલવારો મારે એટલામાં પહાડના બન્ને કીનારા આપસમાં મળીને તેઓની અને હઝરતની વચ્ચે આડે આવી ગયાં. જ્યારે આવો હાલ જોયો ત્યારે તેઓએ પોતાની તલવારો મ્યાનમાં નાંખી દીધી પછી તે પહાડ ખુલી ગયો, જ્યારે પાછી તેઓએ પોતાની તલવારો ખેંચી ત્યારે વળી તે પહાડ આડો આવ્યો અને તલવારો મ્યાનમાં મુકવા બાઅદ પાછો ખુલી ગયો. હઝરત પહાડ ઉપર તશરીફ લઇ ગયા તે દરમીયાનમાં સુડતાળીસ વખત એવી રીતે થયું, જ્યારે હઝરત પહાડ ઉપર પહોંચી ચુકયા ત્યારે તેઓએ હઝરતને ઘેરી લીધાં અને હમલો કરવા ચાહ્યું એટલામાં તે પહાડ ખેંચાઇ ગયો અને તેઓ અને હઝરત વચ્ચે લાંબો પંથ થઇ ગયો, અને જ્યાં સુધી હઝરત પોતાની ઇબાદતથી ફારીગ થયાં ત્યાં સુધી એજ કયફીયત રહી, જ્યારે તે હઝરતે ઉતરવાનો ઇરાદો કર્યો ત્યારે તે લોકો પાછળ પડયા અને હઝરતને કતલ કરવાનો ઘણોએ ઇરાદો કરતા હતા પણ પહાડના બન્ને કીનારા મળી જતા હતા અને હઝરત સુધી તેઓને પહોંચવા દેતો ન હતો અટલે સુધી કે વળી સુડતાળીસ વખત એમજ થયું, અને જ્યારે છેલ્લી વખત હઝરત પહાડની નીચે પહોંચ્યા ત્યારે તેઓએ પોતાની તલવાર હઝરત તરફ ફેંકી દીધી, તે વખતે પહાડે તે લોકોને એવા દબાવી દીધાં કે તેઓના હાડકાં અને પાંસળીયો તુટી ગઇ અને તેઓ સઘળાં જહન્નમ વાસીલ થયાં. પછી હઝરતને **આલમે બાલાથી** નીદા આવી કે પોતાની પાછળ નજર કરો કે અમોએ તમારા દુશ્મનોને કેવી રીતે દફે કર્યા! જ્યારે નજર કીધી ત્યારે પહાડના બન્ને કીનારા જુદા થઇ ગયા અને તે કાફેરો તેમાંથી એવી રીતે પડયા કે તેઓના તમામ મોંહ અને પીઠ અને બાજુ અને પગ ઇત્યાદીના ચુરેચુરા થઇ ગયા હતા અને તેમાંથી ખુન જારી હતું, હઝરત તેઓની દુષ્ટતાથી રક્ષણમાં

રહી રવાના થયા, તે વખતે દરેક તરફથી આપને પહાડોએ નીદા આપી કે આપને હકતઆલાની મદદ મુબારક થાય કે અમારા સબબથી આપના દુશ્મનોને દફે કર્યાં અને ઘણી જલ્દી અલી ઈબ્ને અબીતાલીબ અ૦ ના સબબ આપની મદદ અને કુમક કરશે એ વખતે કે જે વખતે ઉમ્મતમાંના જબ્બારો ઉપર આપનો અમ્ર એટલે હુકમ જાહેર થશે અને અલી ઇબ્ને અબીતાલીબ અ૦ આપની નબુવ્વત જાહેર કરવા અને દીન વધારવા અને દોસ્તોને માનવંત કરવા અને દુશ્મનોને દફે કરવામાં ઘણીજ મેહનત અને કોશીશ કરશે અને ઘણી જલ્દીથી હકતઆલા તેઓને આપના જેવા અને કાયમ મકામ કરશે તેઓ આપના દીલ કાન આંખ હાથ અને પગ જેવા થશે. આપના કરજ અને વાયદાને તેઓજ અદા અને વફા કરશે અને આપની ઉમ્મતના જમાલ (ખુબસુરત) અને આપના દીનવાળાઓની તેઓજ શોભા થશે, અને ઘણી જલ્દીથી આપનો પરવરદીગાર તેઓના દોસ્તોને તેઓના સબબથી નેકબખ્ત અને દુશ્મનોને હલાક કરશે.

મોઅજીઝો ૬૨ મો.

ચોથો મોઅજીઝો એ હતો કે જ્યારે તે હઝરત જરૂરત માટે તશરીફ લઇ જતા હતા ત્યારે લોકોની નજરોથી છુપતા હતા અને કોઇ શખસ તે હાલતમાં હઝરતને જોતો ન હતો, તો એક દીવસ તે હઝરત મક્કા અને મદીનાની વચ્ચે પોતાના લશ્કરની સાથે હતા, તો જે મુનાફીકો હઝરતની સાથે હતા તેઓમાંના કેટલાંકોએ અંદર એવી સલાહ કીધી કે આ જંગલમાં કોઇ આડ અથવા દીવાર અથવા ઝાડ અથવા ખાડો નથી તેથી આજ જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ જરૂરત માટે તશરીફ લઇ જાય ત્યારે આપણે તેઓને તે હાલતમાં જોઇયે, ઓમાંના કેટલાંકોએ કહ્યું હઝરત ઘણાંજ શરમાળછે જ્યારે તેઓને ખબર પડશે કે કોઇ જુવે છે ત્યારે હરગીઝ બેસશે નહી. જીબરઇલે તેઓના આ ઇરાદો હઝરતને બયાન કર્યો. અને આપે ઝયદબિન સાબિતને હુકમ આપ્યો કે પેલાં બે ઝાડ દેખાય છે અને એક બીજાથી દુર છે તે બન્ને ઝાડની પાસે જા અને બન્નેની વચ્ચે ઉભો રહી તેઓને નીદા આપકે રસુલે ખુદા સ૦ તમોને હુકમ આપે છે કે એકબીજા પાસે જઇને મળી જાઓ કે તે હઝરત તમારી પાછળ જરૂરત માટે બેસી ફારીગ થાય, જ્યારે ઝયદે આ નીદા આપી ત્યારે ખુદાના હુકમથી તે બન્ને ઝાડ જમીનથી ઉખડીને ઘણી ઝડપથી એકબીજા તરફ એ બે દોસ્તો કે જેઓ વરસોથી જુદા હોય અને ઘણાંજ શોખથી એકબીજાને મળવા ચાહે તેની જેમ રવાના થઈ આપસમાં મળી ગયાં તે વખતે હઝરત તે ઝાડોની પાછળ ગયા અને જરૂરત માટે બેઠા, તો કેટલાંક મુનાફીકોએ કહ્યું અમો ઝાડની પાછળથી જોઈશું, પણ જ્યારે તે તરફ ગયા ત્યારે ઝાડ પણ તે તરફ ફરી ગયાં, હાંસીલકલામ તે લોકો જે તરફ જતા હતા તે તરફ ઝાડ પણ ફરી જતા હતા, તે વખતે તેઓએ કહ્યું આપણામાંથી એક એક ટોળું એકએક બાજુએ ઉભુ રહે અને હરેક તરફથી ઘેરી લઇયે, જ્યારે એમ કર્યું ત્યારે તે ઝાડો પણ પહોળા અને મોટા થઇ હઝરતની આસપાસ વીંટળાઈ વળી હઝરતને પોતામાં લઇ લીધાં તે એટલે સુધી કે હઝરત ફારીગ થઇ પોતાના લશ્કર તરફ પાછા ફર્યા, અને ઝયદબીન સાબીતને હુકમ આપ્યો કે પાછો તે ઝાડ પાસે જઇને કહે કે હઝરતે રસુલે ખુદા સ૦ તમોને હુકમ આપે છે કે પોતાની જગ્યાએ પાછા ફરી જાઓ, જ્યારે ઝયદે તેઓને એવી નીદા આપી ત્યારે તે ઝાડ પોત પોતાની જગ્યાએ ઘણી ઝડપથી પાછાં ફરી ગયાં પછી મુનાફીકોએ કહીયું હઝરતે આપણુને તે હાલત

જોવા દીધી નહીં પણ પાછા ચાલો અને હવે એ જુવો કે તેઓનો જાઝર આપણુા જેરો છે કે નહીં જ્યારે ત્યાં ગયા ત્યારે જાજરનું જરાએ નીશાન જોયું નહીં, હઝરતના અસ્હાબ આ હાલ જોઇ અચંબો પામ્યા, તે વખતે તેઓને આસમાનપરથી નીદા આવી કે શું તમો એ બાબતથી અચબો પામો છો કે આ ઝાડાએ એક બીજા તરફ કોશીશ કીધી ? તહકીકકે ફીરીસ્તાઓનું ખુદાની કરામતોની મોહમ્મદ સ૦ અને અલી અ૦ ના દોસ્તો તરફ કોશીશ કરવું આ બન્ને ઝાડોના એકબીજા તરફ કોશીશ કરવા કરતાં ઘણુંજ ઝડપવાળું છે, અને તેઓના દોસ્તો અને તેઓના દુશ્મનોથી બેઝારી રાખનારાઓથી કયામતમાં અગ્નીના ભડકાઓનું નાસવું આ બન્ને ઝાડોના એક બીજાથી નાસવા કરતાં વધારે તેઝ છે.

* * * * પાંચમો એ છે કે કબીલએ
મોઅજીઝો સકીફનો એક શખ્સ કે જેને
* ૬૩ મો. * હારીસ બીન કુલ્દાહ કહેતા
* * * * * હતા અને તે વઇદક શાસ્ત્રમાં ઘણો પ્રવિણ હતો તે હઝરતની ખીદમતમાં આવ્યો, અને તેણે અરજ કીધી હું આપના દીવાનાપણાની દવા કરવા આવ્યોછુ કેમકે મેં ઘણા દીવાનાઓના ઇલાજ કીધા છે અને તે સઘળાંઓ મ્હારા હાથથી શફા પામ્યાં છે, હઝરતે ફરમાવ્યું તુ પોતે દીવાનાઓનાં કામ કરે છે અને મને દીવાનો કહે છે, હારીસે કહ્યું મેં દીવાનઓનું કયું કામ કર્યું ? ફરમાવ્યું તું મ્હારૂં ઇમતેહાન કર્યા વિના અને મુજ વિશે કાંઈ અનુભવ મેળવ્યા વિના અને મ્હારા સાચ જુઠથી જાણીતા થયા વીના મને દીવાનો કહે છે તેજ ત્હારા દીવાનાપણાનું કામછે, કેમકે તેમ કરવું અકકલમંદનું કામ નથી. હારીસે કહ્યું મેં આપના દીવાનાપણાને એ બાબતથી જાણ્યું કે આપ પયગમ્બરીનો દાવો કરો છો અને તેના ઉપર કુદરત રાખતા નથી. હઝરતે ફરમાવ્યું તું જે આ કહે છે કે તમો કુદરત (સત્તા) રાખતા નથી તેજ દીવાનાઓનો કોલ છે, કેમકે તેં હજુમને પુછયું નથી કે કેમ પયગમ્બરીનો દાવો કરો છો, અને તેં મ્હારી પાસેથી કોઇ એવી હુજ્જત માગી નથી કે જેથી હું આજીઝ થયો હોઉં ? હારીસે કહ્યું આપ સાચુ ફરમાવો છો ? અને હવે હું આપના દાઅવા ઉપર હુજ્જત અને મોઅજીઝો ચાહું છું પછી તેણે એક મોહટા ઝાડની તરફ ઇશારો કર્યો જેનાં મુળીયાં જમીનમાં ઘણાં ઊંડાં પેઠાં હતાં અને કહ્યું આ ઝાડને બોલાવો, અગર પાસે આવશે તો હું યકીન કરીશ કે આપ ખુદાના રસુલ છો, અને આપની પયગમ્બરીની ગવાહી આપીશ, અને અગર એમ ન થશે તો જેવી રીતે મેં સાંભળ્યું છે તેવી રીતે આપને દીવાના જાણીશ, હઝરતે આ સાંભળીને પોતાનો હાથ મુબારક ઉચો કર્યો. અને તે ઝાડની તરફ ઇશારો કરીને ફરમાવ્યું અહીંયાં આવ, એકાએક તે ઝાડ હલ્યું અને જમીનને મોહટી નેહરની જેમ ચીરી નાંખી હઝરતની રૂબરૂ આવ્યું અને ત્યાં ઉભું રહી છટાદાર રીતે બોલ્યું યા રસુલલ્લાહ સ૦ હું આપ પાસે હાજર છું મને શું હુકમ થાય છે? ફરમાવ્યું મેં તને એટલા માટે બોલાવ્યું છે કે તુ ખુદાની વહદાનીયત અને તેની બાઅદ મ્હારી નબુવ્વત અને તે બાઅદ અલીનો ઇમામતની ગવાહી આપે. અને એ પણ ગવાહી આપે કે અલી મ્હારો મદદગાર અને મ્હારા બાઝુની કુવ્વત અને મ્હારા ફખર અને ઇજ્જતનું કારણ છે, અને અગર તે ન હોત તો ખુદાએતઆલા કોઇ ચીજને પયદા ન કરતે, તે વખતે ઝાડે મોહટા સાદે કહ્યું હું સાક્ષી આપું છુ કે ખુદા વાહેદ અને યકતા છે, અને તેનો કોઈ શરીક નથી. અને ગવાહી આપું છું કે અએ મોહમ્મદસ૦ આપ ખુદાના બંદા અને રસુલ છો તણે આપને રાસ્તી સાથે પયગમ્બર કીધા છે કે તાએ-

દારી કરનારાઓને બશારત (ખુશખબરી) આપો અને ગુન્હેગારોને બીહીવરાવો અને ખુદાના હુકમથી ખલાયકને તેની તરફ દઅવત અને હિદાયત કરો અને આપ હિદાયતના રસ્તાના ચીરાગ છો, અને સાક્ષી આપું છું કે હઝરતે અલી અ૦ આપના કાકાના દીકરા અને દીન માં આપના ભાઇ છે અને દીને હકમાં તેઓ નો હિસ્સો અને ઇસ્લામમાં તે સર્વે કરતાં તેઓનો ભાગ વધારે છે, તેઓ આપના એતેબારવાળા અને આપની કુવ્વત અ-ને ઇઝ્‌ઝતનું કારણ છે, અને તેઓ આપના દુશ્મનોને ફના કરનાર અને આપના દોસ્તોની મદદ કરનારા અને આપની ઇમ્મતમાં આપના ઇલમના દરવાજા છે, અને સાક્ષી આપું છુ કે તેઓના એ દોસ્ત જે તેઓના દુશ્મનોના દુશ્મન છે તેઓ સઘળા અહલે બેહિસ્તમાંથી છે, અને તેઓના દુશ્મન જે તેઓના દુશ્મનોના દોસ્ત છે તેઓ સઘળા અહલે જહન્નમમાંથી છે, ત્યાર પછી હઝરતે હારીસે કહ્યું યા રસુલલ્લાહ ખુદાની કસમ એમ નથી બલકે હું સાક્ષી આપું છું કે આપ પરવરદીગારે આલમના ર-સુલ અને સઘળી મખલુકાત કરતાં બેહતર છો, ત્યાર બાઅદ તેનું ઇસ્લામ ખાલીસ થયું.

મોઅજીઝો ૬૪ મો. છઠો મોઅજીઝો એ છે કે જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ખયબરની લડાઇથી મદી-નાની તરફ પાછા આવ્યા ત્યારે એક યહુદી સ્ત્રી જે જાહેરમાં ઇસ્લામ લાવી હતી તે આપની ખીદમતમાં હાજર થઇ, અને ઝેરવાળી બકરાના હાથની રાંગ હદીયો લાવી, હઝરતે પુછ્યું આ શું છે? અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ મ્હારા માબાપ આપ ઉપ-રથી ફીદા થાય, જ્યારે આપ ખયબરની લડાઇ માં તશરીફ લઈ જતા હતા ત્યારે હું આપના માટે ઘણી ગમગીન હતી કેમકે હું જાણતી હતી કે તે લોકો ઘણા કવી અને શુજાઅત છે, માટે બકરાંને ફરઝંદની જેમ પાળ્યું હતું, અને હું જાણતી હતી કે આપને ભુંજેલો ગોસ્ત ઘણો પસંદ છે અને વળી બીજાં તમામ અ-વયવો કરતાં તેનો હાથ વધારે પસંદ છે તેથી મેં મ્હારા ખુદા આગળ માનતા માની હતી કે અગર ખુદાએતઆલા આપને તેઓની દુષ્ટતા-થી રક્ષણમાં રાખે તો આ બકરાને ઝબાહ કરીશ અને તેનો હાથ આપના વાસ્તે લાવીશ હવે ખુદાએ તઆલા આપને તંદુરસ્ત અને સહીસલામત પાછા લાવ્યા તેથી મેં મ્હારી નઝર અદા કીધી અને તેના બન્ને કામ આપના માટે લાવી છું. તે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ બરાઅબીન મઅરૂર અને હઝરતે અલી ઇબ્ને અબીતાલીબ અ૦ની સાથે તશરીફ રાખતા હતા, હઝરતે ફરમાવ્યુ રોટલી લાવો, જ્યારે રોટલી લાવવામાં આવી ત્યારે બરાઅ બિન મઅરૂરે પોતાનો હાથ લંબાવી તેમાંથી લુકમો ઉપાડ્યો અને પોતાના મોંહમાં મુકયો હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફર-માવ્યું અએ મઅરૂરની પહેલા ન ખા, મઅરૂરે કહ્યું હઝરતે રસુલે ખુદા સ૦ ને બખીલ જાણો છો ? હઝરતે અમીર અ૦ ફ-રમાવ્યું હું તેઓને બખીલ જાણતો નથી, પણ હઝરતની તઅઝીમ અને તવકીરના સબબથી મને અથવા તને અથવા ખુદાની મખલુકાતમાં કોઇ પણ શખ્સને તે હઝરતના કૌલ ફૅલ અને ખાવા પીવા કરતાં પહેલ કરવી મુનાસીબ નથી. તો વળી બરાએ એજ જવાબ આપ્યો કે હું હઝરતે રસુલે ખુદા સ૦ ને બખીલ જા-ણતો નથી, હઝરતે અમીરૂલ અ૦ કહ્યું હું એટલા માટે કહું છું કે આ યહુદી ઓરત જે તેને લાવી છે અને અમો તેના હાલથી જાણીતા નથી, અગર તું હઝરતના હુકમથી આને ખા-ઇશ તો હઝરત ત્હારી સલામતીના જામીનથશે અને અગર તું તેઓની રજા વીના ખાઇશ તો તે ત્હારા કામ ત્હારા ઉપર મુકી દેશે.

હઝરત અમીર અ૦ આ પ્રમાણે ફરમાવતા હતા પણ બરાઅ ખાવામાં મશગુલ હતો, એટલામાં ખુદાએતઆલાએ તે બકરાના હાથને વાચા આપી અને તેણે છટાદાર રીતે કહ્યું યા રસુલલ્લાહ સ૦ આપ મને ખાતા નહીં કેમકે મ્હારામાં ઝેર મેળવ્યું છે. ત્યાર બાઅદ બરાઅનો પ્રાણ ખેંચાવો શરૂ થયો, અને જમીન ઉપર પડી ગયો અને મરણ પામ્યો. હઝરતે રસુલે ખુદા સ૦ તે ઔરતને બોલાવીને પુછયું કે તેં આ પ્રમાણે કેમ કર્યું? તે યહુદીયા ઔરતે કહ્યું આપે મ્હારા બાપ કાકા શવહર ભાઇ અને ફરઝંદને કત્લ કર્યા હતા તેથી મેં આ કામ કર્યું અને પોતાના દિલથી કહ્યું અગર આ શખ્સ બાદશાહ હશે તો આ યુક્તીથી તેને કતલ કરીને બદલો વાળીશ અને અગર પયગમ્બર છે તો મક્કા ઈત્યાદી ફતેહ કરવાનો જે વાયદો કર્યો છે તે જરૂર જાહેર થશે અને ખુદા તેનું રક્ષણ કરશે અને આ ઝહરથી હલાક નહીં થાય, હઝરતે ફરમાવ્યું તેં સાચું કહ્યું ખુદાએ મ્હારૂં રક્ષણ કર્યું અને બરાઅના હલાક થવાથી મગરૂર નથા કે ખુદાએતઆલાએ બરાઅની પરિક્ષા લીધી અને તેને તેના હાલ ઉપર મુકી દીધો કેમકે તેણે ખુદાના રસુલ ઉપર પહેલ કીધી, અને અગર ખુદાના રસુલના હુકમથી ખાતે તો ખુદા તેનું રક્ષણ કરતે અને તેને કાંઇ નુકશાન પહોંચતે નહીં. ત્યાર બાઅદ હઝરતે પોતાના અસહાબોમાંના દસ માણસોને કે જેઓ નેકકિરદાર હતા જેવાં કે સલમાન અબુઝર મિક્દાદ અમ્માર સહિબ અને બિલાલ તેઓને બોલાવ્યા અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ પણ હાજર હતા તેઓને ફરમાવ્યું કે આવો બેસો પછી પોતાનો હાથ મુબારકતે શું જેલા ગોશ્ત ઉપર મુકીને ફરમાવ્યું

“બિસમિલ્લા હિશ્શાફી બિસમિલ્લાહિલ્ કાફી બિસમિલ્લાહિલ્ મોઆફી બિસમિલ્લાહિલ્લઝી લાયઝુર્રરો મઅસ્મેહિ શયઉન ફીલ્ અર્ઝે વલા ફીસ્સમાએ વહોવસ્સમીઉલ્ અલીમ”

તે પછી ફરમાવ્યું ખુદાનું નામ લઇને ખાઓ, અને તેઓ સઘળાંઓએ ખાધું, અને ત્યાર બાઅદ પાણી પીધું પછી હુકમ આપ્યો કે તે યહુદી સ્ત્રીને કેદ રાખો, બીજે દીવસે પેલી યહુદી સ્ત્રીને બોલાવી ફરમાવ્યું કે તેં જોયું આ સરવે જણાઓએ ત્હારી સામે ત્હારૂં ઝેહર ખાધું અને ખુદાએતઆલાએ પોતાના પયગમ્બર અને તેના અસહાબથી તેનુ નુકશાન દુર કીધું તે ઔરતે કહ્યું યારસુલલ્લાહ સ૦ આજ સુધી હું આપની પયગમ્બરીમાં શક રાખતી હતી પણ હવે મને યકીન થયું કે આપ ખુદાના રસુલ છો ત્યાર બાઅદ તેણીએ ગવાહી આપી અને મુસલમાન થઇ અને તેનું ઈસ્લામ પણ હાસિલ થયું હઝરતે ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ફરમાવ્યું કે મને મ્હારાં વાલિદે બુઝુર્ગવારે પોતાના જદ્દે બુઝુર્ગવારથી ખબર આપી છે કે જ્યારે બરાઅબિન મઅરૂરનો જનાઝો લાવ્યા કે હઝરતે રસુલે ખુદા સ૦ તે ઉપર નમાઝ પડે, ત્યારે હઝરતે ફરમાવ્યું કે અલીઇબ્ને અબીતાલિબ અ૦ કયાં છે? લોકોએ અરઝ કીધી યા રસુલલ્લાહ સ૦ તેઓ કોઇ મુસલમાનની હાજત બર લાવવા માટે કુવાની તરફ ગયા છે તો હઝરત બેશી રહ્યા અને નમાઝ પડયા નહીં અસહાબોએ અરઝ કરી યા રસુલલ્લાહ સ૦ આપ શા માટે નમાઝ પડતા નથી? ફરમાવ્યું ખુદાએ મને હુકમ આપ્યો છે કે જ્યાં સુધી હઝરતે અલી અ૦

ન આવે અને જે કાંઇ તેણે મને કહયુ હતું તેથી મ્હારી રૂબરૂ તેને બરીઉજ્જિમા નહરાવે ત્યાં સુધી હું તે ઉપર નમાઝ ન પડું કેટલાંક હાજર રહેલાંઓ કહ્યું યારસુલલ્લાહ સ૦ તેણે તે કલેમાઓ હંસવા તરીકે કહયા હતા કાંઇ એઅતેકાદની રૂએ કહયા ન હતા કે ખુદા તેનો બદલો લીયે? હઝરતે ફરમાવ્યું અગર તે એઅતેકાદની રૂએ કહેતે તો હકતઆલા તેના સઘળાં અઅમાલ મટાડી નાંખતે અને અગર તે અર્શે અઅલાથી તે તહતુસ્સગના અતરના પ્રમાણમાં સોનું રૂપું સદકો કરને તો પણ તેને કાંઇ ફાયદો થને નહીં, પણ તેણે હંસવા તરીકે કહ્યું હતું અને હઝરતે અલી અ૦ તેને માફ કર્યું છે તો પણ આપણને મંજુર છે કે હઝરતે અલી અ૦ અહીંયા આવે અને તમારી રૂબરૂ તેની તકસીર માફ કરે અને તેના માટે મગફેરતની દોઆ માંગે કે તેથી તમારામાંનો કોઇ શખ્સ એમ ગુમાન ન કરે કે હઝરતે અલી અ૦ તેનાથી આઝુર્દા અને રંજીદા થયા નથી અને ખુદાની દરગાહમાં તેના દરજા અને તેની નજીકી વધારે થાય અને આખેરતમાં તેના દરજા બુલંદ થાય આ વાતચીતમાં હતા એટલામાં હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ત્યાં આવ્યાં અને તેના જનાઝાની રૂબરૂ ઉભા રહીને ફરમાવ્યુ અએ બરાઅ ખુદા ત્હારા ઉપર રહમત નાઝીલ કરે તહકીકકે તું ઘણા રોઝા રાખનો અને ઘણી નમાઝો પડનો હતો અને તું રાહે ખુદામાં મર્ણ પામ્યો, હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું અગર કોઇ મુરદુ રસુલે ખુદાની દોઆથી બેપરવા હને તો બરાઅ હઝરતે અલી અ૦ ના દોઆથી બેપરવા થાત, ત્યાર બાઅદ હઝરતે રસુલે ખુદા સ૦ ઉઠી તે ઉપર નમાઝ પડયા અને તેને દફન કર્યો, જ્યારે ત્યાંથી પાછા ફર્યા ત્યારે ફરમાવ્યું અએ બરાના વારિસો અને દોસ્તો તમો તઅઝીયત અને તહનીયતના વધારે લાયક છો કેમકે તમારા બઇઅલ માટે પહેલાં આસમાનથી સાતમા આસમાન સુધી પછી ત્યાંથી હિજાબો અને કુરસી અને અર્સની સાક સુધી ખયમાઓ ઉભા કરવામાં આવ્યાં અને તેની રૂહને તે ખયમાઓ અને તે સરાપરદાઓમાં લઇ ગયાં અને એવી રીતે એટલે સુધી કે બેહિસ્તમાં દાખલ કીધી તે વખતે બેહિસ્તના સઘળાં ખઝાનચી તેના ઇસ્તીકબાલ માટે આવ્યાં અને હુરાઓ ગુરફાઓમાંથી જોવા લાગીયું અને તેના ઉપર આશક થઈ કહેવા માંગીયો કે અએ બરાઅનો રૂહ ત્હારા ખુશા હાલ કે સરવે અંબીયાઓના સરદારો ત્હારા ઉપર નમાઝ પડવા માટે સરવે અવસીયાઓના સરદારની રાહ જોઇ એટલે સુધી કે તે બુઝુર્ગવારે આવીને ત્હારા ઉપર રહમ કર્યો અને ત્હારા માટે મગફેરત ચાહી તહકીકકે પરવરદિગારના અર્શ ઉચકનારાઓએ પરવરદિગાર તરફથી ખબર આપી છે કે ખુદાએ તને ફરમાવ્યું અએ મ્હારા બંદા તેં મ્હારી રાહમાં પોતાનો જીવ આપ્યો અગર ત્હારા ગુનાહ કાંકરા અને રજકણો વરસાદના ટીપાં ઝાડના પાંદ હયવાનોના વાળ તેઓની નજર તેઓના શ્વાસ અને તેઓના હાલવા ચાલવાના પ્રમાણમાં હોતે તો પણ અલબત્તાં તે સઘળાં ત્હારા માટે હઝરતે અલી અ૦ ની દોઆના કારણથી બક્ષી આપતે. પછી હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું અએ ખુદાના બંદાઓ તમો પોતા માટે હઝરતે અલી અ૦ ના દોઆ ચાહો અને તેઓની નફરીનથી ખાફ કરો કેમકે જે ઉપર તેઓ નફરીન કરે છે તે જરૂર હલાક થાય છે અગરચે તેની નેકીયો ખુદાની મખલુકાતના પ્રમાણ જેટલી હોય જે શખ્સ માટે હઝરતે અલી અ૦ દોઆ કરે હકતઆલા તેને નેકબખ્ત કરે છે અગરચે તેના ગુનાહ ખુદાની મખલુકાતના પ્રમાણ જેટલા હોય.

મોઅજીઝો ૬૫ મો.

સાતમો મોઅજીઝો એ છે કે એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ બેઠા હતા એટલામાં એક ગોવાળીયો ધરૂ-

જતો એક વરૂ આવ્યો; હઝરતે તેને દુરથી આવતો જોઇ પોતાના અસ્હાબોને ફરમાવ્યું કે આ શખ્સ જે આવે છે તેનો કીસ્સો વિચીત્ર છે જ્યારે તે ગોવાળીયો હઝરતની પાસે આવ્યો ત્યારે હઝરતે તેને ફરમાવ્યું ત્હારા હાલની અમોને ખબર આપ કે ત્હારા આ આફતું શું કારણ છે ? અરજ કરી યા રસુલલ્લાહ સ૦ મ્હારો હાલ અજબ તરાહનો છે, હું મ્હારા બકરાઓની દરમિયાન હતો એટલામાં એક વરૂએ તેઓ ઉપર હુમલો કર્યો અને એક બકરૂં ઉપાડી લીધું મેં ગોફણવડે તે વરૂને પત્થર મારી તે બકરાનું બચ્ચું તેની પાસેથી છીનવી લીધું તો તે વરૂ વળી બીજી તરફથી આવ્યું અને તેણે વળી એક બચ્ચુ ઉપાડી લીધું, તો મેં પણ વળી ગોફણમાંનો પત્થર મારી તે બકરૂં છીનવી લીધું એટલે સુધી કે તે વરૂ ચારે તરફથી આવ્યું અને મેં એવીજ રીતે કર્યું, પાંચમી વખત તે પોતાની માદાની સાથે આવ્યું અને એક બકરાના બચ્ચા ઉપર હુમલો કરવા ચાહ્યું તો મેં તેની તરફ પત્થર ફેંક્યો તેથી તે વરૂ પોતાની પુંછડી જમીન ઉપર ટેકી બેશી ગયું અને બોલ્યું કે શું તને શરમ આવતી નથી કે મ્હારી અને તે રોઝીની દરમિયાન આડો આવે છે ? શું મ્હારા ખાવા માટે કોઇ ખોરાકી હોવી જરૂર નથી ? મેં કહ્યું આ ઘણી નવાઇની વાત છે કે વાચા વિનાનુ વરૂ માણસની જેમ વાતો કરે છે !! વરૂએ કહ્યું તુ ચાહે છે કે હું તને એવી બાબતની ખબર આપું કે જે આ કરતાં પણ વધારે અચંબો પમાડનાર હોય ? ખબરદાર થા કે પરવરદિગારે આલમના રસુલ હઝરતે મોહમ્મદ સ૦ બે પહાડી મુલક વચ્ચે મદીનામાં લોકોને ભુતકાળ અને ભાવિષ્યકાળની ખબરો આપે છે જેમકે પહેલીયોને તેઓની રાસ્તી (સત્યતા)નું ઇલ્મ (જ્ઞાન) હાસીલ થયું છે અને તે જનાબના અવસાફ (ગુણ) ઇલાહી કીતાબોમાંવાંચી ચુક્યા છે કે તે જનાબ સઘળાં સાચુ બોલનારઓ કરતાં વધું સાચું બોલનારા છે અને સઘળાં ફાઝિલો કરતાં વધારે ફાઝિલ છે તોપણ તેઓને ખોટા પાડે છે અને ઈનકાર કરે છે અને હમણાં તેઓ મદીનામાં તશરીફ રાખે છે અને દરેક દરદની શફા તેઓ પાસે છે, હે ! ગોવાળીયા તું તેઓ ઉપર ઇમાન લાવ કે ખુદાના અઝાબથી નિર્ભય થાય અને મુસલમાન થઈ તેઓનો ફરમાંબરદાર બન કે ખુદાના દુઃખદાયક અઝાબથી ખુદાના રક્ષણમાં રહે, મેં તેને કહ્યું હું ત્હારા કલામ કરવાથી અચંબો પામુ છું અને મ્હારી બકરીયોથી તને દુર કરતાં શરમાઉં છું, તો તુ જે બકરાને ચાહતો હોય તેને ખાઈ જા હું તને મનાઇ કરતો નથી, તે વરૂએ કહ્યું અએ બંદએ ખુદા પોતાના પરવરદિગારનો શુકર કરકે તેણે તને એ ટોળામાં ઠરાવ્યો કે જે ખુદાની નીશાનીયોથી ઇબરત હાસિલ કરે છે અને ખુદાના હુકમના તાબેદાર રહે છે, અને ખરાબનાં ખરાબ અને દુષ્ટમાં દુષ્ટ એ શખ્સ છે કે જે હઝરતે મોહમ્મદ સ૦ ના ભાઇ હઝરતે અલી ઇબ્ને અબીતાલીબ અ૦ ના ખરાપણા વિશે મોહમ્મદ સ૦ની નીશાનીયોને અને તેઓની એ ફઝીલત છે કે જે મોહમ્મદ સ૦ ખુદા તરફથી બયાન ફરમાવે છે તેને અને તેઓના સંપુર્ણ ઇલ્મ અમલ પરહેઝગારી અને ઇબાદતને જુવે, અને તે તેઓની શુજાઅતને અને એ બાબતને જાણે કે તેઓ પોતાના ભાઇ મોહમ્મદ સ૦ ની એવી રીતે મદદ કરે છે કે તેવી રીતે કોઇએ કોઇની મદદ કીધી નથી અને તેઓના દોસ્તોની દોસ્તી અને દુશ્મનોથી બેઝારીનો હઝરત હુકમ આપે છે તેઓના વિરૂદ્ધ ચાલનારાનો કોઇ અમલ કબુલ નહી થાય એવું જણવા છતાં તેઓની વિરૂદ્ધતા કરે અને તેઓના હક્કનો ઇન્કાર કરે અને તેઓ ઉપર ઝુલમ અને સીતમને જાયઝ રાખે તેઓના દુશ્મનોથી દોસ્તી અને તેઓના દોસ્તોથી દુશ્મની કરે તે શખ્સ જેવો બાજો

કોઈ દુષ્ટ નથી. અને એ બાબત સરવે બાબતો કરતાં વધારે અચંબો પમાડનાર અને નવાઇની છે. ગોવાળીયો કહે છે મેં પુછ્યું હે ! વરૂ આ બાબત પણ થઈ શકે છે? વરૂએ કહ્યું હા એથી પણ વધારે બાબત થશે કે તે ઝમાનો ઘણો જલદીથી આવશે કે તેઓના બે ફરઝંદોને કતલ કરશે, અને તેઓની અહલેબૈતને કેદ કરશે, અને આવા ખરાબ અઅમાલ કરવા છતાં મલઉન લોકો દાવો કરશે કે અમો મુસલમાન છીયે, અને આ કરતાં વધારે અજબ પમાડનાર કોઇ ચીજ નથી અને તેથીજ હકતઆલાએ અમારી જાતને એટલે વરૂઓને મુકરરર કીધા છે કે જહન્નમની અગ્નીમાં તેઓને અઝાબ કરવો અને દુઃખ દેવું અમારી લજ્જત અને ખુશીનું કારણ થાય, પછી મેં કહ્યું અગર આ બકરીયોમાં કેટલીક બઇરીયો અમાનત હોત નહીં તો અલબત્તા હું તે સરવેને અહીંયાં મુકત અને હઝરતની પાસે જાત, વરૂએ કહ્યું અએ ખુદાના બંદા તું મોહમ્મદ સ૦ ની ખીદમતમાં જા અને ત્હારાં બકરાં મને સોંપી આપ કે હું તેઓને ચરાવીશ. મેં કહ્યું હું ત્હારી અમાનતદારી ઉપર કેવી રીતે ભરોસો કરી શકું ? વરૂએ કહ્યું અએ બંદએ ખુદા જે ખુદાએ તારી હીદાયત માટે મને વાચા આપી છે તેજ ત્હારા બકરાનું રક્ષણ કરવા માટે મને શકતીવાન અમાનતદાર બનાવશે. શું તું હઝરતે મોહમ્મદ સ૦ ઉપર ઇમાન લાવ્યો નથી અને તેઓ ખુદા તરફથી પોતાના ભાઇ અલીઅ૦ને અબીતાલીબ અ૦ની શાનમાં જે કાંઇ ફરમાવે છે તેનો તાબેદાર અને પયરવ બન્યો નથી ? તું જા હું ત્હારા બકરાઓની રખેવાળી કરૂં છું અને હકતઆલા અને મુકરરબીન ફિરિશ્તા મ્હારૂં રક્ષણ કરશે કેમકે જે હઝરતે અલી અ૦ ખુદાના વલી છે તેઓના એક દોસ્તની ખિદમત ઇખ્તીયાર કીધી છે, તો યા રસુલે ખુદા સ૦ હું તે વરૂને મ્હારા બકરા સોંપીને આપની ખિદમતમાં હાજર થયો છું, હઝરતે આ સાંભળીને પોતાના અસ્હાબો તરફ નજર કરી ત્યારે જોયું કે તેઓમાંના કેટલાંક સત્યતાની રૂએ ખુશ થયાછે અને કેટલાંકે શકની રૂએ ખાટા મોઢાં કર્યા છે અને મુનાફીકોએ માંહોમાંહે ધીમે ધીમે કહ્યું કે હઝરતે મોહમ્મદ સ૦ છાનામાના આ શખ્સ સાથે મળી કાચા ઇમાનવાળા અને અજ્ઞાનોને છેતરવા એવો હીલ્લો ઉભો કર્યો છે, હઝરત વહી થકી આ બાબત જાણીને હસ્યા અને આપે ફરમાવ્યું અગરચે તમોને આ ગોવાળીયાના કહેવામાં શક છે પણ મને તો તે સાચું બોલે છે તેનું પુરૂ યકીન છે અને એ શખસે પણ યકીન કર્યું કે જે આલમે અરવાહમાં ખુદાના અર્શના ઉત્તમ જગ્યામાં મ્હારી સાથે હતો અને બેહીસ્તની આબેહયાતની નેહરોમાં મ્હારી સાથે ફરશે અને નેક લોકોને બેહીશ્તમાં લઇ જવા માટે મ્હારો કાયમ મુકામ થશે તેનું નુર અસ્લાબે તય્યબા અને અરહામે તાહેરામાં મ્હારા નુરની સાથે હતું અને ફઝલના ઉંચા દરજાઓમાં તેજ મ્હારી સાથે સૈર કરે છે અને ઇલ્મ અને હિલ્મ (નમ્રતા) અને અકલનો જે ઉમદા પોશાક મને પહેરાવ્યો છે તે તેને પણ પહેરાવ્યો છે તે મારા નુરથી થયો છે અને દરેક નેકસીફાતો મારા જેવી ધરાવે છે એટલે હઝરતે અલી ઇબ્ને અબીતાલિબ કે કે જેઓ (સિદ્દીકે અકબર અને સાકીએ હવસર ફારૂકે અઅઝમ અને સૈયદે અકરમ છે તેઓની મોહબ્બત હલાલ ઝાદાની નીશાની છે, અને તેઓની દુશ્મની હરામઝાદાની નીશાની છે. અને તેઓની વિલાયત મોઅમિનોનો ઝખીરા છે, તે મ્હારા દીનને કાયમ કરનાર અને મ્હારા ઇલમનો અલમ અને લડાઇયોમાં દીલેર અને દુશ્મનો ઉપર શેર છે, ઇસ્લામ અને ઇમાનમાં તે સહુ કરતાં મુકદ્દમ અને ખુદાની ખુશનુદીમાં પહેલકરનારો છે,

પોતાની સંપુર્ણ હુજ્જતોથી ઝુલ્મ અને સિતમના રેશાને તેઓજ ઉખેડનારા અને અહલે બોહતાનના ઉઝરોને તેઓજ તોડનારા છે, ખુદાએ તઆંલાએ તેઓને મ્હારા માટે આંખ કાન અને હાથ ઠરાવેલ છે અને તેઓને મ્હારા યાવર અને મદદગાર મુકરરર કરેલ છે, જ્યારે તે મ્હારી સાથે મળતો છે ત્યારે હું બીજાની વિરૂદ્ધતા અને દુશ્મનાઇની કાંઇ પરવા રાખતો નથી, અને જ્યારે તે મ્હારો મદદગાર છે ત્યારે હું બીજાઓના જુઠલાવવાનો કાંઇ અદેશો રાખતો નથી, અને જ્યારે તે મ્હારી કુમક કરે છે ત્યારે હું બીજાઓના ફરી જવાનો કાંઇ ગમ રાખતો નથી; હક તઆંલા બેહિશ્તને તે અને તેના મોહીબ્બો થકી શોભા આપશે અને તેના દુશમનો થકી જહન્નમને ભરી દેશે, અને મ્હારી ઉમ્મતમાંથી કોઇને તેના મરતબાની મુચ્છા કરવી જાયઝ નથી, અને જ્યારે ગોવાળીયાએ ખબર આપી તે વખતે તેનું મન નુરેઇમાનથી રોશન થયું ત્યારે હવે બીજાઓના મોઢાં ચડાવવાથી મને પરવા નથી, અને જ્યારે તેની મોહબ્બત મ્હારા માટે ખાંલિસ છે ત્યારે મને લોકોએ ફરીજવાનો કાંઈ અંદેશો નથી. મેં જેના આ ગુણ બયાન કર્યા તે અંલી ઇબ્ને અબીતાલિબ અં૦ છે કે અગર તમામ જમીન અને આસમાનવાળા કાફર થઇ જશે તો હક તઆંલા અલબત્તા પોતાના દીનનો તે એકલા થકી મદદ કરશે, અને અગર તમામ મખલુકાંત ખુદાનો સાથે દુશ્મની કરશે તો તે એકલો મુકાબલામાં ઉભો રહીને ખુદાના દીનની મદદ કરવામાં અને શયતાનને બાતિલ કરવામાં પોતાની જાન નિસાર કરશે. અએ મુનાફિકો અને શક કરનારાઓ આવો આ ગોવાળીયાના ધણુની તરફ જઇયે અને બન્ને વરૂઓને જોઇયે કે તેથી આ ગોવાળીયાનું ખરાપણું જાહેર થાય. પછી મોહાજીર અને અનસારના ટોળાને સાથેલઇ તે ગોવાળીયાના ધણુની તરફ હઝરત તશરીફ લઇ ગયા. જ્યારે તે જગાએ પહોચ્યા ત્યારે જોયું કે તે બન્ને વરૂ તેના ધણુની આસપાસ ફરે છે અને રક્ષણ કરે છે. તે પછી હઝરતે પોતાના અસહાઓને ફરમાવ્યું તમો એ જાણવા ચાહોછો કે આ વરૂએ જે કલામ કર્યા તે ખાસ મારાજ માટે હતા અને તેથી મતલબ મારા શીવાય બીજો કાંઇ ન હતો. સરવે જણાઓએ અરઝ કીધી હા યા રસુલલ્લાહ સ૦, ફરમાવ્યું તમો સઘળાં મને ઘેરીલો કે તે બન્ને વરૂ મને જુવે નહીં. પછી તે ગોવાળીયાને હુકમ આપ્યો કે આ વરૂને પુછ કે આ ટોળું જે અહીંયા મવજુદ છે તેમાં એ મોહંમાદ સ૦ કયાં છે જેનો તેં ઝિકર કીધો છે? જયારે તેણે પુછ્યુ તો તે બન્ને વરૂ આવ્યા અને લોકોને હટાવીને તે ટોળામાં દાખલ થયાં અને હઝરત પાસે પહોંચીને કહ્યું "**અસ્સલામો અલયક**" **અએ પરવરદિગારના રસુલ અને સઘળી મખલુકાત કરતાં બેહતર.** પછી પોતાના મોંહ હઝરતની સામે માટી ઉપર મસળવા લાગ્યાં અને કહ્યું અમો લોકો આપની તરફ દાવત અને હીદાયત કરનાર છીએ, અને એમોએજ તે ગોવાળીયાને પોતાનો હાલ બયાન કરીને આપની ખીદમતમાં મોકલ્યો હતો; તે વખતે તે હઝરતે મુનાફીકો તરફ ધ્યાન આપ્યું અને ફરમાવ્યું હવે મુનાફિકો અને કાફરો માટે કાંઇ હીલો બાકી રહ્યો નથી. પછી હઝરતે ફરમાવ્યું ગોવાળીયાના કૌલની સત્યતા મ્હારા બારામાં તમારા ઉપર જાહેર થઈ ચુકી, તો હવે શું ચાહોછો કે તેની સત્યતા હઝરતે અંલીના બારામાં પણ જાહેર થાય? સરવે જણાઓએ અરજ કરી હા યા રસુલલ્લાહ સ૦ ફરમાવ્યું હવે હઝરતે અંલી અં૦ને ચારે તરફથી ઘેરીલ્યો, જયારે તે લોકોએ તેમ કર્યું ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ને તે વરૂઓને ફરમાવ્યું કે જેવી રીતે તમોએ મને બતાવ્યો તેવી રીતે હઝરતે અંલીને બતાવો કે જેથી આ લોકોને ખબર પડે કે તેઓની શાનમાં જે કાંઇ તમોએ કહ્યું છે તે ખરૂં છે. પછી તે બન્ને વરૂ આવ્યા અને લોકોને હઠાવતા હઠાવતા હઝરતે અમીરૂલ મોઅમેનીન

અં૦ સુધી પહોંચ્યા, જ્યારે તેઓની નજર હઝરતે અમીર અં૦ ઉપર પડી ત્યારે પોતાના મોંહ માટી ઉપર રાખી કહેવા લાગ્યા કે "અસ્સલામો અલયક અએ મર્બદને કરમ વસર્પા લમહલ્લે અંકીલ વઝોકા દાનાઇયે સોહેફેઉલા વસીયે મોહમ્મદે મુસ્તફા "અસ્સલામો અલયક" અએ ખુદાના પસંદીદાહ આપ એછો કે ખુદાએ આપના દોસ્તોને નેકબખ્ત અને આપના દુશ્મનોને શકી બદબખ્ત ઠરાવ્યા, અને આ.પને હઝરતે મોહમ્મદ સ૦ ની અવલાદના સૈયદ (સરદાર) બનાવ્યા "અસ્સલામોઅલયક" આપ એ છો કે જમીનવાળા આસમાનવાળાની જેમ આપને દોસ્ત રાખતે તો અલબત્તા તેઓ સઘળાં નેકકિરદાર અને બરગુઝીદાહ થઇ જાત, આપ એછો કે અગર કોઇ શખ્સ અર્શથી તે ઝમીનના અંધકાર સુધી જેટલો માલ ભરેલો હોય તેટલો અગર રાહે ખુદામાં વાપરે પણ પોતાના દીલમાં એક રજકણ જેટલો આપનો બુગ્ઝ રાખતો હોય તો તે અલબત્તા પરવરદિગારના અઝાબ અને ગઝબ વિના બીજું કાંઈ પામશે નહીં. તમામ અસ્હાબો આ હાલ જોઇને ઘણો અચંબો પામ્યા અને કહ્યું અમો જાણતા ન હતા કે હયવાનાત પણ આવી રીતે હઝરતે અલી અં૦ ના તાબેદાર અને મોહિબ છે !!! હઝરતે ફરમાવ્યું તમે લોકો તેઓ વિશે એક હયવાનની તાબેદારી જોઇને આટલો અચંબો પામ્યા? તો અગર તમો તેઓનો એ દરજ્જો કે જે દરિયા અને જંગલ અને જમીન અને આસમાના સઘળાં મલાયકા અને અર્શ અને કુરસીના ફિરીશ્તા પાસે છે તે તમો જુવો તો તમારો શો હાલ થાય? ખુદાની કસમ આસમાન ઉપર "સિદ્રતુલ મોન્તહા" પાસે હઝરતે અલીઅં૦ની તસવીર મેં જોઈ છે કે મલાએકા તેની ઝિયારતના હદથી વધારે મુસ્તાક હતા તેથી હકત અંલાએ આ સમાન ઉપર માત્ર તે તસવીર રાખી છે અને મે જોયું છે કે મલાયકા તે તસવીર આગળ આ બન્ને વરૂઓ કરતાં વધારે નમ્રતા અને આજીઝી કરતા હતા, અને તેની રૂબરૂ મલાયકા અને સઘળાં અકલમંદો કેમ નમ્રતા ન કરે એ છતાં કે હક તઆલાએ પોતાની પાક જાતની કસમ ખાધી છે કે કોઇ હઝરતે અલીઅં૦ની આગળ એક વાળ બરાબર નમ્રતા કરે તેના માટે બેહીસ્તમાં એક લાખ વરસના જેટલા દરજ્જા ઉંચા કરશે. તો આ નમ્રતાને તમોએ જોઇ છે તે તેઓની કદરની જલાલતના પ્રમાણમાં ઓછી છે.

* * * * * * આઠમો મોઅજીઝો એ છે કે
* મોઅજીઝો * તે હઝરત જ્યારે પહેલાં મ-
૬૬ મો. * દીનામાં તશરીફ લાવ્યા ત્યારે
* * * * * * ખુતબા અને વાએઝના વખતે મસજીદના એક થાંભલા ઉપર ટેકો દીધો અને તે થાંભલો ખુરમાના લાકડાનો હતો, ત્યારબાદ અસ્હાબોએ અરઝ કરી યા રસૂલલ્લાહ સ૦ હવે લોકો ઘણા થઇ ગયાં અને ચાહે છે કે ખુતબો પડતી વખતે આપને જુવે. અગર આપ રજા આપો તો અમો તમારા માટે કેટલાક પાયાનું એક મીમ્બર બનાવીયે, ખુતબો પડતી વખતે આપ તે ઉપર બેસો અને સરવે લોકો આપને જોઇ શકે હઝરતે રજા આપી અને એક મીમ્બર તૈયાર કર્યું. જ્યારે જુમ્માનો દીવસ આવ્યો ત્યારે તે જનાબ મસજીદમાં તશરીફ લાવ્યા અને તે થાંભલા પાસે જઈ મીમ્બર ઉપર તશરીફ લઇ ગયાં તો તે ખુરમાના લાકડાએ એ ઓરત કે જે પોતાના ફરઝંદના વિયોગમાં વિલાપ કરે તેની જેમ નવહો કરવો શરૂ કર્યો અને એ ઓરત કે જે પ્રસુતીની પિડાથી રડે છે તેની જેમ રડવા માંડ્યું; સરવે મસજીદમાં હાજર રહેલાઓ પણ તેના રડવા અને વિલાપ કરવાથી રડવા લાગ્યાં. તે વખતે એ હઝરત મીમ્બર ઉપરથી ઉતરીને મેહરબાનીથી ફએ તેને બગલમાં લીધું અને તેના ઉપર મુબારક હાથ ફેરવીને મ્હેરબાની અને કૃપાથી તે મન બળેલાંને શાંત કર્યું અને

ફરમાવ્યું કે ખુદાના રસુલે તમારા હક અને હુરમતને હલકી અને તુચ્છ જાણીને તમારાથી જુદાઇ પકડી નથી બલકે મંજુર એ હતું કે ખુદાના બંદાઓની મસલેહત પુરી થાય અને આ બાબતથી ત્હારી ફઝીલત અને જલાલત ઓછી થશે નહીં કેમકે તું એક મુદ્દત સુધી હઝરતે રસુલે ખુદા સ૦ ની મસનદ (ગાદી) અને તકીયાની જગ્યા તરીકે રહ્યું છે, હઝરતે આવો દીલાસો આપવાથી તેને શાંતી અને આરામ મળ્યો, પછી હઝરતે મિમ્બર તરફ મોંહ મુબારક ફેરવી ફરમાવ્યું અય્યો અહલે ઇસ્લામના ટોળાઓ આ લાકડાનો થાંભલો રસુલે ખુદા સ૦ ની જુદાઇથી વિલાપ કરે છે. અને તેની દુરીથી દીલગીર છે પણ સીતમ ગારોનું એક ટોળું એવું પણછે કે તેને રસુલે ખુદાસ૦ ની દુરી અને નજદીકની કાંઈ પરવા નથી. અગર હું લાકડાને બગલમાં ન લેતે અને તેના ઉપર હાથ ન ફેરવતે તો કયામત સુધી તેનું રડવું અને વિલાપ કરવું બંધ થતે નહીં, તહકીકકે ખુદાના કેટલાક બંદાઓ અને કેટલીક ખુદાની કનીઝો એવીયો છે કે જેઓ મોહમ્મદ અને અલી અ૦ ની જુદાઇમાં આ થાંભલાની જેમ રડે છે અને મોઅમીન માટે એજ બાબત બસ છે કે તેનું દીલ મોહમ્મદ અને અલી અને તેઓની પાક આલની મોહબ્બતમાં દ્રઢ રહે. શું તમોએ જોયું નહીં કે આ થાંભલાએ મ્હારી જુદાઇમાં કેવો વિલાપ કર્યો ? અને જ્યારે મેં તેને બગલમાં લીધો ત્યારે તે ચુપ થઇ ગયો. સરવે જણાઓએ અરજ કરી હા યા રસુલલ્લાહ સ૦ પછી આપે ફરમાવ્યું હું એ ખુદાના સોગન ખાઉ છું કે જેણે મને રાસ્તીની અને હકની સાથે ખલકત તરફ મોકલ્યો છે કે બેહિસ્તના ખઝાનચી હુરો ગીલમાન બેહીસ્તના બાગબગીચા મેહલો અને ઇમારતો ઇત્યાદીનું મોહમ્મદ અને આલે મોહમ્મદ અને તેઓના દુશ્મનોથી બેઝારી રાખનારાઓના શોકમાં રડવું અને વિલાપ કરવું આ થાંભલાના રડવા અને વિલાપ કરવાકરતાં વધારે છે, અને હઝરતે અલી અ૦ ના શીઆઓનું મોહમ્મદ અને આલે મોહમ્મદ સ૦ ઉપર સલવાત મોકલવું અને નમાઝે નાફેલા અદા કરવી અથવા સદકો આપવો રોઝા રાખવા તેઓના રડવા અને ફરિયાદને ચુપ કરે છે, અને જે ચીજ તેઓની શાંતતાનું વધારે કારણ થાય છે તે એ છે કે તેઓને એવી ખબર મળી કે હઝરતે અલી અ૦ ના શીઆઓ પોતાના બિરાદરે મોઅમેનની સાથે એહસાન અને નેકી અને મદદગારી કરે છે, જ્યારે આ ખબર તેઓને મહોંચે છે ત્યારે તેઓ માંહો માંહે કહે છે કે ઉતાવળ ન કરો તમારો માલિક તમારી તરફ આવવામાં એટલા માટે વાર કરે છે કે બેહિસ્તમાં તેના દરજાઓ પોતાના બીરાદરે મોઅમીનની સાથે નેકી કરવાથી વધારે થાય. અને મોઅમીનના જુદાઇના ગમમાં જે ચીજ સહુથી વધારે નુકશાનનું કારણ થાય છે તે એ છે કે હકતઆલા હુર ગીલમાન અને બેહીસ્તના ખઝાનચીયોને ખબર આપે આપે છે કે તમારા સાહેબ અને માલિક દુશ્મનો અને નાસબીયોના હાથમાં ફસાએલા છે અને તેઓને જે દુ:ખ આપે છે તેને સહન કરે છે અને તેઓની સાથે તકય્યાથી રહે છે અને તેઓની સખ્તીયો ઉપર સબર કરે છે; તેઓ સઘળાં તેના જવાબમાં અરઝ કરે છે કે જેવી રીતે તે લોકો જ્યારે તેઓના ઝુલ્મ અને સિતમને જુવે છે અને તેઓને જે દફે કરી શકતા નથી ત્યારે પોતાના ગુસ્સાને દાબી રાખે છે અને સબર કરે છે તેવી રીતે અમો અમારા બુઝુર્ગ અને પેશવાઓના હકમાં અણગમાની બાબતો સાંભળી સબર કરીયે છીએ. તે વખતે પરવરદિગારે આલમ તેઓને નિદા આપે છે કે અય્યો બેહીસ્તના રહેનારાઓ અને રહમતના

ખઝાનચીઓ તમારી તરફ તમારા શવહરો અને માલીકો અને દોસ્તોને લાવવામાં મેં જે ઢીલ કરી છે તે કાંઇ મ્હારી કંજુસાઇથી નથી બ લકે એ વાર કરવાનું કારણ એ છે કે તે લોકો પોતાના બીરાદરે મોઅમેનીનની સાથે એહસાન અને નેકી અને મઝલુમ અને બેકસોની ફરિ- યાદરસી અને દાદ રસી કરે, અને ફાસિકો અને કાફેરોના ખોફથી તકીયો કરી સખતીયો ઉપર સબર કરે કે તેથી મ્હારી રહમત અને કરામતમાં પોતાનો હીસ્સો સંપુર્ણ મેળવે, અને એવાં નેક અઅમાલના કારણથી મ્હારી મ્હોટી મ્હોટી કરામતોના હકદાર થાય અને તમોને બશારત અને ખુશખબરી થાય કે હું તેઓ- ને તમારી તરફ એવી હાલતમાં લાવીશ કે તેઓ સર્વથી ઉત્તમ હાલતમાં હશે. જ્યારે તે- ઓને આ નિદા પહોંચે છે ત્યારે તેઓની ગી- રયઓ ઝારી ઓછી થાય છે અને તેઓ સ- ઘળાં શાંતી પામે છે.

* * * * * * નવમો મોઅજીઝો એ
* **મોઅજીઝો** * છે કે હઝરતે રસુલે ખુદા સ૦
* **૬૭ મો.** * જ્યારે મદીનામાં દીન ઇસ્લામ
* * * * * * જાહેર ફરમાવ્યું ત્યારે અબ્દુ-

લ્લાહ બિન ઉબયે તે હઝરત ઉપર ઘણી અ- દેખાઇ કીધી અને તેણે એવી તદબીર સોચી કે પોતાના ઘરમાં એક કુવો ખોદી તેમાં ઝેહર પાએલી છરીયો અને નેઝાઓ ઉભા કરી તે કુવા ઉપર બીછાનું બીછાવી તે હઝરતને મીજમાનીના હીલાથી બોલાવે અને તેના ઉપર બેસારે અને તેથી તે કુવામાં પડી હલાક થાય, આખર તેણે એ પ્રમાણે કર્યું, અને તેણે ખુ- લ્લી તલવારોવાળા કેટલાક માણસોને એવા ઇરાદાથી પોતાના ઘરના ઓરડામાં સંતાડી રાખ્યા કે જ્યારે તે હઝરત કુવામાં પડી હલાક થાય ત્યારે તેઓ એકદમ ધસી આવી હઝ- રતે અલી બન્ને અબીતાલિબ અ૦ અને તે હઝરતના જે ખાસ અસ્હાબો હઝરતની સાથે હોય તેઓને કતલ કરી નાંખે. પછી ઝેર મેળ વી ખાણું પણ તૈયાર કર્યું કેમકે અગર તેનો તે પ્રપંચ પાર પડે નહીં તો આ ઝેરવાળું ખાણું ખાધાથી હલાક થાય, જ્યારે આ સઘળી તદબીરો તે કરી ચુકયો ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ની ખિદમતમાં હાજર થઇ હઝરતને પોતાના સઘળાં અસ્હાબો સહીત પધારવાનું આમંત્રણ આપ્યું; જીબરઇલ અ૦ નાઝીલ થઇ તેના તમામ પ્રપંચ હઝરત આગળ બયાન કર્યા અને કહ્યું હકતઆલાએ આપને હુકમ આપ્યો છે કે તે જ્યાં કહે ત્યાં બેસજો અને તે જે ખાણું લાવે તેને ખાજો કે તેથી તમારી આયાત અને મોઅજીઝાઓ જાહેર થાય, અને જે લોકોએ આપને કતલ કરવા માટે પ્રપંચો રચ્યો છે તેમાંના ઘણાં ખરાં હલાક થઈ જશે. પછી હઝરત તેમુનાફિકને ઘેર તશરીફ લઇ ગયા, અને તેણે જે કુવો ખોદયો હતો તેના ઉપર બેઠા અને અસ્હાબો પણ હઝરતની આ- સપાસ બેશી ગયા પણ ખુદાની કુદરતથી તે હઝરત તે કુવામાં પડયા નહીં, અબ્દુલ્લાબિન ઉબય આ હાલ જોઇને અચંબો પામ્યો અને જ્યારે કુવાની તરફ નજર કીધી તો જોયું કે તે કુવાનું મોંહ કુવાની જેમ સખત થઇ ગયું છે, પછી તે ઝેરવાળું ખાણું લાવ્યો અને હઝરતના અસ્હાબની સામે મુકયું. જ્યારે તે હઝરતે તે ખાણાની તરફ હાથ લંબાવવા ચાહ્યો ત્યારે અમીરૂલ મોઅમેનીન અ૦ને ફરમાવ્યું યાઅલી તે નફો પહોંચાડનાર તાવીઝને આ ખાણા ઉપર પડો, તો હઝરતે અમીર અ૦ આદોઆ પડયા.

“ બિસ્મલ્લાહિશ્શાફી બિસ્મિલ્લાહિલ કાફી બિસ્મિલ્લા હિલ મોઆફી બિસ્મિ લ્લાહિલ્લઝી લાયઝુરરેઃ મઅઇસ્મેહિ શયઉન વલા દાઉન ફીલઅરઝે વલા ફીસ્સમાએ વહોવસ્સ મીઉલ અંલીમ.”

ત્યાર બાઅદ હઝરતે રસુલે ખુદા સ૦ અને હઝરતે અલી અ૦ અને તેઓની સાથેના અસ્હાબોએ તે ખાણામાંથી એટલું ખાધું કે સૈર થઇ ગયાં અને ત્યાંથી ઉઠયા. અબદુલ્લાહ ઇબ્ને ઓબયે જ્યારે જોયું કે તે ખાણાથી આપને કાંઈ નુકશાન ન પહોંચ્યુ, ત્યારે તેણે મનમાં વિચારયું કે આ ખાણામાં ઝેર મેળવવું શાયદ ભુલી ગયા તેથી તેણે પોતાના ખાસ અસ્હાબોમાંથી કેટલાંકને તે બચેલુ ખાણું ખાવા માટે તે જગ્યાએ લાવીને બેસાર્યા, અને અબદુલ્લાહ ઇબ્ને ઓબયની એક દીકરી હતી તેણીની શાદીની દાવતમાં કેટલાંકને નોતર્યા હતા, અને આ સઘળી ઘાતકી ખટપટોમાં તેણીનો દખલ વધારે હતો, તેણીએ જ્યારે જોયુંકે તે કુવાનું મોંહ તો સખત જમીન જેવું થઇ ગયું તેથી ત્યાં આવીને બેઠી, તે વખતે તરત જ તે કુવાનું મોંહ ખુલ્લી ગયું, તે મક્કાર છોકરી તેમાં પડી આ કહેવત "**મનહફર બીરન લેઅખીહે**"* ને અનુસરી જહન્નમ વાસીલ થઇ. પછી તેના ઘરમાંથી રડવા કુટવાના અવાજ બુલંદ થયા, અબદુલ્લાહે પોતાની ઓરતને તાકીદ કરી કે છોકરી તે કુવામાં પડી મરી ગઈ તે જાહેર કરતી નહી, નહીં તો આપણે ફજેત થઇશું, ત્યાર બાઅદ તેના ખાસ અસ્હાબોએ તે ઝેરવાળું ખાણું ખાધું અને તેઓ સઘળાં મરી ગયાં, જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબય હઝરતની ખીદમતમાં હાજર થયો ત્યારે હઝરતે તેની છોકરી અને તે જમાઅત હલાક થવાનું કારણ પુછ્યું, તેણે અરઝ કીધી તે છોકરી કોઠા ઉપરથી પડીને મરીગઇ, અને તે જમાઅતે અતીશય ખાણું ખાધું તેથી અજીરણ થવાથી હલાક થયાં, હઝરતે ફરમાવ્યું ખુદા બેહતર જાણે છે કે શા કારણથી હલાક

* જે પોતાના ભાઈ માટે કુવો ખોદે તે પોતેજ તેનાં પડે

દસમો મોઅજીઝો ૬૮ મો.

* * * * * * દસમો મોઅજીઝો એ છે કે એક દીવસ હ૦ રસુલે ખુદા સ૦ મોહાજેર અને અનસારોના ટોળા સહીત બેઠા હતા, તો હઝરતે ફરમાવ્યું હું એવો હરીશો ચાહુ છું જેને મગ અને ઘીથી તૈયાર કર્યો હોય, હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું હું પણ એને ચાહુ છું જેને હઝરતે રસુલે ખુદા સ૦ ચાહે છે. પછી હઝરતે રસુલે ખુદા સ૦ હ૦ અબુબક્રને પુછયું તું શું ચાહે છે? તેઓએ કહ્યું અમો ભુંજેલાં બકરાના બચ્ચાના સીનાનો ગોસ્ત ચાહીએ છીએ. તે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કયો મોઅમીન ઝીયાફત કરે છે? અને હઝરતે રસુલે ખુદા સ૦ અને તેઓના અસ્હાબોની ઇચ્છાની ચીજો ખવરાવે છે? અબદુલ્લાહ બિન ઉબયે પોતાના મનમાં કહ્યું તે આજ બનવા જોગ છે કે હઝરતે મોહમ્મદ સ૦ અને તેઓના અસ્હાબના બારામાં મ્હારો મકર અને હીલો જાહેર કરી લોકોને તેઓથી બચાવું. આવો સોચ કરીને તેણે કહ્યું યા રસુલલ્લાહ સરવે જણાઓએ જે ઇચ્છા કરીછે તે મ્હારી પાસે મવજુદ છે હું આપની અસ્હાબો સહીત ઝયાફત કરીશ, આમ કહીને પોતાને ઘેર ગયો, અને હરીશો અને બકરૂ બીરયાન કરીને તેમાં ઘણું ઝેહર મેળવ્યું પછી હઝરતની ખીદમતમાં હાજર થઇને અરજ કીધી કે સરવે ચીજો તૈયાર છે હઝરતે ફરમાવ્યુ હું કોને કોને મ્હારી સાથે લાવું? કહ્યું હઝરતે અલી અ૦ અને સલમાન રઝી૦ અને અબુઝર રઝી૦ અને અમ્માર રઝી૦ ને, હઝરતે ફરમાવ્યું કે અબુબક્ર અને ઉમર અને ઉસ્માન અને તલહાને બોલાવું? તેણે કહ્યું નહીં, હઝરતે ફરમાવ્યું હું મોહાજર અને અનસારોના ટોળા વિના નહીં આવું અબદુલ્લાહે કહ્યું બહુ

ઘણું ઓછું છે અને પાંચ માણસોથી વધારેને પુર પડશે નહીં. હઝરતે ફરમાવ્યું હઝતઆલાએ હઝરતે ઇસા અ૦ માટે આસમાન ઉપરથી એક એવું ખ્વાન નાઝીલ ફરમાવ્યું જેમાં કેટલીક રોટલીયો અને કેટલીક માછલીયો હતી પણ તેમાં એટલી બરકત મુકી કે ચાર હઝાર અને સાતસો માણસોએ તેને ખાધું અને તૃપ્ત થયાં, અબ્દુલ્લાહે અરઝ કીધી આપ મુખ્તાર છો, હઝરતે નિદા આપી અએ મોહાજીર અને અનસારના ટોળાઓ અબ્દુલ્લાહ બિન ઓબેયની ઝિયાફતમાં ચાલો, તે વખતે તે હઝરતના અસહાબોમાંથી સાત હજાર અને આઠસો માણસો તે મુનાફીકના ઘર તરફ રવાના થયાં, તે જોઇ તે મુનાફીકે પોતાના અસહાબોને કહ્યું હું હયરાન છુ શું કરૂં ? હું હઝરતે મોહમ્મદ સ૦ અને તેઓના કેટલાક ખાસ અસ્હાબોને હલાક કરવા ચાહતો હતો પણ કાંઇ આ સરવે જણાઓને કતલ કરવા મંજુર ન હતા, ત્યારબાદ મુનાફિકોને હુકમ આપ્યો કે સરવે જણા હથીયાર બાંધો, કેમકે જ્યારે મુસલમાનોમાંના કેટલાક ઝેર ખવરાવવાથી હલાક થાય અને હઝરતે મોહમ્મદ સ૦ તેઓનો બદલો લેવાનો વિચાર કરે ત્યારે જંગ કરવામાં કામ આવે. જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ તેના ઘરમાં દાખલ થયા ત્યારે તેણે એક સાંકડા ઘર તરફ ઇશારો કરીને કહ્યું કે યા હઝરત આપ અને હઝરતે અલી અ૦ અને સલમાન રઝી૦ મીકદાદ રઝી૦ અને અમ્માર રઝી૦ની સાથે આ ઘરમાં તશરીફ રાખો અને બાકીના તમામ અસ્હાબો બીજા ઓરડાઓમાં અને ઘરના સેહનમાં અને ગલીયોમાં બેસે, જે ટોળું ખાણાથી ફારીગ થાય તે ચાલ્યું જાય અને તેની જગ્યાએ બીજું ટોળું બેસે. હઝરતે ફરમાવ્યું જે ખુદા થોડા ખાણાને વધારે કરી શકે છે તેજ ખુદા સાંકડા ઘરને પણ પહોળાઇ આપી શકે છે, ત્યાર બાદ હઝરતે સરવે જણને રજા આપી અને સરવે જણ તે ઘરમાં દાખલ થઇને ટોળાબંધ હઝરતની આસપાસ બેશી ગયા, અને તે ઘરમાં સરવે જણાનો સમાવેશ થઇ ગયો, અબદુલ્લાહ આ હાલ જોઇને ઘણો અચંબો પામ્યો. પછી હઝરતે ફરમાવ્યું અએ અબદુલ્લાહ તેં જે ખાણું તૈયાર કીધું છે તે ક્યાં છે? તેને લાવ. તેણે તે હરીરો અને ભુંજેલું તે બકરાનું બચ્ચું લાવીને કહ્યું યા રસુલલ્લાહ સ૦ પહેલાં આપ અને તેની બાઅદ હઝરતે અલી અ૦ ખાઓ પછી આપના ખાસ અસ્હાબો ખાય. હકતઆલાએ મ્હારી અને હઝરતે અલી અ૦ ની વચ્ચે કોઇ રીતની જુદાઇ રાખી નથી બલકે ખુદાએ મને અને તેઓને એક નુરથી પયદા કરીને અમારા નુરને અહલે આસમાન અને ઝમીન અને જિન્નો અને અહલે બેહીશ્ત ઉપર જાહેર ફરમાવ્યું, અને આ સરવેથી અમારા માટે અહદ અને પયમાન લીધું અમારા દોસ્તોના દોસ્ત અને દુશ્મનોના દુશ્મન રહે, મ્હારો અને અલીનો ઇરાદો હમેશા એકજ રહયો છે અને અલીએ જે ચીજની ખ્વાહીશ કીધી કે જેની મેં ખ્વાહીશ કીધી, જે ચીજ તેઓને ખુશ કરે છે તેજ ચીજ મને ખુશ કરે છે, અને જે ચીજ તેને ગમગીન કરે છે તેજ ચીજ મને ગમગીન કરે છે. અએ અબ્દુલ્લાહ અલી અ૦ મ્હારી સાથે ખાશે, અબ્દુલ્લાહે કહ્યું ઘણું સારૂં, અને પોતાના દીલમાં કહ્યું હઝરતે અલી અ૦ જેમ જલદી હલાક થાય તેમ મ્હારા માટે વધારે સારૂં છે કેમકે રખે તેઓ મોહમ્મદ સ૦ની બાઅદ તલવાર ખેંચીને અમારા ઉપર હુમલો કરે અને અમો તેઓના મુકાબલાની શકતી રાખી શકીયે નહીં.

ત્યાર બાઅદ હઝરતે રસુલે ખુદા સ૦ અને હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ તે ખાણું ખાધું એટલે સુધી કે તૃપ્ત થયાં. પછી હઝ-

રસે ફરમાવ્યું કે હવે આ ખાણાને ઘરના સે હનમાં મુકીદે કે સરવે લોકો આને ખાઇ જાય. અબ્દુલ્લાહે અરજ કીધી યા રસુલલ્લાહ સરવે જણાઓનો હાથ આ ખાણા સુધી કેવી રીતે પહોંચી શકશે? હઝરતે ફરમાવ્યું જે ખુદાએ ઘરને પહોળાઇ આપી છે તેજ ખુદા તેઓના હાથને લાંબા કરી શકે છે, અર્થાંત સરવે અસહાબોના હાથ તે ખાણા સુધી પહોંચ્યા અને સરવે જણાં ખાઇને તૃપ્ત થઇ ગયાં, અને ખાણામાં હાડકાં બાકી રહી ગયાં. ત્યાર બાઅદ હઝરતે રસુલે ખુદાસ૦ પોતાનો રૂમાલ રૂ કયો અને ફરમાવ્યું યા અલી આ હરીરો તેના ઉપર નાંખી દયો કે તેને પણ સઘળાં લોકો ખાય. જ્યારે તેને પણ ખાધું અને સેર થયા તે વખતે હઝરતને અરઝ કરી યા રસુલલ્લાહ અમોને દુધની ખ્વાહીશ છે કે આની બાઅદ પીઇયે, હઝરતે ફરમાવ્યું તમારો પયગમ્બર ખુદાની નજદીક હઝરતે ઇસા અ૦ કરતાં વધારે પ્યારો અને બુઝુર્ગ છે, જેવી રીતે ખુદાએ તઆલાએ હઝરતે ઇસા અ૦ માટે મુરદુ સજીવન કરયું તેવી રીતે તમારા પયગમ્બર માટે પણ કરશે, પછી હઝરતે પોતાનો રૂમાલ પેલાં હાડકાંઓ ઉપર ઓઢાડી દીધો અને ફરમાવ્યું ખુદાવંદા જેવી રીતે તેં આ હયવાનમાં બરકત અતા ફરમાવી અને અમો સરવેને આના ગોસ્તથી સેર કર્યા તેવી રીતે આમાં બરકત આપ અને એમ કરકે અમો આનું દુધ પીઇયે, પછી ખુદાની કુદરતથી તે હાડકાંઓ ઉપર ગોસ્ત ઉગી આપ્યો. પછી તે હયવાન હાલવા લાગ્યું અને ઉભું થઇ ગયું અને તેની છાતીમાંથી દુધ ટપકતું હતું. હઝરતે ફરમાવ્યું મશક અને વાસણ લાવો તો જેટલી મશકો અને વાસણ લાવતા હતા તે સઘળાં ભરે જતાં હતાં એટલે સુધી કે સરવે લોકો તેને પીઇને સયરાબ થઇ ગયાં, હઝરતે ફરમાવ્યું અગર મને મ્હારી ઉમ્મત ગુમરાહ થઇ જાય અને તેને પણ બની ઇસરાઇલના ગોસાલા (વાછડા)ની જેમ બંદગી લાયક સમજે એવો ખોફ ન હોત તો અલબત્તા હું આને જીવતું રહેવા દેત કે તે જમીન ઉપર ફરતે અને ઘાંસ ચરતે, પછી દોઆ કરી ખુદાવંદા પહેલાં જેવી રીતે હતું તેવી રીતે આને હાડકાં બનાવી દે. પછી હઝરત તે મુનાફીકના ઘરની બહાર નીકળ્યા, અને સઘળાં અસહાબો માંહો માંહે ઘર પહોળું થઈ જવાનો અને થોડું ખાણું પુશ્કળ થવાનો અને ઝેહરનું નુકશાન કોઇને ન પહોંચવાનો ઝિકર કરતા હતા હઝરતે ફરમાવ્યું આ હાલ જોવાથી મને એ કયફીયત યાદ આવી કે જે ખુદાવંદે આલમ જન્નતના બાગમાં અમારા શીઆઓના ઘરને પહોળાઇ અતા ફરમાવશે અને જન્નતે અદન અને જન્નતે ફિરદોસમાં તેઓની નેઅમતો વધારશે, તહકીકકે અમારા કેટલાક શીઆઓને હકતઆલા બેહિસ્તમાં એટલાં મકાન અને મેહલ અને દરજાઓ અને હુર અને ગિલમાન અતા ફરમાવશે કે તમામ દુન્યા અને તેની નેઅમતો તેના મુકાબલામાં રેતીના રણમાંના એક રેતીના દાણા સમાન હશે, અને ઘણીખરી વખત એમ બને છે કે કોઈ મોઅમીન માટે બેહિસ્તમાં મકાન મુકરરર થાય છે તેની બાઅદ તે મોમીન દુન્યામાં પોતાના ફકીર બીરાદરે મોઅમીનને જુવે છે અને તેની સાથે નમ્રતા કરે છે અને તેને પ્રિય અને બુઝુર્ગ રાખે છે અને તેની મદદ કરે છે કે કોઇની પાસે સવાલ કરવાથી તેની આબરૂ જાય નહીં, તો હકતઆલા તેના મકાનને બેહિસ્તમાં પહોળું અને બમણું કરે છે જેવી રીતે કે તમોએ જોયું કે આ ન્હાના ઘરને અને થોડા ખાણાને પહોળું અને બરકતવાળું કરયું, અને

તે મકાનના ખીદમતગારોને પણ તે મકાનના મોઅમિન માલીકના ઈમાન અને તેના નેક અઅમાલના પ્રમાણમાં લાખો હીસ્સા વધારી દીયે છે અને તે મરદે મોઅમીન પોતાના બીરાદરે ઈમ.ની સાથે જેટલો વધારે એહસાન કરે છે તેટલી તેના મકાનોની પહોળાઈને વધારે છે અને તેટલી તેની નેઅમતોમાં બહોળાઈ થતી જાય છે, તે ઝેરવાળા ખાણાને ખાવું અને તેનું નુકશાન ન પહોંચાડવું અને ખુદાની તરફથી તેમાં બરકતનું થવી, શીઆઓનું તકલા ઉપર સબર કરવું અને પોતાના ગઝબ અને ગુસ્સાને રોકવા જેવું છે, કેમકે તે ગુસ્સો અને ગઝબ જપ્ત કરવામાં તેઓના ગમ અને સખતીને ખુદાએતઆલા તેઓ માટે ઉકબાની રાહતો અને અસંખ્ય નેઅમતોનું કારણ ઠરાવે છે, અને ખુદાએતઆલા તેઓને ખીતાબ કરે છે જે દુઃખ અને સંકટો તમોને મુનાફિકોથી પહોંચ્યાં છે અને તમોએ તે ઉપર સબર કર્યો છે તે દુઃખ અને સંકટોના સબબથી આ રાહતો અને બક્ષતો અને આ નેઅમતો અતા કીધી, તો આ સઘળી ચીજો તમોને મુબારક થાવ.

* * * * * * અને હઝરતનો "શકકુલ
* મોઅજીઝો * કમર"નો મોઅજીઝો છે,
* ૯૮ મો. * અને શકકુલ કમરના બાબે
* * * * * * ચંદ્રના કટકા સાબીત છે

શકકુલ કમરના મોઅજીઝા બારે હકતઆલાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે "બીસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ, ઈક્તરબતીસ્સાઅતો વનશકકલ કમર વ ઈંય્યરવ આયતંય્યોઅરેઝૂ વયકૂલૂ સેહરૂન મુસ્તમર" એટલે કયામત નજદીક આવી અને ચાંદ બે ટુકડા થઈ ગયો; અને જે કાફરો આયત અને મોઅજીઝાને જોશે ... ચાંદ ... કહેછે ... તફસીરો ... રીવાયત કીધી છે કે આ આયત એ વખતે નાઝીલ થઈછે કે જ્યારે કુરેશીયોએ તે હઝરત પાસે મોઅજીઝો ચાહયો અને હઝરતે ચંદ્રની તરફ ઈશારો કર્યો અને તે ખુદાની કુદરતથી બે કટકા થઇ ગયો. અને મોઅતબર હદીસમાં હઝરતે ઈમામે જાઅફરે સાદીક અ૦ થી મનકુલ છે કે જે મુનાફિકો હઝરતે રસુલે ખુદા સ૦ને અકબામાં હલાક કરવા ચાહતા હતા તેઓમાંના ચઉદ માણસો ઝીલહજ્જ માસની ચૌદમી રાતે હઝરતની ખીદમતમાં આવ્યા અને અરજ કીધી દરેક પયગમ્બર માટે એક જાહેર દેખાતો મોઅજીઝો હતો તો અમો આજ રાત્રે આપથી એક મોહટો મોઅજીઝો ચાહીયે છીયે. હઝરતે ફરમાવ્યું જે મોઅજીઝા ચાહતા હોતે બયાન કરો, તેઓએ કહ્યું અગર ખુદાની પાસે આપનો મરતબો અને બુઝુર્ગી છે તો ચાંદને હુકમ આપો કે તે બે કટકા થઇ જાય, તે વખતે જીબરઈલ અ૦ નાઝીલ થયાં અને કહેવા લાગ્યા યા મોહમ્મદ સ૦ સલામ બાઅદ આપને ફરમાવે છે મેં તમામ ચીજોને હુકમ આપ્યો છે કે આપની ફરમાબરદાર અને આપના હુકમ આધિન રહે, હઝરતે રસુલે ખુદા સ૦ પોતાનું માથું મુબારક ઉંચુ કર્યું અને ચંદ્રને હુકમ આપ્યો કે બે કટકા થઈ જા ! તો તે બે કટકા થઇગયો, હઝરતે ખુદાનો શુકર અદા કરવા માટે સીજદો કર્યો, અને અમારા શીઆઓએ પણ સીજદો કર્યો. જયારે સીજદાથી માથું ઉંચું કર્યું ત્યારે તે મુનાફીકોએ કહ્યું યા મોહમ્મદ સ૦ હવે હુકમ આપો કે પાછો ચંદ્ર પોતાની પહેલી હાલત ઉપર આવી જાય, હઝરતે હુકમ આપ્યો અને તે પહેલાં જેવો થઇ ગયો, પછી કહ્યું હવે હુકમ આપો કે તેની એક બાજુ ફાટી જાય અને બીજી બાજુ પોતાની હાલત ઉપર બાકી રહે હઝરતે હુકમ આપ્યો તો તે એવીજ રીતે થઇ ગયો પછી હઝરતે સિજદો કર્યો અને અમારા શીઆઓએ પણ સીજદો કર્યો.

સુનારીકોએ કહ્યું અએ મોહમ્મદ સ૦ અમારા મુસાફરો જેઓ શામ અને યમનથી આવનારાં છે તેઓને અમો પુછીશું જે બાબત અમોએ સતરે જોઈ તે બાબત જો તેઓએ જોઇ હશે તો અમો યકીન કરીશું અને નહીં તો જાણીશું કે આપે જાદુ કર્યુ, તે વખતે હકતઆલાએ આ આયતો નાઝીલ કીધી. અને સુન્નીયોએ ચંદ્રના કટકા થવાની હદીસ ઘણાં ખરા અસહાબોથી રીવાયત કરી લખી છે જેવાં કે ઇબ્ને મસઉદ અનસ હોઝયફા અબ્દુલ્લાબીન ઉમર અબ્દુલ્લાહબીન અબ્બાસ અને જોબેરબીન મોતઅમ, અને તેઓ સઘળાંઓનું કહેવું એમ છે કે આ મોઅજીઝો મક્કામાં બન્યો, જુબયરે રીવાયત કીધી છે કે જ્યારે કુરેશીયોના મુસાફરો આવ્યા ત્યારે તેઓને પુછયું, તેઓએ કહયું કે અમોએ પણ તે રાતરે જોયું હતુ કે ચાંદ બે ટુકડા થયો અને પાછો તે મળી ગયો, ઇબ્ને મસઉદ કહે છે ખુદાની કસમ મેં મ્હારી પોતાની આંખે જોયું છે કે હરરાનો પહાડ ચંદ્રના બન્ને કટકા વચ્ચે હતો ઝોહાકે રીવાયત કીધી છે કે અબુજેહલે કહયું આ જાદુ છે, લોકોને ચારે તરફ બીજા શેહરોમાં મોકલી ખબર કઢાવવી જોઇએ, જ્યારે લોકો ગયા ત્યારે ત્યાંથી ખબર લાવ્યા કે તે રાતરે બીજા શેહરોમાં પણ લોકોએ એ પ્રમાણે જોયું, તે વખતે કાફરોએ કહયું કે આ એક જાદુ છે કે જે તમામ શહેરોમાં મશહુર થયું છે, અને બીજી રીવાયતમાં વારીદ થયું છે કે તે હઝરત એક રાતરે હુજરે ઇસમાઇલમાં તશરીફ રાખતા હતા અને કુરેશીયો પોતાની મજલીસમાં બેસતા અને કહેતા કે હઝરતે મોહમ્મદ સ૦ ના મઆમલાએ આપણને આજીઝ કરી દીધા છે, આપણે હયરાન છીએ તેઓ વીશે શું કહીએ? તો કેટલાંકોએ કહયું આસમાન ઉપર જાદુ અસર કરતુ નથી આવો આપણે તે હઝરતની પાસે જઇએ અને તેઓને કહીયે કે આપણને આકાશ ઉપર કોઇ મોઅજીઝો દેખાડે, પછી તેઓ સઘળાં ઉભા થયાં અને હઝરતની ખીદમતમાં આવી કહેવા લાગ્યા કે યા મોહમ્મદ સ૦ જે મોઅજીઝાઓ અને નીશાનીયો તમો દેખાડો છો તે અગર જાદુ નથી તો આસમાન ઉપર અમોને કોઇ મોઅજીઝો દેખાડો કેમકે અમો જાણીયે છીયે કે આસમાન ઉપર જાદુ અસર કરતુ નથી હઝરતે ફરમાવ્યું તમો જુવો છો કે આ ચઉદમી રાતનો ચંદ્ર છે અને તમોને મંજુર હોય તો તેમાં હું મ્હારો મોઅજીઝો દેખાડુ. સરવે જણાઓએ હા-કહ્યું, હઝરતે પોતાની આંગળી મુબારકથી ચંદ્રની તરફ ઇશારો કર્યો તેથી તે બે ટુકડા થઇ ગયો તેનો એક ટુકડો કઅબાની છત ઉપર અને બીજો ટુકડો અબુકોબેસ નામના પહાડ ઉપર પડયો કુરેશીયોએ કહયું તેને પાછો તેની જગ્યાએ ફેરવી દીયો, હઝરતે ઇશારો કર્યો તો તે બન્ને ટુકડા ઉડયા અને પવનમાં એક બીજાથી મળી જઈ પોતાની જગ્યાએ કાયમ થયાં જ્યારે તેઓએ આ મોઅજીઝો જોયો ત્યારે તેઓએ કહયું કે હવે અહીંયાથી ઉઠો કે મોહમ્મદ સ૦નુ જાદુ જમીન અને આસમાનમાં અસર કરનાર છે,અને બીજી રીવાયતમાં લખેલું છે કે ચંદ્ર એટલો વખત બે ટુકડા રહ્યો કે જેટલો વખત અસર અને મગરાબ વચ્ચે રહે છે, કાફરો તેને જોતા હતા અને કહેતા હતા કે આ હમેશાનુ જાદુ છે, મોઅતબર સનદના આધારે હઝરતે ઇમામે રઝા અ૦ થી મનકુલ છે કે મકકામાં હઝરતે રસુલે ખુદા સ૦ ના મોઅજીઝાથી ચંદ્ર બે ટુકડા થઇ ગયો તે વખતે હઝરતે ફરમાવ્યું તમો સઘળાં ગવાહ રહેો.

મોઅજીઝો ૭૦ મો.

હઝરતનો એ મોઅજીઝો પણ છે કે સુર્ય અસ્ત થઇને પાછો ફર્યો છે જેમકે શીઆ અને સુન્નીના આલીમોએ ઘણી સનદોના આધારે અસ્માઅ

બીન્તે ઓમયસ વી૰ થી રીવાયત કરી છે કે એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૰ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૰ ને કોઇ કામ માટે મોકલ્યા જ્યારે અસરની નમાઝનો વખત આવ્યો ત્યારે તે હઝરતે અસરની નમાઝ અદા કીધી ત્યાર બાઅદ હઝરતે અમીર અ૰ પાછા આવ્યા અને અસરની નમાઝ પડયા ન હતા, હઝરતે રસુલે ખુદા સ૰ પોતાનુ સર મુબારક હઝરતે અમીર અ૰ ના દામનમાં મુકી સુઇ રહ્યા અને હઝરત ઉપર વહી નાઝીલ થઇ તેથી તે હઝરતે પોતાનુ માથુ મુબારક કપડામાં લઇ લીધું અને વહી સાંભળવામાં મશગુલ થયાં એટલે સુધી કે નજીક હતું કે સુર્ય અસ્ત થઇ જાય, જ્યારે વહી તમામ થઇ ગઇ ત્યારે હઝરતે પુછયું યા અલી તમે અસરની નમાઝ પડી ચુકયા છો ? અરઝ કરી યા રસુલલ્લાહ સ૰ નહીં, કેમકે હું આપના માથા મુબારકને મ્હારા દામનથી હટાવી શકયો નહીં, હઝરતે ફરમાવ્યુ ખુદાવંદા આ વખતે અલી ત્હારો અને ત્હારા રસુલની તાઅતમાં મશગુલ હતો તો તેના માટે સુર્યને ફેરવી દે, અસ્માઅ કહે છે ખુદાની કસમ મે મ્હારી પોતાની આંખે જોયું છે કે સુર્ય પાછો ફરી આવ્યો એટલે સુધી કે જમીન ઉપર તડકો પ્રસરી ગયો અને અસરની ફઝીલતનો વખત આવ્યો, હઝરતે અમીર અ૰ તે વખતે અસરની નમાઝ અદા કરી અને પછી સુર્ય અસ્ત થઇ ગયો આ વીશે ઘણી હદીસો વારીદ થઇ છે અને ઇનશાઅલ્લાહ તઆલા હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૰ ના મોઅજીઝાઓના બાબોમાં બયાન થશે.

મોઅજીઝો ૭૧ મો.

અને બીજી રીવાયતમાં મનકુલ છે કે જ્યારે હઝરતે રસુલે ખુદા સ૰ મેઅરાજનો કીસ્સો બયાન કર્યો અને ફરમાવ્યું કે મેં કુરેશના કાફેલાઓને ફલાણી જગ્યાએ જોયો છે પુછયું તે કાફેલો કયે દીવસે અહીંયા દાખલ થશે ? ફરમાવ્યું બુધવારે, જ્યારે બુધવાર આવ્યો ત્યારે કુરેશીયો ઇન્તેઝાર કરતા હતા કે અગર કાફેલો ન આવે તો હઝરતનુ જુઠ જાહેર કરીયે, પછી તે દીવસ પુરો થવા આવ્યો અને કાફેલો ન આવ્યો, તે વખતે હઝરતે દોઆ કીધી તો હકતઆલાએ સુર્યને એક કલાક સુધી રોકી રાખ્યો એટલે સુધી કે તે કાફેલો આવ્યો અને હઝરતની રાસ્તી સરવે જણ ઉપર જાહેર થઇ ત્યાર બાઅદ સુર્ય અસ્ત થઇ ગયો.

મોઅજીઝો ૭૨ મો.

એ પણ મોઅજીઝો છે કે સીતારાઓનું તુટવું અને શયતાનો તરફ શહાબે સાકીબ ફેંકવા તે હઝરતે રસુલે ખુદા સ૰ની પયગમ્બરીની નીશાની અને શયતાનોને આસમાન ઉપર જવાથી રોકવામાં આવ્યા,

મોઅજીઝો ૭૩ મો.

હઝરતે રસુલે ખુદા સ૰ માટે આસમાન ઉપરથી માએદાહ અને મેવા અને ખાણા નાઝીલ થયાં જેમકે મોઅતબર સનદના આધારે ઉમ્મે સલેમાથી નકલ છે કે એક દીવસ હઝરતે ફાતેમા અ૰ હઝરતે રસુલે ખુદા સ૰ની પાસે આવ્યા અને તેઓની ગોદમાં હઝરતે ઇમામે હસન અને હઝરતે ઇમામે હુસયન અ૰ હતાં અને તેઓ પોતાની સાથે હરીરો લાવ્યા હતા જ્યારે ઘરમાં દાખલ થયાં ત્યારે હઝરતે ફરમાવ્યું પોતાના કાકાના દીકરાને પણ મ્હારી પાસે બોલાવો, જ્યારે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૰ હાજર થયાં ત્યારે હઝરતે રસુલે ખુદા સ૰ હઝરતે ઇમામે હસન અ૰ ને જમણી બાજુએ અને હઝરતે ઇમામે હુસયન અ૰ ને ડાબી બાજુએ અને જનાબે અલી અને જનાબે ફાતેમા અ૰ ને પોતાની રૂબરૂ અને પાછળ બેસાર્યા અને ખુ-

પયગંબરની અબા તેઓ ઉપર ઓઢાડી અને વખત ફરમાવ્યું કે ખુદાવંદા આ મ્હારી અહલેબયત છે. શક અને ગુનાહને આ લોકોથી દુર કર અને તેઓને પાક કર કે જે પાક કરવાનો હક છે, અને હું દરવાજાના ચોખટા પાસે ઉભી હતી તે વખતે મેં કહ્યું શું હું આ લોકોમાંથી નથી ? ફરમાવ્યું તારો અંજામ ખેર અને નેકીથી છે, પણ તુ આ લોકોમાંથી નથી, પછી જીબરઇલ અ૦ નાઝીલ થયા અને બેહીસ્તના અંગુર અને અનારનો એક તબક લાવ્યા, જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ તે અંગુર અને અનારને હાથમાં લીધાં ત્યારે તે બન્નેએ ખુદાની તસબીહ કીધી, તે હઝરતે તેને ખાધું પછી ઇમામે હસન અ૦ અને ઈમામે હુસયન અ૦ ના હાથમાં અનાર અને અંગુર આપ્યાં, તો તેઓના હાથમાં તે બન્નેએ સુબ્હાનલ્લાહ કહ્યું અને તે શાહઝાદાઓએ પણ તેને ખાધું, પછી હઝરતે અલી અ૦ ના હાથમાં આપ્યાં તો તે બન્નેએ તેઓના હાથમાં પણ તસબીહ કહી અને તેઓએ પણ ખાધું, ત્યાર બાદ હઝરતના અસહાબથી કોઈ શખસ ત્યાં દાખલ થયો અને તે અનાર અને અંગુર ખાવા ચાહ્યું, જીબરઇલે કહ્યું આ મેવાઓને પયગમ્બર અથવા પયગમ્બરના વસી અથવા પયગમ્બરના ફરઝંદ માટેજ છે.


* * * * * * અનસથી રીવાયત કરે
* મોઅજીઝો * છે કે હઝરતે રસુલે ખુદા
* ૭૪ મો. * સ૦ એક શખસને કોઇ
* * * * * * સરકશ કબીલા તરફ ખુદાની વહદાનીયતની હીદાયત અને દઅવત કરવા માટે મોકલ્યો, જ્યારે તે શખસે જઇને હઝરતની રીસાલત તે શખસ પાસે બયાન કીધી, તે સરકસે કહ્યું તું અને ખુદા તરફ બોલાવે છે તે શું સોનાનો છે ? કે ચાંદીનો છે? કે લોખંડનો છે ? પછી તે શખસ પાછો આવ્યો અને તેણે જે કહ્યું હતું તે હઝરત આગળ બયાન કર્યું, તો હઝરતે વળી તે શખસને બીજી વાર તેની પાસે મોકલ્યો તો તેણે જઇને ઈસ્લામ તરફ દઅવત કીધી પણ તે સરકશે ઇન્કાર કર્યો, તો તે હઝરતના કાસીદથી વાતચીત કરી રહ્યો હતો એટલામાં એક વાદળ જાહેર થયું અને તેમાંથી વીજળી પડી જેણે તેનુ માથુ જુદુ કરી નાંખ્યું, તે વખતે ખુદાએતઆલાએ એક આ આયત નાઝીલ ફરમાવી તેનો ખુલાસો એકે જે શખસ ખુદા વીશે ઝગડે છે તેને ચાહે તેને ખુદા અઝાબ કરે છે વી૦

* * * * * * હઝરતે ઇમામે હસને
* મોઅજીઝો * અસકરી અ૦ ની તફ-
* ૭૫ મો. * સીરમાં મઝકુર છે કે
* * * * * * એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ અબુજેહલ લઇનને કહ્યું હકતઆલા ત્હારાથી એટલા માટે અઝાબને દુર કરે છે કેમકે ત્હારી પીઠમાં એક છોકરો છે તે મુસલમાન થશે અને તેનુ નામ 'અકરમા' છે, અને મુસલમાનોમાં તેને હુકુમત હાસીલ થશે, અગર તે તે હુકુમતમાં ખુદાની તાબેદારી કરશે તો નજાત પામશે, અને એવી રીતે તમામ કુરેશીયોની કયફીયત છે કે તેઓમાંના કેટલાંકને ખુદા એટલા માટે મોહલત આપે છે કે તેઓના મુસલમાન હોવાનુ ઇલ્મ તેને હાસીલ છે અને કેટલાંકને એટલા માટે મોહલત આપે છે કે તેઓની નસલથી અહલેઈસ્લામ થનારા છે, ત્યાર બાદ હઝરતે ફરમાવ્યું આસમાન તરફ નજર કરો, જ્યારે નજર કરી ત્યારે જોયું કે આસમાનના દરવાજા ખુલી ગયા, પછી એક અગ્ની નાઝીલ થઈ અને તે તેઓના માથા ઉપર ઉભી રહી અને એટલે સુધી કે તેઓની નજદીક પહોંચી કે તેની ગરમી તેઓના ખભાઓમાં અસર કરતી હતી

અને ખોફથી સરવે જણના શરીર ધ્રુજી રહ્યા હતાં, હઝરતે ફરમાવ્યું તમો બીહો નહીં આ આગ તમોને આ વખતે બાળશે નહીં, બલકે ખુદાએતઆલાએ તમારા માટે આ એક શીખામણ ઠરાવી છે, ત્યાર બાઅદ જોયું કે તેઓની પીઠથી એક એક નુર પયદા થયું અને તેણે તે આગને આસમાન સુધી ફેલાવી દીધી હઝરતે ફરમાવ્યું આ નુરમાં કેટલાંક નુર એ ટોળાના છે કે જેઓને હકતઆલા જાણે છે કે તેઓ મુસલમાન થશે અને કેટલાંક નુર તેઓના ફરઝંદોના છે કે જેઓને ખુદા જાણે છે કે આ લોકોથી પયદા થશે અને દીન-ઇસ્લામ કબુલ કરશે.

"નાજી" અરજ કરે છે કે આગળના ઝમાનામાં લોકો અવા અવા મોઅજીઝા જોતા હતા તો પણ સરવે જણ ઇમાન લાવતા ન હતા બલકે મોઅજીઝાને જાદુ કહેતા હતા, પણ અફસોસછે આ ઝમાનાની હાલત ઉપર કે કેટલાંક ભોળા ઢોંગી ધુતારાઓના ફંદામાં આવી જાય છે, તો જ્યાં સુધી સંપુરણ ખાત્રી ન થાય ત્યાં સુધી દરેક ઉપર ભરોંસો કરવો નહી હાલ પંજાબમાં એક શખસ છે જે "કાદયાની" કરીને મશહુર છે તે કહે છે (મઆઝ અલ્લાહ) હું પયગમ્બરછું એટલુજ નહીં પણ આખર ઝમાનાના ઇમામ પણ પોતેજછે એમ કહે છે, અને તેના હજારો મુરીદ થયા છે, એ છતાં કે અહલે ઈસલામ શીઆહ અને સુન્નીના આલીમો તેની બરાબર રદ લખે છે અને એ બારામાં ઘણી કીતાબો પણ છપાઇ ગઇ છે, તે શોઅબદા વી૦ બતાવી મોઅજીઝો કહે છે, પણ તેના મુરીદો એટલુ નથી સમજતા કે મોઅજીઝા અને શોઅબદામાં શો ફરક છે, એક નાની એવી વાત છે કે તેઓને એટલુજ કહે કે સાહેબ અમારી હથેળીમાં એક વાળ ઉગાડી આપો તો જો એ વાળ ઉગાડી આપે તો પણ ઠીક, પણ એટલી બાબત પણ કરવાની શકતી નથી અને એવો મોટો દાવો કરે છે, અને આ ઝમાનામાં એવા શોઅબદા તો ઘણા છે તેને સરવે કોઇ જાણે છે, તેમજ નજરબંધના ખેલ પણ ઘણા છે કે ઠીકરાના રૂપીયા બતાવે છે, લાકડીનો સાંપ બતાવે છે તો એવી એવી ચીજો જોઇને ભોળવાઇ જવું તે અકકલમંદીનુ કામ નથી, આગળના લોકો જુવો કે પયગમ્બરે ખુદાને કહ્યું કે પહાડ બોલે અને આપની પયગમબરીની ગવાહી આપે તો અમો ઇમાન લાવીએ, તો હઝરતે પહાડને હુકમ કર્યો તેણે હઝરતને સલામ કરી અને હઝરતની પયગમબરીની ગવાહી આપી, તો એ લોક કહેવા લાગ્યા કે તમોએ પહાડની અંદર કોઇને બેસારેલ હશે માટે ઇમાન નહીં લાવીએ હઝરતે ફરમાવ્યું અગર તમો એ બહાનુ કરો છો તો લ્યો આ કાંકરા તમારા કાન પાસે રાખો તો એ લોકોએ કાંકરામાંથી આવાજ સાંભળ્યો કે કાંકરાએ પણ હઝરતની પયગમબરીની ગવાહી આપી, તો પણ એ લોકો ઇમાન લાવ્યા નહીં, તો આ ઝમાનામાં તો એવા મોઅજીઝા કોઇ પણ બતાવી શકતુ નથી છતાં જેવી તેવી બાબતોમાં ભોળવાઇ જવું તે ઘણી મોટી ભુલ છે.

ઇમાન ખરાબ થયું તો આકેબત ખરાબ થવાની તે કોઇ રીતે પસાર નહીં થાય તે તો હમેશા કાયમ અને દાયમ જહન્નમની આગમાં બળવાનું છે માટે હે મેહરબાનો ઈમાનને સાંચવો અને બહુજ વીચારી તપાસીને ઇમાન ઇખ્તીયાર કરવું કે કાલે પસતાવું પડે નહીં.



ઈસ્લામી કીતાબો વી૦ નું ટુંક લીસ્ટ.

૧ કુરઆને શરીફની ઉમદા તફસીર અસલ અરબી ખુશનુમાં આયતો તેની પાછળ તેજ આયતો ગુજરાતી લીપીમાં મોટા હરફમાં તથા તરજુમો તે પછી તફસીર નોટ વી૦ થી ભરપુર મોટા ૨૬૦૦ પેજમાં કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયા તેના દસ દસ સીપારાના ૩ ભાગ છે. પાકા પુંઠે સાથે પોસ્ટેજ રજીસ્ટર સુધ્ધાં દરેક ભાગના રૂ ૧૦)= ત્રણે ભાગના રૂ ૩૦= આફ્રીકા વી૦ માટે પાંચ રૂપી૧ કર્યા છે પોસ્ટેજના તથ બે પુંઠાના રૂ. ૪ા વધારે રૂ. ૩૪ાા= હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ. ૩૧ાા=

૨ અમ્માનો પારો—જેની અંદર ૩૭ સુરા છે, પહેલે અરબી ખુશનુમા હરફોમાં આયતો અને તેની પાછળ તેજ આયતો ગુજરાતી મોહટા શોભીતા ટાઇપમાં તેની નીચે ગુજરાતીમાં તરજુમો અને તે પછી તેની તફસીર છ હદીયો રૂ ૧ાા પોસ્ટેજ ૦)ા આફ્રીકાના ૦ા=

૩ ૯૯ કલમે **શહાદત** જેમાં ઉરદુ શીરીન ભાષા ગુજરાતી મોટા હરફમા ૪૦ મજલીસો છે પાકા પુંઠાની મોટા કદની છે. કીંમત રૂ ૧ાા પોસ્ટેજ ૦)= આફ્રીકાનાં ઉંચા કાગળ વાળીનો રૂ ૧) વધારે.

૪ રાહેનજાત માસીક ચોપાન્યુ ઉમદા ઉમદા દીન ઈસ્લામની બાબતો હીકાયતો હદીસો કીસ્સા વી૦ થી ભરપુર ૩૨ પેજમાં નીકળે છે જેનું ૧૩ મું વરસ ચાલે છે વરસ ૧ ના અગાઉથી રૂ ૨)

૫ ગુરેઇમાન બે માસીક ચોપાન્યું ઇમામે હુસયન અ૦ ની મુસીબતની ગીયાયતો મરસીયા તથા સલામ વી૦ તથા મોઅજીઝા ફઝાએલ વી૦ ૩૨ પેજમાં ૧૧ મું વરસ ચાલે છે, વરસે રૂ ૧) આફ્રીકા ૧)ા રાહેનજાત નલીએ તેનો રૂ૦ા વધારે

૬ બહરેગમ જેમાં જુદા જુદા શાએરોએ બનાવેલા ૧૭ મરસીયા ચુટીને મોટા હરફમાં છાપ્યા છે ૬૮ કીતાબ છે કીંમત ચાર આના પોસ્ટેજ ૦ા **૭ રાહેનજાત ૪ થી કીતાબ રૂ૧)**

૮ રાહેનજાત ૫ મી કીતાબ રૂ૧) **૯** રાહેનજાત ૭ મી કીતાબ રૂ૧)

૧૦ અહવાલુન્નીસા ખાસ ઓરતોના અહવાલમાં કીસ્સા હીકાયતો મસાએલ વી૦ ની પોસ્ટેજ સુધાં રૂ ૧ા= આફ્રીકા વી૦ નો રૂ ૧ાા

૧૧ દુરરેએબહા પંજેતને પાક નવ ઇમામ મળી ૧૪ માઅસુમ અ૦ ના અહવાલની પોસ્ટેજ સુધાં રૂ ૧ા= આફ્રીકા વી૦ રૂ ૧ાા

૧૨ અખઝતુલ **મસાએલ** જેમાં ખુદાની વહદાનીયત, સાબેતી અદાલત, ઇમામત, નબુવ્વત, ઇલમ વઝુ, ગુસલ નમાઝ, રોઝા હજ ઝકાત, ખુમસ, તથા મય્યતને લગતી કફન, દફન, ગુસલ જનાઝા વી૦ વી૦ ની બાબતો ઉંચા કાગળ વાળીનો રૂ ૧) હલકા કાગળ વાળીનો રૂ૦ાા પોસ્ટેજ ૦)ા આફ્રીકાના રૂ૦ા કાચા પુંઠાવાળી રૂ૦ાા=

૧૩ બે મરસીયાની બયાઝ કીંમત એક આનો પોસ્ટેજ અરધો આનો.

૧૪ ઝાદુલઆખેરત ૧૦ મજલીસની રૂ૦ાા= આફ્રીકાના રૂ ૦ાા

૧૫ માબાપના હકના કીતાબ રૂ૦ા

૧૬ સઝાએઝુલમ મુખ્તાર વી૦ ખુનનો બદલો લીધાનો અહવાલ રૂ૦ા

૧૭ નહરેગમ ૭૫ નવહા ૧૦ સલામ પાંચ મુનાજાત દોરદ વી૦ વી૦ રૂ ૦ાાા આફ્રીકાનો રૂ ૦ા—

૧૮ બીલોહર અને યુઝાસુફનો રસીક કીસ્સો રૂ ૦ા

૧૯ મફાતીહુલ જીનાન મસાએલની ઉરદુ હરફ અને ઉરદુ ભાષામાં ૦ાાા આફ્રીકા વી૦ ના રૂ૦ા=

૨૦ તમીમઅનસારીનો રસીક કીસ્સો રૂ૦ા

૨૧ તવરેતના ૪૦ સુરાનો તરજુમો ૦) પોસ્ટેજ ૦)ા

૨૨ જવનકે માત ૩૬ નવહાની ૦)॥

૨૩ મેઅરાજનામા મેઅરાજનો અહવાલ ૦)॥

૨૪ અહકામુલ મવારીસ વારસા રોશે ૨૦ પો. ના આ. ૦)॥

૨૫ નેઅમત ગોશ્ત ખાવા શીકાર કરવા હલાલ કરવા વીગેરે ૦)=

૨૬ તઅવીઝો અઅઝમ બલા અને આફતોથી બચવાનું તાબીઝ, જેમાં સાત સુરા ગકા વીગેરેના નકશાછે ૦)ના ગમે તેટલાં લીધે પો. ..

૨૭ રૂબાઇયાત ૨૦૦ ૦)- પો.૦)॥

૨૮ ઊમદા મોઅજીઝો ૦)- પો ૦)॥

૨૯ ચઉદમાઅસુમ અ ના નામનું કાડ ૦)॥ ગમે તેટલાં ...

૩૦ ૬૦ અલી અ૦ નુ બાજુબંધ ૦)। ... ના ક ...)॥

૩૧ ખયબરની લડાઇ ૦)- પોસ્ટેજ ગમે તેટલી લીધે ૦)॥

૩૨ ઇસ્લામી તારીખચુ તરોખો સર્વે ખુદાના ઇલમ પણ જેવ. થાય રાખે ત્યાંથી શેતાન ભાગે અને બરકત થાય કીમત ૨૦।

૩૩ વઝીફો જેની અંદર જાત જાતની બીમારી, બલા, આફતોના જુલમ દુર થવા, માલ દોલત મળવા કરજ અદા થવા, હાજતો પુરી થવાની દોઆ નમાઝ અમલ ખુદાના ૨૫ ઇસમની ખાસીયત વીગેરે અને કેટલીક આયતો અને સુન પોસ્ટેજ સુધાં)॥ આફ્રીકાને ૨૦।

૩૪ તોહફતુસ્સાએમીન, માહે રમઝાનના રાઝાની ફઝીલત અ-અમાલ ઝીયારત દોઆઓ, જવશને કબીર ગુજરાતી ત. તરજુમ સાથે, હીકાયતો નર્સ હતો મસ... વી૦ વી૦ ૩૦ ... ૬૭૭ પેજની ૨૨) પોસ્ટેજ ૦)॥ આફ્રીકાના ... પાંચ ... રંગી સાદી ચામડાની પુંઠાની બહુજ ભારે કાગળવાળીના ૨૩) વધારે.

૩૫—મરકી દુર થવાની મુનાજાત કીંમત એક પૈસો.

૩૬—શાદીનામા ૦)= પો. ૦)॥

નવી કીતાબ "મહરે મુનીર" [illegible]

હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા [illegible] કેટલીક મુદતથી રહેનજાતમાં થોડા થોડા આપતા હતા, [illegible] જુદી ૮૪ ... જારી "મહરે મુનીર" નામ રાખ્યું [illegible] ૬૪ પેજ છે ... જેવુ છે, તેમાં [illegible] કીંમત જુજ ફક્ત પોસ્ટેજ સુધાં સાડા પાંચ આના [illegible]

પાણીના મુલમાં—વારસાની કીતાબ

હાલ વારસાની કીતાબ તફસીલથી છપાવ [illegible] છાપી છે, કોઈ ગુજરી જાય તેના માલમીલકતની [illegible] કરવી, અને કોણ કોણ વારીસ થઇ શકે છે, અને [illegible] વી૦ ખુલાસાવાર બાબતો લખી "અહકામુલ [illegible]" રાખ્યું છે, અને તેની થોડી કીંમત આઠ આના [illegible] તૈયાર થયા પછી કીતાબ મફતની જેમ આપવા [illegible] ચાર આના લેવા મુકરરર કર્યા છે અને તેથી [illegible] નહીં પણ એક બંદે ખુદાએ તેમાં રૂ૨૦૦ [illegible] તેટલા ... ... લેવા પોસ્ટેજ પેકીંગ [illegible] ત્રણ આના તા૦ ક૦ મેહફીલ મદરેસા વી૦ [illegible] પોસ્ટેજ લઇને મફત આપવામાં આવશે.